વૈશ્ય મિત્ર" ની પ્રથમ ભેટ.

ગુણવંતી

અથવા

ગામડાનું ગુલાબ.

પ્રકાશક

મગનલાલ વનમાળીદાસ.

"સ્વદેશ મિત્ર" ના ગ્રાહકોને ભેટ.

ગુણવંતી

અથવા

ગામડાનું ગુલાબ.

લેખક—નગીનદાસ મ છારામ

પ્રકાશક

મગનલાલ વનમાળીદાસ

તે

"સ્વદેશ મિત્ર" અને "દેશી મિત્ર" પ્રેસના માલીક.

આ પુસ્તક સુરત મધ્યે લીમડાચોકમા આવેલા દેશી મિત્ર પ્રેસમા નાથુભાઇ દેવચંદે છાપ્યું.

સંવત ૧૯૮૧ ઇ. સ. ૧૯૨૫.

કીંમત ૦–૧૨–૦

અલ્પ સ્વલ્પ.

આ નાજુક વાર્તાનુ પુસ્તક વાચકવૃંદની સેવામાં રજુ કરતાં મને અત્યાનંદ ઉપજે છે આ પુસ્તકમા ખાસ કરીને નીતિ માર્ગ ચિતરવા પ્રત્યે લક્ષ રાખ્યુ છે વળી શહેરી સ્રીઓ ફેશનની ફીસીઆરીમા ફસી પડી, ગૃહસંસારમાં સડો કરનારી નીવડે છે અને તે સડો પ્રવેશવાથી તન, મન ધનની કેટલી ખાનાખરાબી થાય છે, તે પણ આ પુસ્તકમા તાત્પર્ય રૂપે સીધ્ધ કરી બતાવ્યુ છે તેની સાથેજ ગામડાની સાદી પણ સન્નારી પોતાનો ગૃહસંસાર કેવી રીતે સુધારી શકે છે તેની આબેહુબ આરસી આ પુસ્તકમા રજુ કરી છે અગરજો તમામ શહેરોની, તમામ સ્રીઓ ગૃહસંસારમા સડો કરે છે એમ કંઇ નથી શહેરી સ્રીઓ પણ કેટલીક સન્નારી તરીકેની શોભા સાચવી શકે છે, પરંતુ જે શહેરી સ્રીઓ ફેશનના ફાંકામા ફૂળી ફૂલી જાય છે, તેણીઓજ પોતાના પતિનુ ગૃહ દીપાવવાને કમનસીબ નીવડે છે, એ તો સ્પષ્ટજ છે.


ગામડાની બાળાઓ પ્રારંભથીજ પોતાના માતાપિતાને ત્યા સાદાઇમા ઉછરવાની સાથે તેણીઓને ઘરના કામકાજમાં પણ કેળવવામા આવતી હોવાથી તેણીઓ જેમ તંદુરસ્ત રહે છે, તેમજ પોતાના પતિને ત્યા ગયા પછી ત્યા પણ ઘરનું કામકાજ કરવામા આળસ રાખતી નથી, અને પોતાનુ ઘર સાચવવામાં તેણીઓ ખાસ ખંતીલી પણ રહે છે. સારાંશ

એજ કે હાલની ફેશનનો ચડસ ચલાવનારી 'શહેરી સ્ત્રીઓ સાથે લગ્ન કરવા કરતાં ગામડાની સાદી અને મહેનતુ સ્ત્રીઓ સાથે લગ્ન કરવા એજ વિશેષ યોગ્ય છે

આજ સુધીમાં આ લેખક તરફથી સંખ્યાબંધ વાર્તાઓ વિગેરેના નાના મોટા પુસ્તકો લખી પ્રગટ કરવામા આવ્યા છે અને તમામ પુસ્તકોને ગુજરાતી વાચનના શોખીનો તરફથી સંતોષકારક ઉત્તેજન પણ મળ્યુ છે તેને માટે તે સર્વ ઉત્તેજન આપનારાઓનો આ લેખક અત્યંત આભારી છે અને આશા રાખે છે કે આ લઘુ પુસ્તકને પણ યોગ્ય ઉત્તેજન મળશે. વિશેષમા આ પુસ્તકમા જે પણ ભુલચૂક રહી ગઈ હશે તેને માટે માનવંત વાચનારાઓ લેખકને ક્ષમા કરશે. એજ વિજ્ઞપ્તિ.

લી॰ સેવક,

લેખક.



વૈદ્ય જીવનરામ માણેકરામ ઓઝા.

સમર્પણ.

સદા સ્નેહી શ્રીયુત્ વૈદ્ય,

રા. રા. જીવનરામ માણેકરામ ઓઝા.

આ પુસ્તક છપાઇને તૈયાર થતાંજ એ અર્પણ કરવા માટે મેં કેટલોક સમય સુધી તો મારા કોઇપણ સુજ્ઞ સ્નેહીનું સંશોધન કર્યું, પરંતુ એમ કરતાંજ મારા હૃદયે મને સુચવ્યુ કે જે યોગ્ય સ્નેહીનુ સશોધન તુ કરે છે તે તો નિત્ય તારી દૃષ્ટિ આગળજ દર્શન દે છે. આ સુચનાથી મારા એક સ્નેહી અને શુભેચ્છક તરીકે આપને આ પુસ્તક હુ સવિનય અર્પણ કરૂં છુ.

આપની સાથે મારો સ્નેહ સંબધ, દીન પ્રતિદીન વિશેષ અને વિશેષ વૃદ્ધિ પામતો જાય છે અને આપની સાથેનો પરિચય પણ

અધિક અને અધિક થતો જાય છે. આ સમાગમ શ્રીહરિ સદાને માટે સાચવેલો રાખે એટલીજ મારા અંતઃકરણની અભિલાષા છે.

એક દેશી વૈદ્ય તરીકે આપે સૂર્યપુરમાં એટલુંજ નહિ, પરંતુ મુંબઇ જેવા મહાન નગરમાં પણ પ્રતિષ્ઠા સંપાદન કરી છે, અને એક સાધારણ સ્થીતીપરથી વધીને વૈદક જ્ઞાન સંપાદન કરવાની સાથેજ તે વિશાળ વિદ્યામાં આપ વિજયી નીવડયા છો. અને આપની આવી યોગ્યતાના સ્મરણાર્થે પણ આ પુસ્તક આપને સમર્પણ કરતા મને અત્યાનંદ પ્રાપ્ત થાય છે.

ટુંકમાં આપને એટલીજ વિનંતિ કરૂં છું કે જેવા સ્નેહ સહિત આ પુસ્તક હું આપને અર્પણ કરૂં છું તેવાજ સ્નેહ સહિત આપ પણ આ મારી અર્પણ પત્રિકા અંગીકાર કરી આપના અન્યોન્યના સ્નેહસંબંધમાં વૃદ્ધિ કરવા કૃપા કરશો.

સૂર્યપુર
શ્રી નૃસિંહ જયતી
સં ૧૯૮૧

આપનો સ્નેહાધીન સેવક
મગનલાલ વનમાળીદાસ
પ્રકાશક

ગુણવંતી

અથવા

ગામડાનું ગુલાબ.

ગુલાબ ૧લું.

દોહરો.

ગુલાબ ગામડીયણ છતા, જ્ઞાતાને ગુણવાન,
ચતુર ચચળ યુવતી, બુધ્ધિમા બળવાન

વિવાહના વનેખાં !

સાયકાળનો સમય છે. પક્ષીઓ કલોલ કરતા સહજ શાંતિ પામી વૃક્ષોની ડાળીઓ ઉપર વિરામ પામતા બેઠા છે. ખેડુતો બળદોની ખાંધ ઉપર ખાલી હળ ગોઠવી પોતપોતાના ખેતરોમાથી પાછા ફરે છે. તમામ ગૃહોમા દીપકની તૈયારીઓ કરતી વિધવિધ નારીઓ રૂની દીવેટો વણવા બેઠી છે, અને સૂર્ય નારાયણ તદ્દન અસ્ત થયા પછી છેક સાયકાળ થતાંજ ઘેર ઘેર દીપક પ્રગટાવવાની પ્રવૃત્તિ પ્રસરી રહી છે. ગુણવતીની માતા મહાલક્ષ્મી પણ પોતાના મકાનમા દીવો પ્રગટાવે છે. આ પ્રમાણે ગામડાનો સાયકાળ શોભી રહ્યો છે, અને સાયકાળ

થયા પછી ગામડાંના નીવાસીઓ પોતપોતાને ઓટલે નીત્ય નીયમ પ્રમાણે ભગવત ભજન કરતા સ્વગામને ગજવી રહ્યાં છે, તેમજ ઘેરઘેરની ગૃહિણીઓ સાયકાળના ભોજનની સામગ્રીઓ કરવામાં મચી રહી છે

વાહલા વાંચનાર, આ ગામનું નામ તો હવે ગુપ્ત રાખી શકાય તેમ નથી. સુરતની પાસે આવેલુ કલ્પદ્રુપ ગણદેવી ગાયકવાડી ગામ ગુર્જર પ્રજામાં કંઈ અજાણ્યુ નથી. ગુજરાતની રસાળ ભુમીપર આ ગામ વસેલુ છે, અને તે ગમે તેટલુ એક નાનુ ગામડુ છતા તે ભુમીની ભવ્યતા અતિ સ્તુત્ય ગણાય છે. આ ગામમાજ આ વાર્તાની નાયકા ગુણવતી અને તેણીના માતાપિતા ૧ એક સાધારણ મકાનમા નિવાશે છે

ગુણવતીના પિતાનુ નામ ધર્મદાસ છે, અને તેણીની માતાનુ નામ મહાલક્ષ્મી છે. તેઓને સતતિમા માત્ર એક ગુણવતીજ છે આ ગુણવતીની વય આશરે પદર વર્ષની થઈ છે, અને તેણી જેમ ઘરના કામકાજમા પુરતી પ્રવિણ છે, તેમજ ભરવા સીવવાના હુન્નરમા પણ ઘણી કુશળ છે વળી ગુજરાતીનો વિદ્યાભ્યાસ પણ તેણીએ તેણીના ગજા પ્રમાણે સારો કર્યો છે

સાયકાળ વીત્યા બાદ ગુણવંતીએ રસોઈ તૈયાર કીધા પછી પોતાના માતાપીતાને ભોજન કરવા બોલાવતાજ તેઓ બને ભોજન કરવાને બેઠા અને ગુણવંતી પણ તેઓની સાથેજ ભોજન કરવા બેઠી.

"વાહ આજે દુધીના મુઠીયા બહુ સારા બન્યા છે." ધર્મદાસે ભોજન કરતા જણાવ્યું "આપણી છોકરી રાધવાના કામમાં તો ઘણી કુશળ છે. જ્યારે છોકરી રાધે છે, ત્યારે મારૂં પેટ પુષ્કળ તૃપ્ત થઈ જાય છે."

"છોકરી બધીએ બાબતમાં કુશળ છે, પણ બિચારી નસીબની બળીયણ છે" મહાલક્ષ્મીએ નિશ્વાસ નાંખતા જણાવ્યુ "એ બિચારીને યોગ્ય કોઈપણ ઘર મળતુ નથી એજ એના કમનશીબની કથા છે"

"જમતા જમતા એવી વાત કરવાની જરૂર નથી" ધર્મદાસે તે વાત અટકાવતા કહ્યુ. "એ વિષેનો વિચાર આપણે પછી કરીશુ."

આ ઉપરથી મહાલક્ષ્મીએ પણ તે વાત લબાવવાનુ પડતુ મુકયુ અને ભોજન કીધા પછી તેમજ કામકાજમાથી પરવાર્યા પછી ગુણવતી પોતાના હમેશના નીયમ પ્રમાણે પોતાને બીછાને જઇને સુતી ધર્મદાસ અને મહાલક્ષ્મીને ઘણુ ખરૂ છેક મોડી રાત્રીયે સુવાની ટેવ પડેલી હોવાથી તેઓ બને કઈકઈ વાતોના ગપાટા હાકતા બેઠા.

"ત્યારે હવે શો વિચાર કીધો" ગુણવતી હવે ભર ઉંઘમા પડી હશે એમ ધારીને મહાલક્ષ્મીએ પોતાના પતિ પ્રત્યે પુછયુ "છોકરી મોટી થઈ છે અને એને હવે કુવારી રાખવી એ કંઈ ડહાપણ ભરેલુ ગણાય નહી અત્યારથીજ લોકોમા આપણી સામે તરેહવાર ચર્ચા ચાલી રહી છે, માટે ગમે તેમ કરીને પણ હવે છોકરીને ઠેકાણે તો પાડી દેવીજ જોઇએ."

"હું પણ રાતને દહાડો એજ વિચારમાં મુઝાયલો રહું છુ" ધર્મદાસે શોકમય વદને જણાવ્યુ "અને યોગ્ય ઘર અને વર તો ઘણાએ છે, પણ કોઇક ઠેકાણે એનુ ચોકઠુ બેસતુંજ નથી. બીચારી છોકરી સર્વ પ્રકારે સદગુણી, ભણેલી, ગણેલી, બુદ્ધિશાળી, ચતુર અને મેહેનતું છે. પણ પ્રભુએ એના સદગુણો જેવું એનુ શરીર બનાવ્યુ નથી, તેથી એ બિચારી અત્યાર સુધી કુવારી રહી છે. આપણી છોકરી તદ્દન શ્યામ રંગની છે તથી તેણીને લેવાને કોઇ મરજી બતાવતુ નથી. આજે તો જેને તે રૂપ જુએ છે, પણ ગુણ જોવાની દરકાર કોઇ કરતુ નથી રૂપને રડે અને કર્મને કુટે એવો રાહ જયાને ત્યા પ્રસરી રહ્યો છે જ્યા જ્યા હુ તજવીજ કરવા જાઉં છુ ત્યા ત્યા ખોટા વાધાઓ બતાવી આપણી છોકરીને લેવાનો નન્નોજ વાસે છુ તેમા વળી આપણે ગામડાંના નીવાસી હોવાથી 'ગામડાની ગમાર કન્યા કોણ લે' એવો વક્ર વિચાર ધરાવનારા પણ આપણી ન્યાતમા ઘણા છે" 'ગામડાના તો જાણે ગમારજ અને શહેરનાજ ચતુર' એવી અવળી સમજ ચાલી રહી છે ત્યા કરવુ પણ શુ?"

" તજવીજ તો ઘણીએ કરૂ છુ પણ કોઇપણ ઠેકાણે ટીકડી લાગતી નથી તેથી લાચાર થઇને બેઠો છુ સુરતમાં આપણી જ્ઞાતિની વસ્તી તો ઘણી સારી છે, પણ ત્યાના લોકોના મગજમાં એક જાતનો એવોજ ફાટો ભરાઇ ગયો છે કે "કન્યા લેવી તો સુરત કે મુબઈનીજ લેવી. પણ ગામડાંની લેવી નહીં" એમ છતા જો આપણી છોકરી ઉત્તમ સ્વરૂપવાન હોત તો આટલી બધી મુશ્કેલી નડત નહી"

" એ તો પરમેશ્વરે જેને જેવું રૂપ આપ્યુ હોય તે ખરૂં " મહાલક્ષ્મીએ મંદસ્વરે જણાવ્યુ " રૂપ બક્ષવાનું તો શ્રીહરીના હાથમાં છે. "

" પણ શહેરના મુર્ખાઓ એવી સમજણ ધરાવતા નથી એટલે તેમને સમજાવવા પણ કેવી રીતે ? " ધર્મદાસે અન્ય માર્ગ બતાવતા પુછયુ કે " જો તારી સલાહ હોય તો રોટી વ્હેવારવાળી પરજ્ઞાતીમા છોકરી આપવાને માટે તજવીજ કરૂ '

" નારે ના એમ તો કદી થાયજ નહી " મહાલક્ષ્મીએ મજબુત વાધો બતાવતા કહ્યુ કે "જો આપણે આપણી છોકરીને પરજ્ઞાતિમાં આપીએ તો આપણી જ્ઞાતીમાંથી આપણે ઉખડી જઈએ અને મહા મુશ્કેલીમા આવી પડીએ બધું પરવડે પણ જ્ઞાતીથી છુટા રહેવાનુ તો નહી પરવડે "

" એ તો હુ પણ કબુલ કરૂં છુ " ધર્મદાસે સહેજ વિલંબ કરીને કહ્યુ " વારૂ વળી એક ઘર સુરતમાં મારા લક્ષમા છે ત્યા હુ તજવીજ કરી જોઈશ. ત્યા એક માણેકલાલ નામનો આપણી જ્ઞાતીનો એક ગૃહસ્થ છે અને તેનો છોકરો સપાટીદાસ નામનો છે તે છોકરો આશરે વીશેક વર્ષનો છે અને તે હજી સુધી કુંવારોજ છે, કેમકે માણેકલાલનુ નામ સુરતની આપણી જ્ઞાતીમાં એક કજીઆખોર તરીકે ગણાયલું હોવાથી તેનો છોકરો હજી સુધી મંડાતો નથી. મારા સાંભળવા પ્રમાણે તે કન્યા મેળવવા માટે ઘણા ફાંફા મારે છે અને તે ઘણો ગરજાઉ હોવાથી હું ધારૂં છું કે આપણી છોકરીનો ઘાટ ત્યા ઉતરી શકશે. "

" એવુ કઇ પણ થાય તો ઘણુ સારૂ " મહાલક્ષ્મીએ અત્યંત આશ્ચર્યપુર્વક કહ્યુ કે "ગમે તેમ કરીને હવે છોકરીનું ચોકઠુ ગોઠવી તો દેવુંજ જોઇએ હવે જેટલા દહાડા ગુમાવશો તેટલા દહાડા મને તો ઝેર જેવા જણાશે અને એક દહાડો અને એક વર્ષ બરાબર મનાશે. છોકરીની વયની સાથે તેનો ખીલી નીકળેલો ઉઠાવ જોઇને મારો જીવ તો ગભરાયા કરે છે !"

"અને મને પણ તારા કરતા કઇ ઓછી ફીકર નથી " ધર્મદાસે હીમતથી જણાવ્યું " ભગવત કરશે તો સુરતમા મેં કહ્યું ત્યાં એનુ ચોકઠુ જરૂર ગોઠવાઈ જશે અને તેને માટે હું આવતી કાલેજ ખાસ સુરત જઇશ "

"સુરત જઇને તમે તે માણેકલાલને જાતોજાત મળશો કે કોઇની મારફતે તેને કહેવડાવશો ? " મહાલક્ષ્મીએ સલાહ આપી, "હુ તો ધારૂ છુ કે જાતોજાત મળવા કરતા કોઈની મારફતેજ કહેવરાવવું એ વધારે શોભા ભરેલું છે "

"હવે એવો ખ્યાલ કરવા હુ માગતોજ નથી " ધર્મદાસે અકળાઇને કહ્યુ ' શોભાને નહી શોભાનો વિચાર કરવાથી તો ઓર બાજી બગડીજ જાય. બીજાની મારફતે માણેકલાલને વાત કહેવડાવતાં કદાચ વાત ઓર વીપરી જાય. કેમકે મેં સાભળ્યુ છે તે પ્રમાણે માણેકલાલનુ મગજ બહુજ વિચીત્ર છે અને તેના બોલવાનો પણ ઢગ નથી. એ તો "તરત દાન અને મહા પુન્ય" પ્રમાણે તેની સાથે હુ પ્રત્યક્ષપણે વાતચીત કરીને ઝટ ને પટ નક્કી કરી રાખીશ. ત્રાહીત

મારફતે વાત કરાવવા કરતાં જાતોજાતજ વાતચીત કરવી એમાંજ મઝા છે."

"તો ભલે તમને જેમ યોગ્ય લાગે તેમ કરજો, પણ હવે વિલંબ કરશો નહી" મહાલક્ષ્મીએ વિશેષ વિમાસણ કરતાં જણાવ્યું "આપણી મેં જોઇ એકની એક છોકરીનુ સગપણ કરવામાં આટલા બધા વનેખા પડે છે તેને માટે મારો તો આત્મા રાતને દિવસ બળી જાય છે."

"કંઈ નહી શાંતી રાખવી 'ધીરજના ફળ મીઠાં છે' એ કહેવત પ્રમાણે ધીરજ રાખ્યા સીવાય અન્ય ઉપાયજ નથી" ધર્મદાસે પ્રભૂપર આધાર રાખતા જણાવ્યુ "એ તો પ્રભુનુ ધાર્યું થશે આપણુ ધાર્યું કંઈ થવાનુ નથી"

આ પ્રમાણે વિચાર કીધા પછી તે પતીપત્ની પણ નિંદ્રાવશ થઈ ગયા, પરંતુ ગુણવંતી ભર ઉંઘમાં છે એવુ જે તેણીના માતા પિતા ધારતા હતા તે ભુલ ભરેલુ હતું ગુણવંતી બીછાનામાં પડયા પછી હજી સુધી જાગતીજ રહી છે અને પોતાના સંબંધમાં પોતાના માતાપિતાને વિમાસણમાં પડયા છે તેને લગતી તમામ વાત તેણીએ સાભળેલી હોવાથી તેણી પણ પોતાના અંતકરણમાં આક્રંદ કરે છે કે "અરેરે! હુ પણ ખરેખરી ભાગ્યહીન છું અને મારા માતાપિતાને દુઃખરૂપજ નીવડી છુ. મારૂ સગપણ કરવા માટે બિચારાઓને કેટલું દુખ દેખાડવું પડે છે. આના કરતાં તો મારો જન્મ નહી થયો હોત તો વધારે સારૂં થાત. અગરજો હું તેમને પેટે માત્ર એકની એકજ છુ અને મને જોઇને તેઓ સ્વભાવિકપણે સંતોષાનંદ પામે છે તો પણ મારા યોગ્ય વર તેઓને મળી

શકતું નથી એ તો તેઓને અનહદ આફત સમાનજ છે શું કરૂ કે તે વડીલોની મર્યાદાનુ ઉલ્લંઘન કરીને મારાથી તેમની પાસે મારા સગપણના સંબંધમા એક પણ શબ્દોચ્ચાર કરી શકાતો નથી. જો હુ મર્યાદા મુકુ તો હુ તેમને એટલુજ કહુ કે મારે સંસારનું સુખ જોઇતું નથી, પણ મારે તો કુંવારાજ રહી પ્રજા અને પ્રભુની ભક્તિ કરવી છે કદાચ હું મર્યાદા મુકીને પણ આ વાત તેમને કહુ તો પણ તેમા મારૂ કંઇ વળે તેમ નથી કેમકે તેઓ મારા આવા વિચારને કદી પણ પુષ્ટી આપેજ નહી એટલે મારો તો કાંઈ ઈલાજજ રહ્યો નથી જુના વિચારને માન આપનારા મારા વડીલો છે એટલે તેમની સમક્ષ મારે લાજ મુકીને બોલવુ એમા મારી તો મુર્ખાઇ તેઓ માની લે. લાચાર ! "જેવા મારા નશીબ અને જેવી ઇશ્વરેચ્છા" આમ પશ્ચાતાપ કરતી ગુણવતી પ્રભાત થતા સુધી નિદ્રા રહીતજ પથારીમા પડી રહી

ગુલાબ ૨ જું

દોહરો

ધર્મદાસ સુરત ગયો, રાખી રૂડી આશ,
આશ પુરી પરમેશ્વરે, વાધ્યો છે હુલ્લાશ !

સગપણ સંધાયુ.

માણેકલાલ સુરતના શેઠીઆઓની પંક્તીમાં ગણાય છે. જો કે તે કંઇ ઘણો મોટા લક્ષાપતિ નથી; તોપણ સાધારણપણે

તેની પાસે સારો પૈસો છે સુરતમાં કંઇ પણ જાહેર મેલાવ-ડાઓમાં કે પ્રજાકિય કામકાજમાં તે ખાસ કરીને ભાગ લેતો નથી, તોપણ સ્વરાજ્યમા તેમજ શેઠીયા મંડળોના મેળાવડા-ઓમા તેને આમંત્રણ થતા હોવાથી એવા મેળાવડાઓમાં પણ ખુશીથી ભાગ લેતો હતો અને એવા મેળાવડાઓમાં જરા શણગારીને જવા માટે મોટાઇ પણ માનતો હતો. તેના સંબંધમાં જાણવાજોગ એજ હતુ કે મીજાજનો કડક, સ્વભા-વમા અત્યંત અભીમાની અને ઔદાર્યતામા તો એકદમ મીંડુ ! આવા કારણોથી તેને સ્વજ્ઞાતીમા કે અન્ય સાથીઓમાં બનતી રાશ આવતી ન્હોતી, અને તેના આવા સ્વભાવને લીધે તેનો કોઇ સ્નેહી સાથી કે મિત્ર પણ ન્હોતો અને તેનો પુત્ર માણેકલાલ પણ લગભગ તેનેજ મળતા સ્વભાવનો હતો, પરંતુ પિતાના કરતા પુત્રની ઔદાર્યતામા અત્યંત અંતર હતુ માણેકલાલ જ્યારે અનહદ કૃપણ હતો ત્યારે તેનો યુવાન પુત્ર સપાટીદાસ અનહદ ઔદાર્યતામા ઉભરાઇ ઉડાઉપણાને પંથે પડયો હતો

એક પ્રભાતમા પીતાપુત્ર સ્વગૃહમા સાથે બેઠા છે અને પોતાના ગૃહસંસારના સંબંધમા કેટલાક વાદવિવાદ ચલાવે છે. તે વાદવિવાદમા એક એવોજ પ્રસંગ આવતા માણેકલાલે સ્વપુત્રને ગુસ્સામા જણાવ્યુ કે "બચ્ચાજી આંખો, મીચીને પૈસા ઉડાવે છે, પણ તને કશો વિચાર આવતો નથી કે એવું ઉડાઉપણું ચલાવ્યાથી આગળ જતાં તુ ભીખ માગતો થઇ જશે. આપણી વાર્ષીક આવક પાંચથી છ હજાર રૂપીઆની છે, તો તે આવકના પ્રમાણમાંજ ખર્ચનો નીયમ રાખવો જોઇએ ?"

"પિતાજી આપનો ખર્ચ કંઈ પાંચ હજારથી વધારે નથી જેટલી આવક છે, તેટલોજ ખર્ચ છે તો પછી ખ્હીવાનું શુ છે?" સપાટીદાસે સડસડાટ જવાબ આપ્યો "જો આવકના પ્રમાણમાં આપણા સુખને માટે ખર્ચ ન કરીએ તો પછી આપણી આવકના ઉપયોગ શું કરવો?"

"આવકના પ્રમાણમા ખર્ચ કરવો એમા હું ના પાડતો નથી, પણ આવકમાંથી ચોથો ભાગ તો અવશ્ય બચાવવોજ જોઇએ. માણેકલાલે મુદ્દાસર ખુલાશો કીધો "હજી તો તું કુવારો છે. તારા લગ્નની પાછળ નામ પ્રમાણે મારે ખર્ચ કરવો પડશે તો તે ખર્ચ મુડીમાથી કરી મુંડી ઓછી કરી નાખવી! આવકનો ચોથો ભાગ બચાવવાનું હું કહુ છુ તે એટલાજ માટે કે તે બચાવેલી રકમમાંથી જે પણ શુભાશુભ ખરચો કરવા પડે તે કરવા કે જેથી આપણી મુડી તો જેમની તેમ કાયમજ રહી શકે! તને ખબર નથી કે તારા ઉડાઉપણાને લીધે નાત જાતમા તારૂં નામ જરા હલકુ પડી ગયુ છે અને તેથીજ તારે માટે હજુ સુધી કન્યા મળી શકતી નથી. રીતે ભાતે ચાલે તોજ લોકોમા સારૂ કહેવાય અને તોજ તુ સુખી પણ થાય."

પિતાની આ સલાહ પુત્રને રૂચી નહિ અને તે તો ત્યાથી ખીજાસ કરીને પોતાના રૂમમાં ચાલી ગયો.

એજ દિવસે પાછલા પહોરે ત્રણ વાગતાને સુમારે ધર્મદાસ પણ માણેકલાલને ત્યાં જઈ પહોંચ્યો તેઓ બંને વચ્ચે કઇ એવી વિશેષ ઓળખાણ પીછાણ ન્હોતી, પરતુ તેઓ બને સ્વજ્ઞાતીના છે એટલુંજ તેઓ પર-

સ્પર જાણુતા હતા, તેથીજ ધર્મદાસ માણેકલાલના દિવાનખાનામાં આવી પહોંચ્યા કે તરતજ માણેકલાલે સહજ સતકારપૂર્વક કહ્યું કે "આવો ભાઇ પધારો કેમ છો? શી ખબર છે? કયાંથી પધારવું થયુ? આજ તમારા પગલા મારે ત્યા કયાથી?"

"આપને ખાસ મળવા માટેજ આવ્યો છુ. ગણદેવીથી બપોરની ગાડીએ નીકળીને સુરતના સ્ટેશને ઉતરી ત્યાથી પરભાર્યો આપની પાસે આવ્યો છુ અને મારે આપની સાથે કેટલીક ખાનગી વાતચીત કરવાની છે"

"બહુ ખુશીથી આપને જે પણ કહેવું હોય તે કહો" માણેકલાલે શાતીથી કહ્યુ "અહીં આપણા સીવાય ત્રીજુ કોઇ નથી એટલે ખાનગી વાત કરવામા આપે ખચાવાનુ પણ નથી."

"જુઓ શેઠજી, હું ખાસ કરીને આપની પાસે એટલા માટે આવ્યો છુ કે મારે એકની એક પુત્રી છે અને તેણીની વય આશરે ૧૫ વર્ષની થઈ છે, જેથી તેણીના લગ્ન હવે મારે કરવા જોઈએ. આ સબંધમાંજ આપની સાથે કેટલીક વાત ચીત કરવાની છે" ધર્મદાસે ખાસ કરીને પૂછ્યુ "આપના એક ચીરંજીવી છે તેનુ સગપણ કર્યું છે કે હજી કરવાનુ છે?"

"હજી તેનું સગપણ કર્યું નથી" માણેકલાલે યુકતી પૂર્વક સોગટી ઠોકતા જણાવ્યું "હમણા તેના સગપણના સંબંધમાંજ એક બે ઠેકાણે વાતચીત ચાલી રહી છે, અને પરમાત્મા કરશે તો બેચાર દિવસમાં કોઇ પણ ઠેકાણે નક્કી થઇ જશે."

"પણ હજી કોઇ પણ ઠેકાણે નક્કી થયું તો નથીને ?" ધર્મદાસે જાણવા માંગ્યુ "જો નક્કી ન થયુ હોય તોજ હું આપને કંઈક કહી શકુ, પણ જો નક્કી થઇજ ગયું હોય તો પછી મારે વિશેષ વાતચીત કરવી નકામી છે."

"હજી નક્કી થયુ નથી; પણ કદાચને ચાર દિવસમા થવાનો સભવ છે." માણેકલાલે તેની વાત જાણવાની જીજ્ઞાસાથી જણાવ્યુ "આમ છે એટલે આપ જે પણ વાત કરશો તેમાં કંઈ વાંધો આવે તેમ નથી,"

"તો હુ મારી એકની એક પુત્રીને આપના પુત્ર સાથે આપવાની માગણી કરવા આવ્યો છુ" ધર્મદાસે વિશેષ વજીત્રાઇથી વાત કરતા જણાવ્યુ "જોકે આપણી જ્ઞાતીમાં એવો રિવાજ છે કે કન્યાવાળા માગણી કરવાને વરવાળાને ત્યાં સામા જાય નહી, પરતુ આપનુ ઘર જેમ લાયક છે તેમ આપના ચીરંજીવી પણ લાયક છે એવી વાત મારે કાને આવ્યાથી હુ કન્યાનો પિતા છતા આપની પાસે સીધો માંગણી કરવા આવ્યો છુ."

"ભલે તમે આવ્યા છો તો મારા માથાપર મે આપને પ્રારંભમાજ કહી દીધુ છે તે પ્રમાણે હજી મારા પુત્રનું સગપણ કોઇપણ ઠેકાણે મે નક્કી કર્યું નથી એટલે તમો જે પણ માગણી કરશો તે સાભળવામા મને કઈ પણ વાધો આવે તેમ નથી" આમ ખુલાસો કરતા માણેકલાલે તે કન્યાના સબધમાં વિશેષ વીગત પુછી કે "તમારી પુત્રીની વય આશરે પંદર વર્ષની છે, એ તો તમે પ્રથમ કહી ગયા છો એટલે

વયની બાબતમાં તો વિશેષ પુછવાપણુ રહ્યુ નથી, પણ તમારી પુત્રીએ કંઈ કેળવણી લીધી છે કે કેમ ?"

"હાજી તેણીએ ગુજરાતીનો સારો અભ્યાસ કીધો અને ગુંથણુ કામ, ભરત કામ તથા સીવણ કામમા તો તેણી ઘણીજ હોશીયાર છે" ધર્મદાસે સ્વપુત્રીની યોગ્યતાના સબધમા વિશેષ ખાત્રી આપતા જણાવ્યુ "આ સર્વ હુન્નર સીવાય તેણી ઘર સસારના કામકાજમા પણ બહુ કુશળ છે"

"એ ઘણી સતોષની વાત છે અને તમારી પુત્રીની આવી યોગ્યતા જાણી મને ઘણો આનદ થાય છે." માણેકલાલે પોતાના હૃદયનો અમુક શક દુર કરવા માટે વિશેષ ચાપી ચાપીને પુછ્યુ "તમારી પુત્રી આવી યોગ્યતાવાળી છતા તેણીને તમે હજુ સુધી કુવારી રાખી છે એ જોઇને મને નવાઇ લાગે છે. કેમકે શહેરના લોકો સુધારાના વિચારવાળા હોવાથી તેઓ પોતાની કન્યાઓને મોટી વયની કરે છે, પણ ગામડાના લોકો તો હજી સુધી ઘણુ કરીને જુના રીવાજોનેજ વળગી રહ્યા છે, અને તેઓ ખાસ કરીને અગીઆર વર્ષની વયની અદરજ કન્યાના લગ્ન કરી દે છે. માફ કરજો, મારા કહેવાનુ, કંઇ ખોટુ લગાડશો નહી, પણ મને જરા નવાઇ લાગવાથી હુ તમને પુછુ છુ કે તમે ગણદેવી જેવા ગામડાના નિવાસી છતા તમે તમારી કન્યાને આટલી મોટી કુંવારી રાખી છે તો તમે પોતે શુ સુધારાના વિચારને પસદ કરનારા છો ?

"તેવુ તો કઇ ખાસ કરીને નથી" ધર્મદાસે સત્યતા પૂર્વક કહી દીધું કે "મારે જે ખરૂ છે તે કહી દેવુ જોઇએ

કે મારી પુત્રી સર્વ સદગુણે સપન્ન. છતાં તેણી રંગે શ્યામ છે. એટલે કોઈ શહેરી શ્રીમતોને ત્યાં તેણીનું સગપણ હજી સુધી ગોઠવી શકાયુ નથી તમારા શહેરીઓને તો ભણેલી ગણેલીની સાથે વળી રૂપે રગે ગોરી કન્યા જોઇએ"

"કાળી ને ગોરીનો પ્રતિબંધ હુ તો કદી રાખતોજ નથી. કન્યા ગોરી હોય પણ તેણીના ગુણ જો સારા ન હોય તો તેવી કન્યાને હુ કદી પણ પસદ કરૂ નહી ભલે કન્યા કાળી હોય પરતુ તેણી સદગુણી અને સારી કેળવણી પામેલી હોય તો તેવી કન્યા લેવામા હુ તો કદી વાધો લેઉંજ નહી. જો આપના આવા ઉત્તમ વિચારો છે તો કૃપા કરીને મારી પુત્રીનુ સગપણ આપના પુત્રની સાથે કરવાની ઉમેદથી હું- આપની પાસે આવ્યો છુ, તો એ મારી માગણીનો આપ ખુશીથી સ્વીકાર કરશો એમ હુ માનું છું. ધર્મદાસે તડને ફડ કહી દીધુ કે "આવી બાબતમા કોઈની પણ મારફતે વાતચીત કરાવવી જોઇએ પણ મે ધાર્યું કે આપણે જાતેજાત મળવુ એજ વધારે સારૂં છે. કેમકે કોઇ ત્રાહીતને વચમાં નાખ્યાથી તે ત્રાહીત માણસ તરેહવાર ગરબડગોટા વાળી દે."

"એ તમારી માન્યતા યોગ્ય છે જાતોજાત મળવાથીજ સર્વ સ્પટીકરણ થઈ શકે છે" માણેકલાલે પણ સર્વ માંગણીનો સ્વીકાર કરતા જણાવ્યુ. "તમો મારે ત્યા જ્યારે ખાસ માગણી કરવા આવ્યા છો અને તમારી તે માગણી મારા મનગમતી છે તો હુ તે ખુશીથી માન્ય કરૂ છુ.",

"બસ તો હવે આપણે વચનાવચનથી પરસ્પર બંધાઈ ચુકયા. ધર્મદાસે વિશેષ ચોળાચોળ ન કરતાં છેવટે એટલુંજ

કહ્યુ કે સગપણ અને લગ્ન સાથેજ કરી નાખવા મારો વિચાર છે, અને આવતા માસમા બે ચાર લગ્નોના શુભ દિવસો આવે છે તે દિવસોમાંથી કોઇ પણ અમુક દિવસ જોશી પાસે નીર્માણ કરાવીને લગ્ન કરી નાંખવા એવી મારી ઇચ્છા છે ”

“ મને તેમાં બીલકુલ વાધો નથી.” માણેકલાલે પણ ખુશીથી કબુલ કર્યું કે તમે જ્યારે પણ લગ્નના દીવસો નક્કી કરીને જણાવશો ત્યારે હું લગ્ન કરવાને કંઇપણ આના-કાની કરનાર નથી માત્ર એટલુજ કે લગભગ દશ પંદર દિવસ આગમજ તમે મને લગ્નનો ચોકસ દિવસ નિર્માણ કરી જણાવજો. ”

“ તો હુ તેમજ કરીશ. ” “ ધર્મદાસે કહ્યુ, “હુ અહીંથી ગણદેવી ગયા પછી એક બે દિવસમાજ જોશીને પુછીને લગ્નની ચોકકસ તીથી વગેરે વીગત આપને લખી જણાવીશ. વીશેષમા પલ્લુ વગેરે રીતભાત આપણી જ્ઞાતીના રીવાજ પ્રમાણે લેવાદેવા જોઇશે. ”

“તે તો રીતની વાત છે.” માણેકલાલે પણ તે કબુલ કરતા જણાવ્યુ “ જ્ઞાતી રીવાજ પ્રમાણેજ આપણે બને ચાલવાને બંધાયલા છીએ.”

ઉપર પ્રમાણે નિર્માણ કીધા પછી ધર્મદાસ તેજ સાંજે પાછો ગણદેવી આવવા નીકળ્યો

ગુલાબ ૩જું

દોહરો

ગુણવતીના લગ્નનો, પાકો થયો ઠરાવ,
મહાલક્ષ્મી હરખાય છે, ભલો ભણાયો ભાવ.

લગ્ન થયાં.

ધર્મદાસે સુરતથી ગણુદેવી આવતાની સાથેજ માણેકલાલના પુત્ર સાથે ગુણવંતીનુ સગપણ સાધ્યાના શુભ સમાચાર મહાલક્ષ્મીને કહી સંભળાવતાજ તેણી ઘણી હરખાઈ ગઈ અને તેણી બોલી પ્રાણનાથ, તમારો ફેરો સફળ થયો તેમજ પ્રભુએ ધાર્યું કાર્ય પાર પાડયુ, એટલે હવે મને નિરાત વળી. હવે આપણે એક મહાભારત સંતાપમાથ મુક્ત થયા, પણ મને નવાઈ લાગે છે કે માણેકલાલે આપણી છોકરીને નજરે જોયા સિવાય તમારી માગણી એકદમ કેમ કબુલ કરી દીધી હશે ?"

"એ તો એમ છે વ્હાલી, કે બાઇને કોઈ લેનાર નહી અને ભાઈને કોઇ દેનાર નહી ! તેવા સંજોગ વચ્ચે આ સગપણ સત્વર સંધાઈ ગયુ છે" ધર્મદાસે ખરેખરી બીના કહી સંભળાવી. "આપણી પુત્રીને હજી સુધી કોઇએ લીધી નહી માટેજ મારે જાતે ત્યા જવુ પડયુ તેમ વળી માણેકલાલના પુત્રને હજી સુધી કન્યા મળી શકી નહી, માટેજ તેણે વિશેષ ચોળાચોળ ન કરતા મારી માગણી ઝટપટ ઝીલી લીધી માત્ર એટલુંજ કે આપણી છોકરીની કેળવણી વગેરેની બાબતમાં

તેણે કેટલીક પુછપરછ કરી હતી ખરી, પણ મે તેનો ખરેખરો ખુલાશો કહ્યાથી તેને સંતોષ વળ્યો છે વળી આપણી પુત્રી રંગે શ્યામ છે એ વાત પણ મે તેનાથી ગુપ્ત રાખી નથી."

"તમે તો ભોળા છો! એ વાત તમારે શા માટે કહેવાની હતી?" મહાલક્ષ્મીએ ઍરાં બુધ્ધિથી જણાવ્યુ. "જે વાત કહેવા જેવી હોય તે કહીએ અને ન કહેવા જેવી હોય તે ન કહીએ."

"તારી ભુલ છે. એ વાત કઇ ગુપ્ત રહી શકે એમ છે કે?" ધર્મદાસે ભલી ભાવનાથી જણાવ્યુ." સાચુ કહેવામાં કહી પણ શરમાવુ જોઇએ નહી. સાચને આંચ નહીં એ પણ વડીલોની વાણી છે"

"પણ મને તાજુબી લાગે છે કે, આપણી છોકરી શ્યામ રંગની છે, એવુ' તેમે કહેવા છતા તેણે તમારી માગણી કબુલ કેમ કરી હશે?" મહાલક્ષ્મીએ આશ્ચર્યતાપુર્વક પુછ્યુ. "તેણે કંઇપણ આનાકાની કર્યા વિના એકદમજ તમારી વાત મંજુર રાખી?"

"હા, તેણે તો જરા પણ આનાકાની કરીજ નથી." ધર્મદાસે સહજ કંટાળીને કહ્યું. "મે તને મુદ્દાની વાત કહી તો પણ તુ સમજી નહીં તેના છોકરાને હજી સુધી કન્યા મળી શકી નથી; માટેજ તેણે આપણી પુત્રી લેવાની એકદમ હા કહી દીધી."

"ઠીક હવે સમજી" મહાલક્ષ્મીએ જણવા માંડ્યુ. "પણ તમે લગ્ન જેમ બને તેમ વહેલા કરવાનુ તો કહ્યું છેની?"

" હા, તે બધું ચોક્કસ કરીને હુ આવ્યો છુ આપણા જોસીને બોલાવીને લગ્નનું મુહુર્ત નકકી પુછી લઇએ અને પછી હું માણેકલાલને કાગળ લખી દઇશ. " ધમદાસે ચોક્કસ જણાવ્યું કે " આવતા માસમાં ગમે તેમ કરીને લગ્ન કરવાજ જોઇશે, " એમ પણ હું માણેકલાલને કહેતો આવ્યો છું અને એ વાત પણ તેણે કબુલ રાખી છે " એ પણ સારૂ થયું " મહાલક્ષ્મીએ સુચના કરી. "આવતી કાલનો સોમવારનો સારો દિવસ છે માટે તેને બોલાવીને નકકી કરી રાખવુ સારૂ છે "

" હા, તેમજ કરીશુ " ધર્મદાસે આ પ્રમાણે વાતચીત કીધા પછી પોતાના ધધાને લગતો કેટલોક હિસાબ તપાસવા માંડયો અને મહાલક્ષ્મી પણ ઘરના કામકાજમા રોકાઈ. બીજે દિવસે પ્રભાતમા આઠ વાગ્યાને સુમારે ધર્મદાસે પોતાના ખાસ જોશીને બોલાવી તેની પાસે લગ્નનુ મહુર્ત જોવડાવ્યુ અને જોશીએ પણ વસત પચમીનુ ઉત્તમ મહુર્ત ટીપણું જોઇને કાઢી આપ્યુ. બાદ આ મહુર્ત વિષે ધર્મદાસે એક પત્રદ્વારા સુરતમા માણેકલાલને ખબર પણ લખી દીધી, અને તેના ઉત્તરમા માણેકલાલે પણ તે માગ્શીક મહુર્ત મંજુર રાખ્યુ "

લગ્નના મહુર્તના બે દિવસ આગમજ માણેકલાલ વર રાજાની જાન લઇને ગણદેવી આવી પહોચ્યા અને સખ્યાબધ જાનૈયાઓને માટે ઉતારા વગેરેની વ્યવસ્થા ધર્મદાસે પણ સારી રીતે કરી. લગ્નની ક્રિયા વસત પંચમીને દિવસે સવ

પ્રકારે ખુશીખુશાલીમા પાર પડી. અને લગ્નને ત્રીજે દિવસે માણેકલાલ પોતાની સાથે આવેલા સર્વ જાનૈયાઓ સહીત વહુવર લઇને સુરત આવી પહોચ્યા. સુરતનાં સ્ટેશને ઉતરતાજ વહુવરનો વરઘોડો ભારે ધામધુમથી કાઢયો, અને માણેકલાલે લગ્ન નીમીતના ન્યાતી વરાઓ કરવા પાછળ પણ સારો ખર્ચ કીધો.

ભાઇ સપાટીદાસ પરણ્યા હજી સુધી એ ભાઈ સાહેબ બે પગના હતા તેને બદલે હવે બરાબર ચાર પગના અને ચાર હાથના થઇ ગયા, અને દુનીયાદારીના રંગરાગમાં પણ હવેજ સપાટીદાસ આવી શકયા, અને હવેજ વાંધા ને વનેખા પણ શરૂ થયા.

ગુણવંતી રંગે શ્યામ છે એ વાત ધર્મદાસે તો પ્રથમથીજ માણેકલાલ સમક્ષ ખુલ્લી કરી દીધી હતી, પણ સપાટીદાસ તે વાતથી બીલકુલ બીનવાકેફ હતો. કેમકે પોતાને માટે નિર્માણ કરેલી કન્યા કાળી છે કે ગોરી છે, તે જાણવાની તેની જીજ્ઞાસા હોવા છતા પોતાના પીતાને તે વિષે પુછપરછ કરવાની તેણે હીંમત કરી નહોતી. પોતાના વડીલની મર્યાદા રાખવાને ખાતરજ તેણે તે વાત પુછવાનુ માંડી વાળ્યુ હતુ વળી લગ્ન પ્રસંગે માયરામા ન્યાતી નીયમ પ્રમાણે ગુણવંતીને ઘુમટો તાણીને બેસાડેલી હોવાથી સપાટીદાસ તેણીનો ચ્હેરો જોઈ શકયો નહોતો અને જ્યારે લગ્નની ક્રીયા પુરી થયા બાદ ગુણવ-તીની મુખમુદ્રા સપાટીદાસના જોવામા આવી ત્યારથીજ તેનું મગજ ઘુમી ગયુ હતું અને પોતાને મનગમતી કન્યા તેને

મળી નથી એ પણ તેના મનમાં નીર્માણ થઈ ચુકયુ હતું, તેમજ ત્યારથીજ તેના હૃદયમા નાશીપાસી પણ વ્યાપી રહી હતી. તેમ છતા તે નાશીપાસી તત્કાળ તો દાબી રાખવા સિવાય તેનો કંઇ ઉપાય ન્હોતો. અને તેથીજ તે નાશીપાસી હજી સુધી તેણે પોતાના મનમાંજ દાબી રાખી હતી.

સુરતમાં લગ્નની ધામધુમો પસાર થયા બાદ ગુણવંતીને ધારા પ્રમાણે પાછી તેણીને પિયેર વિદાય કરવામા આવી હતી. ગુણવંતી એક કુશળ કન્યા હતી. તેણી સુરતમાં માત્ર થોડા દીવસ રહી હતી, તે દરમ્યાન તેણીએ સપાટીદાસના લક્ષણો સ્વદ્રષ્ટિએ નીહાળેલા હોવાથી તેણીએ પણ મનમા ધારી લીધુ કે “મારા પતિ જો કે વય અને રૂપ રંગમા તો મારા મનગમતા છે, પરંતુ તેમનામા બહુ બુદ્ધિ બળ હોય તેમ જણાતુ નથી વળી સ્વભાવે પણ તેઓ અતિ ઉગ્ર હોય એમ મને લાગે છે, કેમકે લગ્ન પ્રસંગે નોકર ચાકરોની સાથે તેમજ બીજા માણસોની સાથે તેઓ જે વાતચીત કરતા હતા તેમા ખાસ કરીને ઉચ્ચતાઇ, ઉન્મત્તપણું અને ઉગ્રતા સિવાય બીજુ કંઇ તત્વ જોવામાં આવતુ ન્હોતું સાર માત્ર એજ કે કોઈ પણ ઠેકાણે મારૂં ચોકઠું ગોઠવાઈ ન શકાયાથી મારા પીતાજીને આ ઘર પસંદ કરવાની ન છુટકે ફરજ પડી છે એટલે તેમા પીતાજીનો પણ દોષ નથી, પણ જો કાંઈ પણ દોષ હોય તો તે મારા ભાગ્યનોજ મારે સમજવો જોઇએ જો કે હુ મારા પતિના પરિચયમાં હજી આવી શકી નથી અને તેથી તેમના ગુણ જ્ઞાન વિષે મારે કંઇ

પણ ચોકક્સ માની લેવુ જોઇએ નહી તો પણ 'પુત્રના લક્ષણ પારણા'માંથી જણાઇ આવે છે, તે પ્રમાણે મારા પતીના આચાર વિચાર મે જે સહેજ અનુભવ્યા છે તેમજ લગ્ન પ્રસંગે ભેગી થયલી સ્ત્રીઓમા જે રમુજી વાતો, તેમના વિષે મે સાંભળી છે તે ઉપરથી એટલીજ અટકળ થઈ શકે છે કે તેમનામાં આચાર વિચાર અને સામાન્ય રીતભાતમા ઘણી અજ્ઞાનતા હોવી જોઇએ. આ પ્રમાણેનો ગુણ દોષ ગુણવંતીએ અત્યારથીજ ધારી રાખ્યો છે, પરંતુ તેણી તે વિષે બીજા કોઈને પણ વાકેફ ન કરતાં પોતાની ધારણા સ્વહૃદયમાંજ હાલ તુરત શાતીપૂર્વક સાચવી રાખવાનુજ યોગ્ય વિચારે છે.

લગ્ન પૂર્ણ થયા પછી અને ગુણવતી સુરતથી પોતાને ત્યા પુન આવ્યા પછી ધર્મદાસ અને મહાલક્ષ્મીને તો સંતોષજ વર્ત્યો. તેમ મહાલક્ષ્મીએ લગ્નને લગતી કેટલીક કુથલી કરતાં ધર્મદાસ પ્રત્યે જણાવ્યુ કે " પ્રાણનાથ આપણી છોકરીને બીજુ ઘર નહી મળતુ હોવાથી માણેકલાલને ત્યાં આપી, એ તો જાણે ઠીકજ થયુ છે. પણ મને લાગે છે કે આપણો જમાઇ કઇક વિચીત્ર સ્વભાવનો તો હોવોજ જોઇએ. મેં તેનો મિજાજ જોઈ લીધો છે કે તે ઘણો ઝાડખડી જેવો અને કંઇક મગજના ગયલા જેવો પણ છે."

"તેવું તો મને પણ લાગ્યુ છે, પણ કરવુ શું ?" ધર્મદાસે લાચારી બતાવતાં જણાવ્યુ" આ ઘર મે કઇ રાજી-ખુશીથી શોધ્યુ નથી, પણ લાચારીથીજ પસદ કર્યુ છે.

માણેકલાલ પોતેજ મિજાશનો મહા કડક કાંટા જેવો છે, એટલુજ નહી પણ કોઇની સાથે તેને બનતુ નથી એ તો મેં અગાઉથીજ સાંભળ્યું હતું લગ્નમા પણ મે જોઈ લીધુ કે તે જેની તેની સાથે નાહક આથડી પડતો હતો અને 'બાપ તેવા બેટા' એ કહેવત પ્રમાણે આપણો જમાઈ પણ પોતાના પીતાની માફક તુમાખી મગજનો છે અને વાત કરતાં જેની તેની સાથે કોરદમામથી છલકાઇ જાય છે"

"ત્યારે આપણી છોકરીના ત્યા શા હાલ થશે?" મહાલક્ષ્મીએ પસ્તાવો કરતા જણાવ્યુ, આપણી મો જોઈ છોકરી ત્યા જઇ જાણે સગડીમા સેકાઇ જશે અને તેણી દુખી થશે એવી બીક મને તો લાગે છે."

"એ તો તેણીના ભાગ્યમા હશે તેમ બનશે હવે એ બાબતનો પસ્તાવો કરવો નિરર્થક છે આપણે તો હવે પ્રભુ પાસે એટલીજ યાચના કરવાની છે કે છોકરી ત્યાં જઇને સુખી થાય ધર્મદાસે હિંમત આપતા સ્વપત્ની પ્રત્યે કહ્યુ "જમાઈ ગમે તેવો હશે, પણ આપણી છોકરી ભણેલી ગણેલી ને ડાહી છે તેથી મારી એટલી તો ખાત્રી છે કે તેણી સાસરે જઇને પોતાની અકકલ હોશીયારીનો ઉપયોગ કરશે તો આખરે તેણી સુખીજ થશે."

આપની એ ધારણા તો વ્યાજબી છે મહાલક્ષ્મીએ તે વાત કબુલ કરતા જણાવ્યું "આપણી ગુણવતીને ભણાવી ગણાવી હોશીયાર બનાવી છે એટલે તેણી મુર્ખ હશે તેને પણ સભાળી શકશે એમાં તો શકજ નથી"

"ઇશ્વર છે, તેનાપરજ આધાર રાખવાનો છે" ધર્મદાસે સ્વપત્નીને સલાહ આપી કે "તારે પણ ગુણવતીને એવી સારી સલાહ આપતાં રહેવુ કે "તેણી સાસરે ગયા પછી પોતાનો ગૃહ સંસાર સારી રીતે શોભાવે અને પોતાના સદાચારથી પોતાને સારી કહેવડાવવાનીજ કોશીશ કરે"

"હા એ તો હુ તને કહેતીજ રહીશ" મહાલક્ષ્મીએ આમ કહી તે વાતની ચોળાચોળ પડતી મુકી

ગુલાબ ૪થું

દોહરો.

મુર્ખ સપાટીદાસને, ખીલવે મિત્રો ખાસ;
હસવાનું ખસવુ થયુ, ખિલ્યો સપાટીદાસ.

વંટાળીઓ વાયો !

સપાટીદાસના મિત્રોએ હવે સપાટીદાસને ખીલવવા માડયો, અને તેઓએ વારવાર મશ્કરીમા સપાટીદાસને કહેવા માડયું કે "ભલા માણસ તુ તો આવો રૂપાળો, રંગીલો અને રસીલો છે પણ તારી બાયડી તો તદ્દન કાળી કલુમડી, કોમળ કે દુબળી જેવી દેખાય છે. આવી કલુમડી બાયડીને અમે તો ઘરમાં ઘાલીએ નહી. ખચીતજ તારા પીતાએ તારે ભળે એક * જંગલી જાનવર જેવીજ બાયડીની બલા વળગાડી છે. અમાસની અંધારી રાત્રીનો રંગ પણ એ તારી બાયડીના કરતાં વધારે સારો હોય છે એવી બેડોળ બાયડીનો છાંયો પણ

લેતાં અમને તો સુગજ લાગે. શું તને એ બાયડી પસંદ પડી છે ?"

"મને પણ પસંદ તો નથી પણ શું કરૂં ? જેમ એક મોતી વીંધાયા પછી તે પાછુ આખુ થઇ શકતું નથી; તેવીજ રીતે આપણી ઉંચ, કોમના રીવાજ મુજબ જે સ્ત્રી સાથે લગ્ન થયા હોય તેની સાથે છુટાછેડા થઇ શકે એમ નથી. એ તો જીંદગી સાથે કાન જડયા હોય એવુંજ." સપાટીદાસે જણાવ્યુ "એ તો વેઠેજ છુટકો"

"તારાથી એવી વેઠ નભાવી શકાય અમે તો એક ઘડીભર એવી પીડાને સઘરીએ નહી" આમ કહી મીત્રો તેને ખૂબ ચીડવતા અને બીજા મીત્રો તો માત્ર નામના હતા. પણ તેનો એક ખાસ મીત્ર ગોટાળાશંકર નામનો હતો, જે પણ સપાટીદાસની વય લગભગનોજ હતો આ ગોટાળાશંકર બડો ઉસ્તાદ, પ્રપંચી અને વળી કંઇક ગમ્મતી પણ હતો. તેની સાથે સપાટીદાસનો પરિચય પણ અત્યંત હતો એટલે બીજા મીત્રો બળી સપાટીદાસની સહેજ મશ્કરી કરી ખસી જતા, પણ ગોટાળાશંકરે તો સપાટીદાસની બાયડીની બાબતમાં સપાટીદાસના હૃદયમાં ખુબ કાંટાની વાડ બીછાવવા માડી, અને એક એકાંત પ્રસંગ જોઇ ગોટાળાશંકરે સપાટીદાસને આગ્રહ પૂર્વક કહ્યું કે "જો તને તારા પૈસા, તારી પદવી અને તારી સુંદરતાની કીંમત હોય તો તારે એ પરણેલી બાયડીને ત્યાગ કરવો જોઇએ. એવી કદંગી પત્ની એક પ્રકાશિત પતીને પાત્ર

કદી પણ હોઈ શકે નહીં. એના કરતાં તો કુવારી સ્થીતિ વધારે પસંદ કરવા યોગ્ય છે જે સ્રીને જોતાંજ ચીતરી ચડે તેવી સ્રીની સાથે સંસાર વહેવાર શોભેજ કેમ ? હું તો ધારૂં છું કે એ તારી કલુમડી બાયડીનો હાથ જો શ્વેત દુધને લાગે તો તેણીના હાથના સ્પર્શથી તે દુધ પણ કદાચ કાળુ થઈ જાય એવી અનઘડ બાયડી જોઈએજ નહી "

"ભાઈ ગોટાળાશંકર તારી વાત સોએ સો ટકા મારા મગજમાં ઉતરે છે અને બીજું તો કશુ હાલ મારાથી થઈ શકે નહી; પણ એટલુ તો કરીશજ કે એ બાયડી સાથે હું સહજ વાતચીતનો વ્યવહાર પણ રાખીશ નહી. હું કબુલ કરૂં છું કે મારા અવિચારી પિતાએ એક ગામડાંનું ગધેડું ઘરમાં ઘાલ્યુ છે ! " આમ કહી સપાટીદાસે કપાળ પર હાથ મુકીને કહ્યું " આ મારૂં નશીબ કેવુ અવળુ છે કે આવી નહી ગમતી સ્રી મને મળી '

"નશીબ સિવાય તો એવુ કશુ બનતુજ નથી" ગોટાળાશંકરે તેવો વિશેષ રંગ લગાડવાં સલાહ આપી કે તારા પિતાજી હયાત છે ત્યા સુધી તારાથી કશી ગરબડ થઈ શકે એમ નથી, પણ એટલુ તો કરવુંજ કે એ તારી બાયડી અહીં આવી રહે ત્યારે તારે તેણીની સાથે કોઈપણ જાતનો વ્હેવાર રાખવો નહીં. અને જાણે કામ કરનારી મજુરણ રાખી હોય તેજ પ્રમાણે તેણીની સાથે વર્તવું."

" મારો બીચાર પણ એવોજ છે કેમકે જો હું વીશેષ વેચ્છાઈ અને સત્ય પગલું ભરીને તેણીને મારા ઘરમા રહે-

વાજ ન હઉં તો વળી મારા પિતાજી મારા ઉપર કોપાયમાન થાય અને તેનું પરિણામ પશ્ચાતાપ રૂપજ આવે. પિતાજીની હયાતી બાદ તો એક મીનીટ પણ એ કલુમડીને ઘરમાં રહેવા નહી દઉં" આમ જણાવતાં સપાટીદાસ વિશેષ બીજ-વાઈને બોલ્યો "આવુ કાટ મારા કોટમા નાખવા કરતા તો મારા પીતાએ મને વાઢોજ રાખ્યો હોત તો વધારે સારૂ થાત. આવી શરમ ભરેલી સ્ત્રી સાથે મારા લગ્ન કરીને મારા પીતાએ પેલા ભવની એક શત્રુતાજ કેળવવા જેવું કીધુ છે. પણ કરૂં શું ? જે મારા વડીલની મર્યાદા તરછોડીને મારાથી હવે તેમને કંઈ પણ કહી શકાતુ નથી તેમ વળી હવે તેમને કહેવાથી ફાયદો પણ શો ? જે લગ્ન થયા છે તે તો કોઈ પણ પ્રકારે રદ થઈ શકે તેમ નથી માટે એ સબધમા બીજી કંઈપણ ગરબડ કરવા કરતા માત્ર તેણીનો ત્યાગ કરવો એજ એક રસ્તો મારે માટે રહ્યા છે"

"હા, એમ તો છેજ" ગોટાળાશંકરે પણ ટેકો આપતાં કહ્યુ "તારા પિતાજીની હયાતી સુધી તારાથી કંઈ થઈ નહી શકે, અને તારે કઈ પણ ઉધુચ-તુ તેમની હયાતી સુધીમાં નજ કરવું એ પણ ડહાપણ ભરેલુ છે, કેમકે જો તુ કંઈ આડુ અવળુ કરવા જાય તો વળી તારા પિતાજી, મગજના એવા તો કડક છે કે તેઓ કદાચ તને ઘરમાંથી હાંકી કાઢ-વાની અણી ઉપર પણ આવી જાય. માટે બીજું કંઈપણ ગાંડુ ઘેલુ પગલુ નહી ભરવું એજ હું પણ પસદ કરૂં છું" આમ વાત કરીને ગોટાળાશંકર છુટો પડયો.

માણેકલાલના ઘરમાં તે પોતે અને સપાટીદાસ સિવાય સ્ત્રી વર્ગમાં કોઈપણ નહોતુ. કેમકે માણેકલાલની સ્ત્રી તો સપાટીદાસને પાચ વર્ષનો મુકીને મરણ પામી હતી. તેણીના મરણ બાદ માણેકલાલે ઘરમા એક રસોઈઓ અને એક ઘાટી રાખીનેજ પોતાનોજ ગૃહ સસાર નીભાવી રાખ્યો હતો. વળી સપાટીદાસને ઉછેરવા માટે એક ઘાટણ પણ રાખી હતી, પણ તેણી સપાટીદાસના લગ્ન થયા પહેલા આશરે એક વર્ષ ઉપર મરણ પામી હતી. આવી સ્થીતિ હોવાથી ગુણવંતી જ્યારે પણ પોતાને પીયરથી અહીં આવે ત્યારે ઘરની તમામ વ્યવસ્થા વગેરેની સમજણ ગુણવતીને આપવાનુ કામ માણેકલાલને માથેજ રહ્યું હતું.

ગુણવતી કયારેને પોતાને ત્યા આવીને રહે તેની રાહ જોતો માણેકલાલ પણ કેટલોક વિચાર પોતાના મનમાં કર્યા કરતો હતો. તે પોતે ઘણો કૃપણ હોવાથી તેનો પહેલો ઈરાદો તો એ હતો કે વહુ આવીને અહીં રહે તો જેમ બને તેમ તાકીદે રસોઈઆનો ખર્ચ કમી કરી નાંખુ. વળી જે રસોઇઓ તેણે રાખ્યો હતો તેના હાથની રસોઇ પણ તેને ગમતી ન હોવાથી તેણે એવી આશા બાંધી કે "વહુ ચાલાક, ચતુર અને ભણેલી ગણેલી છે તેથી તેણી મનગમતી રશોઇ કરીને જમાડશે."

એક દિવસે સાયંકાળે ભોજન કર્યા પછી પિતા પુત્ર દિવાનખાનામાં પાન ખાતા બેઠા હતા. તે સમયે સપાટીદાસે પોતાના પિતા પ્રત્યે કચવાઈને કહ્યું કે "પિતાજી રસોઇઓ

તો કોઈ બીજો હોશીયાર રાખો તે સારૂ ! કેમકે આ રસોઇઆની રસોઈ તો જરા પણ ભાવતી નથી. જુઓની અત્યારે શાક બનાવ્યુ છે તે તદ્દન બેસ્વાદ અને કાચુ પણ છે. તેલ અને બીજો મસાલો તો મનમાનતો વપરાય છે, પરતુ રસોઈઆને રાધતાંજ બરાબર આવડતુ નથી, તેથી મારૂ તો રોજ પેટ બળે છે. ભલે બે ચાર રૂપીઆ વધારે પગાર આપવો પડે, પણ કોઇ સારો રસોઈઓ રાખો તોજ ખાધાનુ સુખ સચવાય."

"ભાઈ તુ કહે છે તે ખરૂં છે. પણ આજના વખતમાં મનગમતા રસોઇઆ મળી શકતા નથી." માણેકલાલે ધીરજ આપતાં જણાવ્યું "વળી હવે થોડા દહાડાને માટે નવા રસોઇઆની પીડામાં પડવુ તેના કરતા હાલના રસોઈઆનેજ નભાવી રાખવો ઠીક છે. હવે બે ચાર દીવસમાંજ તારી વહુ પણ આવી પહોંચશે એટલે પછી રસોઈઆનુ પાપ ઘરમા રાખવાની કઇ જરૂરજ રહેશે નહી તેણી જોકે હજી નાદાન છે તોપણ ભણેલી, ગણેલી તેમજ ઘરના કામકાજમાં ઘણી હોશી ચાર છે એવી ખાત્રી તારા સસરાએ આપેલી છે અને તેથી હું ધારૂં છું કે તેણીના આવ્યા પછી આપણને ખાધા પીધાની વિપત્તી તો નજ રહે."

"એ ગામડાની ગમાર આવીને શું ઉજેસ્કાર કરવાની છે" સપાટીલાલે હવે પોતાના મનનો ઉભરો પિતા પાસે પ્રગટ કરવા માંડયો. "જો કોઈ શહેરની કન્યા મળી હોત તો તેણી આપણુ ઘર સારી રીતે સભાળી શકત. આ તો

ગામડાંની ગબડગજ આપણે મેળવી છે માટે તેણીના તરફથી આપણે સંતોષ વળે એવી આશા હું તો રાખતોજ નથી."

"દીકરા, એ તો તારી ભુલ છે શહેરી કન્યા તો માત્ર ભપકો કરીને હરે ફરે પણ ગૃહસંસાર ચલાવવામા તો એક દમ ઉપયોગી આવેજ નહી આ બિચારી ગામડાંની વહુ તો આવતાની સાથેજ આપણા ઘરના કામકાજનો તમામ બોજો ઉપાડી લેશે અને તેથી આપણને ઘર તરફનો સંતાપ રહેશેજ નહિ."

"હું તો એવી આશા રાખતોજ નથી." સપાટીહાસે ચીડવાઈને જણાવ્યું "આવી કન્યા મેળવવા કરતા જો કોઈ શહેરી કન્યા મેળવવાની ખટપટ કરી હોત તો ખરચેલા પૈસાનુ સાર્થક થાત આ તો પૈસા પાણીમાં નાખ્યા અને ઓર જીવને ચણચણાટ ઉભો કરવા જેવુ થયુ છે"

"તુ તો ભુલે છે. મારા અનુભવથી કહુ છુ કે શહેરી કન્યા કરતાં પણ ગામડાંની કન્યા ઘરના કામકાજના સંબંધમાં વિશેષ ઉપયોગી નીવડે છે. તુ તારી મરનાર માનો દાખલો યાદ કર કે તેણી પણ એક ગામડાની હોવા છતા તેણીએ મારો ગૃહસંસાર એક સતી શિરોમણી સ્ત્રી સમાન શોભાવ્યો હતો. "આમ કહી માણેકલાલે તેને સલાહ આપી કે" તારી વહુ આપણે ત્યાં આવ્યા પછી અને તેણીના આચાર વિચાર જોયા પછીજ તને સંતોષ વળશે."

"શું ધુળનો સંતોષ વળવાનો છે? એવી કાળી શાહી જેવી બાયડી જો મને નહીં પરણાવી હોત તો સારૂં થાત"

આમ કહી સપાટીદાસ ગુસ્સામાંને ગુસ્સામાં પોતાના પિતાની પાસેથી ઉઠીને પાછલા ઓરડામા ચાલ્યો ગયો.

સ્વપુત્રના શબ્દો સાંભળીને માણેકલાલ પણ મનમા સતાપ કરવા લગ્યો કે "આ છોકરાના મગજમાં તો વળી વિચીત્ર ભુસુ ભરાઇ ગયલુ દીસે છે. તેમ છતાં મને તો વિશ્વાસ છે કે વહુ આવીને અત્રે રહ્યા બાદ તેણીના સુલક્ષણો જોઇ એ છોકરાના મગજમા સતોષજ ઉત્પન્ન થશે," આમ વિચાર કરીને માણેકલાલે શાતિ રાખી અને બીજેજ દિવસે ગુણવતીને બોલાવવા માટેનો પત્ર ધર્મદાસ ઉપર મોકલ્યો.

ગુલાબ પમું.

દોહરો.

ગુણવંતીએ હર્ષથી, કીધો સાસર વાસ,
ગુણવતીને નિરખતા, સપાટીદાસ ઉદાસ.

" પાશેરામાં પહેલી પુણી. "

માણેકલાલનો પત્ર ધર્મદાસને પહોચતાજ અને તે પત્રથી મહાલક્ષ્મી પણ વાકેફ થતાંજ મહાલક્ષ્મીએ ગુણવતીને સાસરે વિદાય કરવાની તૈયારી કરવા માડી અને યોગ્ય વસ્ત્રાલકાર સહીત તેણીને શુભ દિવસ જોઇ સુરત તરફ રવાના પણ કરી. રવાના કરવા અગાઉ ધર્મદાસે સુરત ખાતે માણેકલાલ ઉપર પત્ર લખેલો હોવાથી માણેકલાલ પોતાના ઘરની ગાડી લઇને સ્ટેશનપર ગયો અને ગુણવતીને સ્ટેશનપરથી

ઉતારી પોતાને ઘેર લઈ આવ્યો. જ્યારે ગુણવતી ઘરમાં આવી પહોંચી ત્યારે બપોર પછીના માત્ર બે વાગ્યાનો સમય થયો હતો. અને તે સમયે સપાટીદાસ દિવાનખાનામાં બારી આગળ બેઠો હતો. પોતાની ગાડીમાથી વહુને ઉતારી માણેકલાલ ઉપર દિવાનખાનામા આવ્યો અને ગુણવતીને સપાટીદાસનો ખાનગી ઓરડો બતાવીને કહ્યું કે "વહુ એ ઓરડામાં તમારા કપડા-લત્તા વગેરે જે હોય તે મુકો" આટલી સુચના આપીને માણેકલાલ પાછો દીવાનખાનામા આવ્યો અને કપડાં કાઢીને દિવાનખાનામાં બીછાવેલી ગાદીપર બેઠો

ગુણવતી પોતાની સાથે પોતાને પહેરવાના કપડાની એક પોટલી લાવેલી હતી, તે પોટલી તેણીએ તે ઓરડાના મધ્યમાં ગોઠવેલા ટેબલ ઉપર મુકી, અને તેણી ખાવાનાનો જે ડબ્બો સાથે લાવી હતી તે ડબ્બો, પણ તેણીએ તે સાથે મુકયો. તેણીને તે ઓરડો અજાણ્યો લાગવાથી તેણી શાતપણે તે ઓરડાની એક બારી પાસેજ બીછાવેલી એક શેતરંજી ઉપર બેઠી બાદ માણેકલાલે રસોઈયાને સુચના આપ્યાથી રસોઇઆએ ચાહનો પ્યાલો તૈયાર કરીને તેણીની પાસે મુકયો. વળી ઘાટીએ તેણીને પાણીનો લોટો આપ્યો જે પાણીથી તેણીએ તે ઓરડામા આવેલી એક ચોકડીમા પોતાનું મો ધોઈ નાખી કેટલાક કોગળા કીધા બાદ, તેણીએ તે ચાહ પીધી. અને વિવેક વિચાર વાપરીને પોતે પીધેલી ચાહનો કપ તથા રકાબી પાસેની ચોકડીમાંજ નળના પાણીથી ધોઈ નાંખી, તે કપ રકાબી ઘાટીને સોપવા માટે તેણી રસોડા આગળ ગઈ.

"ભાભી તમે શું કરવા તસ્દી લીધી એ તો હુ લઇ જતે અને ધોઇ નાખતે." તે ઘાટીએ લાયકી બતાવતા જણાવ્યું. "ઘરમા હુ કામ કરનાર છુ, માટે તમારે એવી તસ્દી ન લેવી."

"એમા તસ્દી શેની ભાઇ, એવુ કામકાજ કરવાનો ધમ અમારા બૈરાંઓનો છે અને તે ધર્મ અમારે બજાવવોજ જોઇએ" ગુણવતીએ લાયકી ભરી રીતે કહ્યુ કે "અમને તો ઘરનુ કામકાજ કરવાની સારી ટેવ પડેલી છે. અમો બૈરાંઓનો ધમ ઘરનુ કામકાજ કરવાનો છે જે મારે બજાવવુંજ જોઇએ" આમ કહી ગુણવંતી પાછી પોતાના ઓરડામાં જઇને બેઠી

પાછલા પહોરના ચાર વાગતાના સુમારે માણેકલાલ કેટલોક સરસામાન લાવવાને બજારમા ગયો અને તેના ગયા પછી સપાટીદાસ દિવાનખાનામાથી ઉઠીને પોતાના ઓરડામા જઈ પહોચ્યો. ગુણવતીને બેઠેલી જોતાજ તેની આખો રાતીપીળી થઇ ગઇ. સપાટીદાસે તે ઓરડામા જેવો પગ મુકયો અને ગુણવતીએ જેવો તેને જોયો કે તરતજ તેણીએ શરમાઇને મર્યાદાના મહત્વને ખાતર નીચી દ્રષ્ટિ કરી લીધી; તો પણ પોતાના પતિની મુખમુદ્રાના દર્શન કરતાજ તેણીને અત્યાનદ ઉપજ્યો હતો.

સપાટીદાસનો રગ તેથી ન્યારોજ હતો તેણે ઓરડામા પગ મુકતા રાતાપીળા થઇને ટેબલપર ગુણવંતીએ મુકેલી ગાસડી તથા ખાવાનાનો ડબ્બો જોઇ એકદમ ચીડવાઇને ઘાટીને ઘાટો પાડી કહ્યુ કે "રામા, અહીં આવ."

" આવુ છુ ભાઈ " રામાએ તરતજ હાજર થઇ પુછ્યું. " મોટા ભાઇ શો હુકમ છે ? "

" આ કચરાકુટ ટેબલ ઉપર કેમ મુક્યુ છે ? લઇ જા એ ગંધાતા ગાંસડા પોટલાને અને બાજુના ઓરડામા જઈને પટક. " આમ કહીને સપાટીદાસે વિશેષમા રામાને એટલું પણ ફરમાવી દીધુ કે " આ ગામડાંની ગમારને પણ અહીંથી લઇ જઇને બાજુના ઓરડામા બેસાડ. "

" વારૂ મોટાભાઈ " આમ કહી રામાએ ટેબલપરથી ગાસડી તથા ડબ્બો ઉંચકી લીધા અને ગુણવંતી પ્રત્યે નિહાળીને કહ્યુ " ભાભી તમે આમ આવો અને આ બાજુના ઓરડામાં બેસો. "

ગુણવતી તરતજ ઉઠી અને રામાની સાથે બાજુના ઓરડામાં જઇને બેઠી. કપડાંની પોટલી અને ડબ્બો પણ ખીંટીએ ભેરવી લીધા, સપાટીદાસને ફરવા જવાનો સમય થવાથી તે બની ઠનીને તૈયાર થઇ ગયો અને તરતજ તેનો દિલોજાન મીત્ર ગોટાળાશંકર પણ આવી પહોચ્યો ફરવા જતાં પહેલાં સપાટીદાસે પોતાની મુર્ખાઇનો એટલો પણ ઉપયોગ કર્યો કે પોતાના ખાનગી ઓરડાને તાળુ મારી તેની કુંચી પોતાની પાસે રાખી કે જથી ગુણવતી તે ઓરડામાં પ્રવેશ કરી શકે નહી.

માણેકલાલ બજારમાંથી આવી પહોચ્યો, અને તેણે સપાટીદાસના ઓરડાને તાળુ મારેલુ જોઇ રામાને પુછ્યુ "રામા, આ ઓરડાને તાળુ કેમ માર્યું છે ?

"એ તો હમણાજ મોટાભાઇ તાળુ મારીને તેમના દોસ્તદાર સાથે ફરવા ગયા છે."

"એની કુંચી તારી પાસે છે કે ?" માણેકલાલે વિશેષ પુછયું "અને વહુ કયા બેઠી છે ?"

"કુંચી તો મોટાભાઇ પોતાની સાથે લઇ ગયા છે અને ભાભી આ બાજુના ઓરડામા બેઠા છે" ઘાટીએ ખુલાસો કરતા જણાવ્યુ "મોટાભાઇના કહેવાથી ભાભીને મે અહીં બેસાડયા છે. અને એમનો સરસામાન પણ અહીજ મુકયો છે"

"ઠીક" આમ કહી માણેકલાલ તરતજ તે ઓરડામા ગયો અને ગુણવંતી પ્રત્યે બોલ્યો "વહુ તમને અજાણ્યુ લાગતુ હશે, પણ તેથી કાંઇ સંકોચાશો નહી આ આપણો ઘાટી ઘણો જુનો છે અને એ ખાત્રીવાળો માણસ છે માટે જે પણ જોઇતુ કરતુ હોય તે એની પાસેથી માગી લેજો. તમારા સાસુ ગુજરી ગયા પછી અમને ઘરમા બૈરા વિના અત્યંત અડચણ પડતી હતી. અને તે અડચણ તમારા આવ્યાથી દુર થઈ જશે, એટલે અમે અમને નસીબદાર સમજશુ. ધીમે ધીમે તમે ઘરના જેમ જેમ જાણીતા થઇ જશો તેમ તેમ ઘરની વ્યવસ્થા કરવાનુ પણ તમને સુઝ પડશે. તેને માટે તમે જરાપણ અકળાશો નહી. તમારાથી બની શકે તેમ ઘરમા દેખરેખ રાખી હાલ નકરો તેઓની મારફતેજ કામકાજની વ્યવસ્થા કરાવી લેજો માત્ર તમારે તો હુકમથીજ કામ કરાવવાનુ છે. તમે પોતે કામકાજના સબંધમાં વિશેષ શ્રમ લેતા નહી."

"સસરાજી, ઘરનુ કામકાજ કરવુ એમાં શ્રમ શાનો ! ઘરનું કામકાજ કરવું એ તો સ્ત્રીઓનીજ ફરજ છે. અને જેમ જેમ મને સમજ પડતી જશે તેમજ જેમ જેમ હું

વાકેપૂગાર થતી જઇશ, તેમ તેમ હુ બધુંયે કામ બજાવીશ. આપ કોઇપણ વાતની ચિંતા રાખશો નહી. ગુણુવતીએ ડહાપણ ભરેલી રીતે અને વિવેકી વાણીથી પોતાના હૃદયના ઉદ્દગારો પ્રગટ કરતા કહ્યુ કે "મારા સાસુજીના મરણ પછી ઘરમા કોઈ બૈરી નહી હોવાથી ઘરમાં આપને અડચણ પડી હશે એ સ્વભાવીક છે, પણ પ્રભુ કૃપાથી હુ સર્વ અડચણ દૂર કરવાને મારૂ બનતું કરીશ."

"વહુ, તમારા આ વિચારવંત શબ્દો સાભળીને મને આનંદ થયો છે, પ્રભુ તમને સુખી રાખે એટલે બસ છે" એમ કહી માણેકલાલ પાછો દિવાનખાનામા જઇને બેઠો અને થોડીવારે તે પણ પાછો કપડા પહેરીને ચાલી ગયા.

હવે ગુણુવતીને ઘરમા કંઇ ઠીક લાગવા માડયુ અને તેણીએ રામાને પુછયુ "રામા તારા મોટાભાઈ પાછા ઘરમા ક્યારે આવશે?"

"ઘણુ કરીને એ તો દરરોજ રાત્રે આઠ વાગે ઘેર આવે છે" રામાએ વિશેષમાં જણાવ્યુ કે "દરરોજ પાછલા પહોર પછી પોતાના દોસ્તો સાથે બ્હાર ફરવા જાય છે અને રાત્રે આઠ વાગે આવી વાળુ કરી નવ દશ વાગતાને સુમારે સુઇ જાય છે"

"પણ મને પેલા ઓરડામાથી તારા મોટાભાઇએ મારા સરસામાન સાથે મને અહીં બેસાડી તેનો શો સબબ?" ગુણુવતીએ ગુહ્યની વાત જાણવા માંગી. "તારા મોટાભાઇ કંઇ નાના નથી કે તેમને વિશેષ સમજાવવાની જરૂર હોય.' "સમજે તો બધુંયે છે, પણ એમનો સ્વભાવ જરા આકરો

અને અવિચારી છે." રામાએ ખરો ખુલાસો કર્યો કે "એમના મા, એમને પાચ વર્ષનો મુકી ગયા પછી ઘરમાં એને કોઇ કેળવનાર ન હોવાથી દુનીયાદારીની રીતથી ઘણા અજ્ઞાન રહ્યા છે અને અજ્ઞાનતાને લીધેજ એમણે તમને પેલા ઓગડામાથી આ ઓરડામા મોકલ્યા છે એ તો સમજશે ત્યારે ઠેકાણે આવશે" આમ કહી રામો પોતાના કામે વળગ્યો.

અકકલબાજ ગુણવતી તો રામાના કહેવા પહેલાજ પોતાના પતિના મિજાજની કીમત કરી શકી હતી અને વિશેષમા તેના કહેવાનો ભાવાર્થ જાણ્યો ત્યારે તેણીએ માની લીધુ કે "મારા પતી અગરજો યોગ્ય વચના થયા છે તો પણ દુનીયાદારીની રીતભાતથી અવશ્ય અજ્ઞાતજ હોવા જોઇએ પણ હરકત નહી પરીચય પડતા એ પણ આપોઆપ ઠેકાણે આવી જશે." આમ વિચાર કરી તેણીએ શાતી પકડી અને રસોડામા જઇ રસોઇયાની સામે બેઠી.

ગુલાબ ૬ ઠુ

દોહરો

મિત્રો માથે વાતમા, ગબડગડ વિચાર,
મૂખ સપાટીદાસની, બડાશમા નહી સાર

બાગમાં બડાશની વાતો.

તાપી તટપર આવેલા વીકટોરીયા ગાર્ડનમા એક બાકડા ઉપર સપાટીદાસ પોતાના કેટલાક મિત્રો સાથે હાસ્ય વિનોદ

કરતો બેઠો છે આ પ્રસંગે બાકડાની સામે મધ્યમા એક કાળી પુતળીની ટાળકીમાંથી ઉડી રહેલી પુવારાની ધારો બાગમા ફરનારાઓને શાતાનંદની લ્હેર આપે છે આ પુતળીનો મુકાબલો કરતા સપાટીદાસના એક મીત્રે જણાવ્યુ "ભાઇ સપાટીદાસ તારી બાયડીના અને આ કાળી પુતળીના રંગમા કશો ફેર નથી જો આ પુતળીને બદલે તારી બાયડીને ગોઠવી હોત તો બરાબરજ સમજાય"

"ભલા માણુસ, તે શુ જોઈને આવી બાયડી પસંદ કરી હશે ?" બીજા મીત્રે ટહુકો પુર્યો.

"ખચીતજ સપાટીદાશ તેં એક તારા નામને અને તારા ભપકાને એબ લગાડનારીજ બાયડી મેળવી છે" ત્રીજા મીત્રે પણ ઉપલા મીત્રોની માફકજ સપાટીદાશને શીકે ચઢાવ્યો.

હવે આપણે એ વિષે સપાટીદાશને વધારે મહેણા ટોણાં મારવાનુ મુકી દો" ગોટાળાશંકરે ખુલાશો કરતા જણાવ્યુ "એ બાબતમાં શુ ખુલાશો કરવો તે વીષેની વાતચીત સપાટીદાશ સાથે મારે થઈ ગઇ છે. માટે એજ વાતની ચોળાચોળ કરીને ભાઈ સપાટીદાશને આપણે વીશેષ વિમાષણમા નાંખવો અને એના આત્માને અધિક આક્રંદ ઉપજાવવું એ ઠીક નથી."

"મિત્રો, હુ પણ તમને હાથ જોડીને કહું છું કે એ વિષેની ચર્ચા મારી સાથે હવે તમે ચલાવશો નહી." સપાટીદાસે ચ્હેરો કરમાવીને કહ્યુ "તમે તો મને હમણા આવી આવી વાતો વદો છો, પણ તમો સર્વની પહેલા મે જ્યારે મારી બાયડીનો ચ્હેરો જોયો હતો, ત્યારથી મારો તમામ ઉત્સાહ ઉડી

ગયો છે, અને હું જે બાયડી જોઈને બળી મરતો હોઉ તેવું દુખ મારા દીલમાં થાય છે. શુ કરૂ કે હમણાને હમણા કંઇ બીજો આડો અવળો રસ્તો લઈ શકુ તેમ નથી, કેમકે માથે મારા વડીલ બીરાજે છે એટલે તેના અકુશનો અનાદર મારાથી થઇ શકતો નથી

"હા ભાઇ ! એ તો ત્હારૂ કેહેવુ અમે પણ પસદ કરીએ છીએ. પોતાના વડીલને માઠુ લગાડવું નહી એ સતપુત્રનો ધર્મ છે પણ અમારી વાત તારા મગજમા યોગ્ય મનાઈ છે, એજ બસ છે" હાજર રહેલા મીત્ર મડળે જણાવ્યુ "જો ભાઇ સપાટી હમારા કહેવાનુ તું કઈ ખોટુ લગાડતો નહી. જેમ તારી બાયડીની બાબતમા અમે તારી મશ્કરી કરીએ છીએ તેમજ તને આવી કદરૂપી બાયડી મળેલી જોઇ સ્વાભાવીક પણે સ્નેહી તરીકે અમને પણ દીલગીરી ઉપજે છે."

"મને કઇ એમા ખોટુ લગાડવાનુ કારણ નથી તમો જેવા સ્નેહીઓની લાગણી મારા પ્રત્યે સ્નેહ સબધથી બધાયલી હોવાથી તમો પણ મારા દુખમા ભાગ લો છો એ તો તમારી લાયકી છે" આમ કહેતા સપાટીદાસે છેવટે જણાવ્યુ કે, "જો મારૂ ભાગ્ય પાધરૂ હશે તો ભવીષ્યમા સો સારૂ જ થશે. આ પરણેલી બાયડીને હુ મારી અર્ધાગના તરીકે કદી પણ ચાહવાનો નથી, પણ તેણીને હુ મારા ઘરની કામ કરનારી મજુરણ તરીકે માનીશ."

"તારા જેવા અક્કલબાજને વધારે કહેવુ પડે તેમ નથી એ તો અમે પણ સમજીયે છીએ" આમ જણાવી ગોટાળાશં-

કર સીવાય બીજા મિત્રો બાગમાંથી ઉઠીને પોતપોતાના ઘર તરફ રવાના થયા

"જોયું આપણા મીત્રોની વાતો સાંભળીને?" ગોટાળાશંકરે હવે સપાટીદાસને અધીક ગોટાળામાં નાંખતા જણાવ્યું "આપણા મીત્ર મંડળ તરફથી તારી બાયડીની બાબતમાં તારી જે પણ મશ્કરી કરવામાં આવે છે તે કંઇ ખોટી નથી એમ તો હું માનેજ છેની!"

"અલબત તે હુ માનું છુ અને તેથીજ મે નીશ્ચય પણ કીધો છે કે એ બાયડી મારા મનથી મારી પ્રિયા સુહૃદ નથી; પણ એક ગુલામડી મારા ઘરમા મે રાખી છે એવીજ રીતનું વર્તન હુ તેણીની સાથે ચલાવીશ" સપાટીદાસે વીશેષમાં પોતાના અંતકરણની ભાવના પ્રગટ કરતા જણાવ્યુ "વળી ભાઈ ગોટાળાશંકર જો કે આપણા મીત્રો તો ઘણા છે, પરંતુ એક દીલોજાન દોસ્ત તરીકે જે સબંધ તારી સાથે છે, તેવો બીજા સાથે નથી અને તેથીજ મે મારા મનમા કરેલો નીશ્ચય હું તારી પાસે ખુલ્લો કરી દઉં છુ. કે "મારા પિતાજીને ગમે તેમ સમજાવીને પણ હું બીજી બાયડી પરણવાની તજવીજ કરીશ"

"એમ કંઈ થાય તો ઘણુંજ સારૂં" ગોટાળાશંકરે જણાવા માંડ્યું "પણ તમારી જ્ઞાતીમા એક સ્ત્રી હયાત છતા બીજી સ્ત્રી સાથે લગ્ન કરી શકાય છે ખરા?"

"જો કે, એવો રીવાજ અમારી જ્ઞાતીમા નથી, તો પણ બીજી સ્ત્રી સાથે લગ્ન કરૂં તો મારી પાસે મારી જ્ઞાતીવાળાઓ અમુક રકમનો દંડ લે એટલે પછી વાંધો પતી જાય."

સપાટીદાસે દાખલો આપતા જણાવ્યુ "અમારી જ્ઞાતીના એક શેઠીયાએ એક ઉપર બીજી સ્ત્રી કરી છે અને જ્ઞાતીવાળાઓએ તેની પાસેથી રૂપીઆ ૫૦૦૧નો દંડ લઇ તેનો વાધો માંડી વાળ્યો છે. તેવીજ રીતે મારૂ પણ બની શકશે."

"ત્યારે તો કઈ મોટી મુશ્કેલીની વાત નથી. ભલે દંડ આપવો પડે તો આપવો, પણ બીજી મનગમતી બાયડી પરણવી એજ તારા જેવા શોખીનને માટે સલાહકારક છે" ગોટાળાશંકરે પુરેપુરો ચડસ ચઢાવતા જણાવ્યુ "આપણી મનકામના માટે કદાચ પાચ ને બદલે દશ હજાર રૂપીઆ અગાડવા પડે તો તેથી ડરવાનુ નથી"

"એમ પૈસાથી હુ જરા બ્હીઉં એમ નથી. પૈસા એ તો હુ મારા મનને કાકરા સમજુ છુ" સપાટીદાસે બડાશ મારતા જણાવ્યુ "હું કયા પૈસાની દરકાર રાખું તેમ છે. મારા પીતાજી પેલી દુનીયામાં પહોચી જાય એટલીજ વાટ હું જોઉ છુ"

"મને તો લાગે છે કે તારા પિતાજી હવે ઘણા લાબા દહાડા ન કાઢે, કેમકે તેમને ક્ષય રોગ લાગુ પડયો છે, એટલે તેમના આયુષ્યની દોરી તદ્દન ટુકી થઈ ગયલી માની લેવી". ગોટાળાશંકરે હાસ્યરસમા જણાવ્યું 'તારા પિતાજી જલદી સ્વધામ પહોચી જાય તેને માટેજ હવે તો તારે દરરોજ માળા ફેરવવી જોઇએ"

"એ તો ભગવાનના હાથમા છે" સપાટીદાસે ઠંડા કલેજે જણાવ્યું "જન્મ ને મરણ કંઇ કોઇના હાથમાં નથી."

"જન્મ કોઇના હાથમા નથી એ વાત હુ માનુ છુ" પરંતુ મરણ તો સૌના હાથમા છે" ગોટાળાશંકરે હસીને જણાવ્યુ "જો તારો વિચાર એમ હોય કે તારા પીતાજીને અબ ઘડી મારી નાખવા છે તો તેનુ ગળુ દાબી દેતા અગર તેને ઝેર ખવાડતાજ તેના રામ રમી જશે"

"અને તેમ કરીને પછી મારે ફાંસીએ લટકવા જવુ એમજ કેની ? "સપાટીદાસે પણ હવે જરા હસીને - જણાવ્યુ "વાહરે ગોટાળાશકર વાહ ! તુ પણ જબરી અક્કલ બતાવે છે !"

"અરે ઘેલા, એ તો હુ તારી જરા મશ્કરી કરૂ છુ તારા વડીલને કમોતે મારી નાખવાની સલાહ હુ કદી પણ આપુ ખરો કે ?" ગોટાળાશકરે આમ કહી સપાટીદાસના ખભા ઉપર હાથ ઠોકીને જણાવ્યુ "તુ અત્યાર સુધી અત્યત નાખુશ થઇને બેઠો હતો, તેથી મેં તને ખુશી કરવાને ખાતરજ જરા ગમ્મત કરી, હુ તો હૃદયપૂર્વક ઇચ્છુ છુ કે "ઇશ્વિર કૃપાથી તારા શિરછત્ર તારે માથે દીર્ઘાયુષ ભોગવે અને તેમની છાયા નીચે તુ સુખી થાય"

"તેમની હયાતીમા તો હુ સુખી થનાર નથી કેમકે બીજી બાયડી પરણવાના મારા મતને તેઓ કદી પણ હા પાડે તેમ નથી" સપાટીદાસે વળી ક ટાળીને કહ્યુ "મારા વડીલ ઘણા જુના વિચારના છે અને તેઓ જ્ઞાતી રિવાજનો અનાદર કરવાને કદીપણ પસદ કરશે નહી."

"તેમ છતા મારી તો તને એજ સલાહ છે કે આ બાબતમાં તારા પિતાજીનું રીતસરનું માન રાખીને તેમને

યુક્તિપૂર્વક સમજાવવા જોઈએ, અને જો તું તેમને સમજાવીને તારા મનની વાત કહેશે તો તેઓ સમજી તો જશેજ" ગોટાળાશંકરે ખાસ ભાર મુકીને સલાહ આપી કે "તારા અંતઃકરણના ઉદ્દવેગથી તારે તારા પિતાજીને વાકેફ તો કરવાજ જોઇએ."

"તે તો હુ મર્યાદા મુકીને પણ તેમને કહીશજ, પણ મોટી મુશ્કેલીની વાત વળી એ છે કે અમારી ન્યાતમાથી મને એકપણ કન્યા મળે તેમ નથી" આમ હોવાથી મુશ્કેલી તો ઉભીજ રહેવાની"

તેનો પણ ઉપાય છે અને તે એ કે કોઈપણ ભાણાખપતી જ્ઞાતીમાથી કન્યા મેળવવાની તજવીજ કરવી" ગોટાળાશંકરે રસ્તો બતાવ્યો. બેચાર હજાર રૂપીઆ ખરચીને બ્હારગામથી કન્યા બેશક મળી શકશે, અને તે પણ વળી ખાસી મઝાની યોગ્ય વયની મળી શકશે"

"એ તો વળી તે વિશેષ મુશ્કેલીની સલાહ આપી" સપાટીદાસે પોતાનુ કપાળ પોતાના હાથના આગળાથી સહેજ ઠોકીને જણાવ્યુ" મુળ તો એક ઉપર બીજી સ્ત્રી કરવાની વાતનો વાધો મારા પિતાજી છોડે તેમ નથી, તો પછી પર ન્યાતની કન્યા લાવવાની તેઓ હા પાડે એવી આશા તો કદી રાખવીજ નહી"

"અરે પણ ભલા માણસ તારા પીતાજી જોડે એ વાત કરી તો જોજે. વાત કરવામા તારૂ શુ બગડવાનુ છે. તારી વાત એમના ધ્યાનમા ઉતરી જાય તો કદાચ તારૂં ધાર્યું થઇ જાય." ગોટાળાશંકરે શાંતીથી સમજાવીને કહ્યું "પ્રયત્ન કર-

વામાં તારૂં શું બગડી જવાનું છે. કદાચ તારી વાત તારા પિતાજી માન્ય ન રાખે તો પણ તારી વાતની તેમના મગજ પર કંઈપણ અસર થયા વીના નજ રહે! મારે કહેવું જોઇએ કે આપણા વડીલો ઘણું કરીને ભોળા હોય છે અને તેમને જો આપણે ભોળવી નાંખવા ચાહીએ તો ભોળવી પણ શકીએ. એ તો અષ્ટમ પષ્ટમ સમજાવવાની આવડત જોઇએ હું તો તને આગ્રહપૂર્વક ભલામણ કરૂં છું કે "તારા પીતાજી પાસે તારે તારા હૃદયની તમામ ગુંચવણ ખુલ્લી રીતે ખોલી દેવી કે જેથી તેઓ તારૂં હૃદય સમજી પણ શકે મનમાં મુંઝાવાથી કંઈ વળે નહી. કોઇપણ વાત ખુલ્લી કરવાથી તેનો કંઈ પણ નીવેડો આવી જાય"

"હા એ તો તારૂં કહેવું ખરૂં છે, અને બનતા સુધી ખાસ પિતાજી પાસે હું મારી જીજ્ઞાસાની તમામ બીના તોડી ફોડીને કહી દઇશ" સપાટીદાસે ઉશ્કેરાઇને કહ્યું "જે બનનારી હશે તે બનશે મોટાની મર્યાદા રાખવાનું હવે કંઇ પ્રયોજન રહ્યું નથી મોટાઓ પોતેજ મર્યાદા મુકાવવાની ફરજ પાડવા જેવું કરે તો મર્યાદા મુકવીજ જોઇએ."

"હવે સમજ્યો તે બરાબર" ગોટાળાશંકરે તેની પીઠ થાબડીને જણાવ્યું "તારી બુધ્ધિનો પ્રકાશ થતો જોઇ હવે મને પણ સંતોષ ઉપજે છે."

આ વગેરે વાતચીત કરીને તેઓ બંને બાગમાંથી ઉઠીને પોતપોતાને મુકામે સંચર્યા.

ગુલાબ ૭ મું

દોહરો

તોફાની રંગ જામતા, માણેકલાલ મુંઝાય;
ઝેર ખાઇ મૃત્યુ કર્યું, પાપી પુત હરખાય!

મરણ શરણ.

બાગમાંથી ફરીને સપાટીદાસે સ્વગૃહે આવી પોતાના પિતા સાથે ભોજન કીધુ બાદ માણેકલાલ દિવાનખાનામા ગયો અને સપાટીદાસ પોતાના ઓરડામા જઇને રામાને પોતાની પાસે બોલાવી તેને કહેવા લાગ્યો કે "રામા, પેલી ગામડાની ગમારડીને સાફ કહી દેજે કે તેણી આ મારા ઓરડામા બીલકુલ પગ પણ મુકે નહી, તેમજ તેણી મારી સામુ પણ જુએ નહી."

"મોટાભાઈ, એમ કેમ બને!" રામાએ સભ્યતાથી સમજાવ્યુ "એ તો આપણા ઘરમા એક શેઠાણી તરીકેની પદવી પર પધાર્યાં છે અને તમે શેઠ એટલે એ શેઠાણી એમા પણ કંઈ નવાઈ નથી. આપ એમને આવી રીતે તરછોડી નાખો, એ કાંઈ વાજબી ગણાય નહી."

"વાજબી ગણાય કે ન ગણાય તે વિચારવાનુ મારૂ કામ છે." સપાટીદાસે મિજાજમા જણાવ્યુ "એવી જંગલી જનાવર જેવી જડભરતને ભલે તું શેઠાણી તરીકે માને પણ હું તો તેણીને મારી બાયડી તરીકે કદીપણ માનવાનો નથી."

"ત્યારે શુ તમે તે બિચારીનું જીવન ધુળ કરવા ધારો છો? રામાએ ડહાપણથી દર્શાવ્યુ "તે બાયડીએ તમારી સાથે જીંદગી

પર્યંતનો હસ્તમેલાપ કર્યો, અને પતી પત્નીના સબંધ તરીકે તમો બને પરસ્પર સધાયા તો તે સબંધ સાચવવોજ જોઈએ મને સમજ પડતી નથી કે તમો ભાઈને તેણીનો આટલો બધો અભાવ અત્યારથીજ કેમ આવ્યો છે। આનુ કારણ આપ સમજાવશો ?"

"તેનું કારણ એ જ છે કે તેણી તદ્દન કદરૂપી, કાળી, અને કટાળા ભરેલી દીસે છે" સપાટીદાસે ખુલ્લી રીતે જણાવ્યુ કે" એવી બાયડીને હુ કદી પસદ કરૂજ નહી મારા પિતાજીએ તો મારે ગળે એક કાટ બાધ્યુ છે એ ભલે ઘરમા એક ગુલામડી તરીકે મજુરણ તરીકે અગર સર્વની દાસી તરીકે રહે પણ મારી અર્ધાગના તરીકે તો હુ એને ઘરમાં કદી પણ રાખવાનો નથી."

"જો તમે એમ કરશો તો એ બાપડીનો અવતાર એળે જશે। તમારી ન્યાતમા કઇ નાતરાનો રિવાજ નથી કે તમે એને ફારગતી આપી છુટી કરી શકવાના છો." રામાએ ગુલાબના ગુણની સ્તુતિ કરતા કહ્યુ "ભાઇ તમે તો ભુલો છો. તમે હજી એની પરિક્ષા કરી શકયા નથી. એ ભલે કાળી છે કે ગામડાની છે, પણ એના ગુણ ગમાર જેવા નથી એની સાથેના થોડાજ કલાકના સહવાસથી હુ સમજી શકયો છુ કે કે એ ભણેલી ગણેલી છે, ડાહી છે અને એની સમજ શકિત એના વયના પ્રમાણમા અતિ ઉત્તમ છે રૂપને રડવાનુ નથી. પણ ગુણની ગણના કરવાની છે મારી તો ખાત્રી છે કે એજ શેઠાણી આપણું ઘર શોભાવશે અને આગળ જતાં એના સદ-

ગુણોથી આપ સંતોષ પામશો. જ્યારથી એ ઘરમાં આવી છે ત્યારથીજ આપણા ઘરમા કેવુ રળીયામણું લાગે છે"

'એ બધા ડોઢડહાપણુની મને જરૂર નથી તું તો ચીઠ્ઠીનો ચાકર ગણાય અને તેથી મારા હુકમ પ્રમાણે તારે કરવું એજ તારૂ કામ છે." સપાટીદાસે ગુસ્સામા સંભળાવી દીધું કે "શું તુ મારો ઉપરી કે વડીલ છે કે મને સલાહ આપવા આવ્યો છે ? બસ, હું જેમ કહુ તેમ તારે કરવુ"

"મોટા ભાઇ હુ આપનો તાબેદાર છું અને આપનો હુકામ માનવાને બધાયલો છું, પરતુ હજી આપણી વય બાળ બુધ્ધિની છે અને દુનીયાદારીનો આપને અનુભવ નથી તેમજ આપના માતુશ્રીના મરણ પછી મે આપને આગતાસ્વાગતા કરી ઉછેરીયા છે માટેજ આવી રીત આપની સાથે બોલવાની છુટ લઉ છુ" રામાએ બારીકીથી કહ્યુ "જો આપ એ બાયડીનો ત્યાગ કરશો તો તેથી પીતાજીને અત્યત દુખ ઉત્પન્ન થશે"

"પિતાજીને દુખ ઉત્પન્ન થાય તેની મને દરકાર નથી" સપાટીદાસે કુમતીના શબ્દો ઉચ્ચાર્યા "તેમણે મારે ગળે આવી બાયડી બાધવામા કઇજ વિચાર કીધો નથી; માટેજ તેમને દુખ ઉત્પન્ન થાય તેનો વિચાર પણ મારે કરવાનો નથી."

"અરે ! પણ તમે જરા મગજને શાતી રાખી ભવિષ્યનો કંઇ પણ ખ્યાલ કરશો કે નહિ ?" રામાએ ભવિષ્યનો ભય બતાવતા કહ્યું "આપના આવા આચરણથી પિતાજીને તો ઝેર ખાવા જેવું થશે"

"ભલે તેમને ઝેર ખાવા જેવું થાય, અગર ભલે તેઓ કાલે ઝેર ખાતા હોય તો આજે ખાય" સપાટીદાસે અંતના

શબ્દો કહી સંભળાવ્યા "જો તેઓ ઝેર ન ખાય તો કદાચ આરે પોતાને ઝેર ખાવાનો વખત આવશે."

"શ્રી હરિ તું કરે તે ખરી !" રામો સ્તબ્ધ થઇ ગયો અને સપાટીદાસને વિશેષ કંઈ પણ ન કહેતાં તે ત્યાંથી દિવાનખાનામાં ચાલ્યો ગયો.

મુર્ખ સપાટીદાસે તરતજ પોતાના ઓરડાના બારણાને અંદરથી સાંકળ દઈ દીધી અને પોતે પોતાના મનમા તરેહવાર ઘાટ ઘડતો પલંગ પર પડયો

"કેમ રામા, ભાઈ સુઇ ગયો કે શુ ?" માણેકલાલે પોતાના પુત્રના ખાનગી ઓરડાના દ્વાર બંધ થએલા જોઇ પુછ્યુ "અને ગુણવતી વહુ કયા છે ?"

"તે તો રસોડાની બાજુના ઓરડામા બેઠા છે" રામાએ ગુહ્યની વાત પ્રગટ કરવાના હેતુથી સહજ ઇસારો કરતા કહ્યું "ભાઇ એ ઝટપટ પોતાના ઓરડાના દ્વાર બંધ કરી દીધાથી ગુણવતી શેઠાણી એકલાજ બ્હાર બેસી રહ્યા છે શું કહુ શેઠ ! કંઇ બોલવામાં માલ નથી !"

"એટલે !" માણેકલાલે ચમકીને પુછ્યુ "તારા કહેવાની મતલબ હું સમજી શકતો નથી. શું વહુ કઇ ગાંડુ ગોપાળુ આદરી છે ? તેવી નાદાની જો તેણીએ કરી હોય તો તેને માટે તારે ખોટું લગાડવું નહી ! કેમકે તેણી હજી બાળક ગણાય તેમજ આપણા ઘરમા તેણી નવી આવી છે એટલે આપણા ઘરનો અનુભવ તેણીને કયાંથી હોય ! જેમ તે મારા પુત્રને ઉછેરીને મોટો કર્યો છે તેવીજ રીતે આ વહુની સંભાળ પણ

તારે લેવાની છે. એ ભણેલી ગણેલી છે એટલે ઘરમા એ જલદી કેળવાઇ જશે."

"શેઠજી મને તો કઇ પણ ખોટુ લાગ્યુ નથી અને લાગે તેમ નથી અને એ બાઇ ઘણી ડાહી કેળવાયલી અને બુદ્ધિશાળી છે એ તો મને પણ સહજમા સમજાઇ ગયુ છે" રામાએ મુદ્દો ખુલ્લો કરી દીધો 'પણ ભાઈને ગમતી નથી! અને ભાઇએ મને સાફ કહ્યુ છે કે એને મારા ઓરડામાં પગ પણ મુકવા દેવા નહી"

"હે! આ તુ શુ બોલે છે? આવી ગુણવતી બાયડી ભાઈને પસદ પડતી નથી એ તો એની મુર્ખાઇજ છે. એ ભલે રગે કાળી છે પણ એના ગુણ કાળા નથી વળી એની વય હુજી નાદાન છે તો પણ ઘણી સમજુ, શાણી અને સુજ્ઞ છે. એ આપણું ઘર શોભાવશે એવી મારી માન્યતા છે"

"પણ ભાઈની માન્યતા એવી નથીને? રામાએ ખુલાશો કીધો "તે તો છેક ચડે જાઉ બડે જાઉ બની ગયા છે! અને તેમનો મિજાજ બિલ્કુલ ગરમ આગ બની ગયો છે"

"પણ રામા, તારે ભાઇને સમજાવુ જોઇએ અને તેનુ મગજ ઠેકાણે પણ લાવવુ જોઇએ" માણેકલાલે રામાને સમજાવીને કહ્યુ "જો રામા અત્યારે તારી શેઠાણી હયાત હોત તો કઈ વાધોજ ન્હોતો, પણ તે બિચારી મૃત્યુ પામી એટલ તેણીની જગા તારે અને મારેજ સાચવવાની છે. વળી મારાથી પણ આ બાબતમા મર્યાદા ભાઇને મુકીને કઈ કહી શકાય નહી માટે તારેજ તેને સમજાવીને શીખામણની એ વાત કહેવી જોઇએ."

"શેઠજી મારાથી બની શકે તેટલુ મે તેમને કહ્યુ, પરતુ તેઓ તો એકના બે થતાજ નથી તેમને આ બાયડી જોયતીજ નથી" રામાએ અચકાઇ જણાવ્યુ "શુ કહુ શેઠજી ! જ્યારે મે ભાઇને વધારે આગ્રહ કરીને સમજાવ્યુ ત્યારે તેઓએ તો આખરના શબ્દો સભળાવી દીધા કે "જો ઘણું કરશે તો ઝેર ખાઇશ."

"રામ રામ ! કલજુગ ! કલજુગ ! ! કલજુગ ! ! !" માણેકલાલ નિશ્વાસ નાખતા બોલ્યો "મારા છોકરામા આટલો બધો કલજુગ આવ્યો છે એ તો મે આજેજ જાણ્યુ ! રામા, મને સમજાતુ નથી કે હવે શુ કરવુ ? પારકી જણીને ઘરમા લાવ્યા પછી તેણીને દુ:ખમા નાખવી એ તો મારાથી કદી પણ ખમાયજ નહીં. કોઇ પણ ઉપાયે તુ ભાઇને સમજાવે તો સારૂ" "શેઠજી હુ લાચાર છુ કે ભાઇને સમજાવવાનો હવે રસ્તો રહ્યો નથી" રામાએ નિરાશા બતાવતા કહ્યુ "ભાઇ જ્યારે ઝેર ખાવાની અણીપર આવ્યા છે ત્યારે તેને મારે શું કહેવુ તેમ છતા હુ તેમને વિશેષ દબાણથી કહુ અને તેથી જો તેઓ કદાચ આડુ અવળુ કરી જીવપર આવે તો તે વખતે આપજ મને દોષ દેવાને ચુકો નહી."

"ઠીક જેવી હરીની મરજી !" માણેકલાલે આખોમા આંસુ આણી અત્યત આક્રદ કરતા છેવટે એટલુંજ કહ્યું કે "મારા કયા ભોગ લાગ્યા કે મે એને પરણાવ્યો મે તો જે કર્યું છે તે એનુ ભલુ વિચારીનેજ કર્યું છે, તેમ છતા એ છોકરો મારો ગુણ ભુલે છે તો જેવું મારૂ ભાગ્ય ! એક તો

તારી શેઠાણીના મૃત્યુનો ઘા હજુ મારા મનમાંથી ભુસાયા નથી અને તેમા વળી આ નવી હોળી મારે માથે જાગી ઉઠી છે હવે તો ઈશ્વર મારૂ મોત આપે તો સારૂ" એમ કહી માણેકલાલ દીવાનખાનામા બીછાવેલી ગાદી પરજ તકીયો મુકીને આડા પડયો.

રામો પણ ઘરમા જઈને વાસણ માજવા વગેરે ઘરનું કામકાજ કરવામા ગુથાયો અને તમામ કામકાજ આટોપ્યા પછી જે ઓરડામા ગુણવંતી બેઠી હતી તેજ ઓરડામાં રામાએ તેણીને સુવા માટે એક પથારી પાથરી આપી અને કહ્યુ કે "શેઠાણી, અહીં તમે તમારે નિરાતે સુજો. બીસો નહી; અહીં કોઈપણ જાતનો ભય નથી" આમ કહી રામો પણ પોતાના હમેશના નિયમ પ્રમાણે નીચેની પારસાળમા જઈને સુતો

માણેકલાલને નિંદ્રા આવી નહી સ્વપુત્રના સતાપમાં તેની ઉંઘ ઉડી ગઈ અને તે પોતાના મનમા ઘણોજ મુઝાઈ ગયો લગભગ એક કલાક સુધી તેણે આડા અવળા વિચારોની ઉથલપાથલ કરીને છેવટે તેણે પોતાનો પ્રાણ ત્યાગ કરવાનો નીશ્ચય કીધો અને તેને માટે તેણે સત્વર કબાટ ખોલીને અફીણની ડાબડી કાઢી. અફીણનુ વ્યશન તેને વળગેલુ હોવાથીજ તે પોતાના ઘરમા જોઈએ તે કરતા પણ કઈક વિશેષ અફીણ રાખતો હતો અફીણની ડબ્બી ભરેલી હતી તેમાથી એક મોટી ગોળી બનાવીને તે ગોળી પાણી સાથે એકદમ ગળી ગયો, અને તરતજ ભગવાન ભગવાન! નારાયણ

નારાયણ ! વગેરે પ્રભુના નામ ઉચ્ચારતો દીવાનખાનાના હીંડોળા પર આડો પડયો જે બાદ થોડા વખતમા તે બેશુદ્ધ બન્યો અને છેવટે પાછલી રાત્રે પ્રાણ પણ ગુમાવ્યો.

પ્રભાતનો પોહ ફાટયો હરરોજના ધારા પ્રમાણે રામો પરસાળમાથી ઉઠીને ઉપર આવ્યો અને તે ઘરના કામકાજમા લાગી ગયો તેણે દીવાનખાનામા માણેકલાલને હીંડોળા પર સુતેલો જોયો તો ખરો, પરતુ તેણે માણેકલાલને મરણ પામેલો નહી ધારતા તે ભર ઉંઘમા છે એવુજ તેણે ધાર્યું અને તેથી રામો દીવાનખાનામા ન જતા ઘરના અદરના ભાગમાજ કચરો કાઢવાને રોકાયો

સાત વાગી ગયાથી અને માણેકલાલનો હમેશ ઉઠવાનો વખત થયા છતા તે નહી ઉઠવાથી રામો તેને ઉઠાડવાને દીવાનખાનામા ગયો અને બુમ પાડીને બોલ્યો "શેઠ ઉઠોની આઠ વાગવા આવ્યા છે"

પણ શેઠ બિચારા બોલે શાના ! મરણ શરણ થયલા શેઠને વાચાજ કયાથી ? છેવટે રામાએ માણેકલાલના અગપરનુ ઓઢેલુ કપડુ જરા ઉચકયું તો શેઠના મોમા ફીણ આવેલા જણાયા એટલે રામો ગભરાયો અને તે સમજી ગયો કે શેઠે પ્રાણ ગુમાવ્યો છે તે પછી તરતજ તેણે સપા-ટીદાસને ઉઠાડયો. એટલે સપાટીદાસ દીવાનખાનામા જઈ માણેકલાલને જોવા લાગ્યો અને તેપણ સમજી ગયો કે તેના પીતાજીએ પ્રાણ ગુમાવ્યો છે.

બાદ વિશેષ ગરબડ નહી કરતા માણેકલાલને ઝટપટ સ્મશાનભૂમિમા લઇ જવાની તજવીજ સપાટીદાસે કરી અને માણેકલાલ એકદમ હૃદયબંધ થઈ જવાથી મરણ પામ્યો છે એવી વાત ઉરાડી ટુંક સમયમાજ તેની લાશને સ્મસાન ભૂમિમા બાળી આવ્યા

મુર્ખ સપાટીદાસને પોતાના પિતાના મરણનો શોક ઉત્પન્ન થવાને બદલે ઓર આનંદજ ઉત્પન્ન થયો પરંતુ ગુણવંતીને તમજ નીમકહલાલ રામાને તો અત્યંત રડવુ આવ્યુ

ગુલાબ ૮ મુ.

દોહરો

પત્ની તો કરવી નવી એવી રાખી આશ,
કોશિષ તે માટે કરે, મુર્ખ સપાટીદાશ !

હાથેમાથે.

માણેકલાલના મરણ બાદ સપાટીદાશ પોતાના ઘરમાં હાથેમાથે સ્વતંત્ર બની ગયો પોતાના પરમપૂજ્ય પીતાજીના ગત થવાની ગ્લાની પુત્રને થવી જોઇએ તેને બદલે આ અભાગી પુત્રને તો ઓર આનંદજ વ્યાપી રહ્યો, તેના મિત્રો પણ તેને એવો બુરો રંગ લગાડનારા હતા કે તેથી સપાટીદાસ ઓર અધીક બેવકુફ બની ગયો.

ગરીબ ગુણવતીને તો સપાટીદાશ ઘરમા એક મજુરણ માફકજ સમજવા લાગ્યો એટલુજ નહી પણ તેણીની સાથે સપાટીદાસે ઘરમા વાતચીતનો સીધો બ્હેવાર પણ રાખ્યો નહી. જો તેણીનુ કઇ કામ પડતુ તો સપાટીદાશ પોતે તેણીને કઇ ન કહેતા રામાની મારફતેજ તેણીને કહેવડાવતો. ગુણવન્તીની આવી દુખદાયક સ્થિતિ થવા છતા તેણી તો પોતાના મનમા શાતિ સાચવી રહી હતી અને તેણીએ સદ-મતિથી એવોજ વિચાર કરી રાખ્યો હતો કે મારા પતિ અત્યારે ગમે તેટલુ અવિચારીપણુ આદરી બેઠા છે અને એ ઓ મારા પ્રત્યે ગમે તેટલો અભાવ પણ બતાવે છે તા પણ તેમના પ્રત્યેનો મારો પત્ની ધર્મ બજાવવામા હુ તો કીંચીત પણ કસર કરીશ નહીં મારી યથાશક્તિ તેમની સેવા બજા-વવામા હુ સદા તત્પર રહીશ, અને તેમ કરીને જો હુ પ્રભુની પ્રસન્નતા પામીશ તો તે પ્રસન્નતાના પ્રતાપે તેજ પરમ કૃપાળુ પરમાત્મા એ મારા પતિના હૃદયમા મારા પ્રત્યે ભલી ભાવનાની પ્રેરણા પ્રવેશી શકશે અગરજો હાલ મારે કેટલોક સમય સહન કરવુ પડશે તો તેને માટે મારે કઇ સતાપ કરવા જવુ પણ નથી કેમકે સાપ્રત જો હુ સકટ સહન કરીશ તોજ મારો પત્નિ ધર્મ બજાવવામા પણ હુ ખતીલી રહી શકીશ એટલે મારે તો એવુજ સમ-જીને સતોષ રાખવો જોઇએ કે મારો ધર્મ બજાવવાને માટેજ ઇશ્વરે મને આવી સ્થિતીમા મુકી છે" આ પ્રમાણે ગુણવતીએ પાતાના પાતના અવળા ચરણનો સવળોજ અર્થ ગ્રહણ કરી લીધો, અને તેણી પોતાના કર્તવ્યમા મચેલીજ રહી.

વરશોથી વફાદાર નોકરી બજાવનાર રામાના હદયમાં સપાટીદાસના મુર્ખાઇ ભરેલા આચરણોને માટે ભારે પરિતાપ થયા કરતો હતો, પણ તે પોતાની ફરજ સમજીને ગુણવતીને વારવાર દીલાસો દેતો, તેમજ ગુણવતી પણ રામાની સારી સલાહ શાતીથી સ્વીકારતી હતી અગરજો રામો તો ઘરનો એક નોકર હતો તો પણ ગુણવતી તેને પોતાના એક શુભેચ્છક વડીલ સમાનજ સમજતી હતી, અને તેની સાથે ઘરમાં હળીમળીને ઘરનુ તમામ કામકાજ તેણી કરવામા જરાપણ આળસ કરતી ન્હોતી

પોતાના પિતાના મૃત્યુ બાદ સપાટીદાસે ‘ખુલ્લી રીતે પોતાના મતલબી મિત્રોનો મેળાવડો પોતાના મકાનમા ચાલુ રાખ્યો, અને ચાહપાણી વગેરે મીજબાનીઓ દરરોજ ઉડવા પણ લાગી આ બધુ ઉડાઉપણુ રામાને બીલકુલ રૂચતુ ન્હોતું અને તેથી તે પ્રસગોપાત સપાટીદાસને તે બાબતમા ટોકયા પણ કરતો હતો, પણ સપાટીદાસને તે ટોકણીની મુદ્દલ અસર થતી ન્હોતી, જેથી રામો માત્ર મનમાજ મુઝાતો શાત રહેતો હતો

સપાટીદાસ પીતાના મરણનો એક માસ વિત્યા બાદ વિચાર-રવા લાગ્યો કે “હવે મારે કોઇપણ મનગમતી કુવારીકા સાથે લગન તો કરવાજ જોઇએ અને તેને લગતી કોશીષ ગોટાળાશકર પાર પાડી શકશે” આમ વિચાર કરી તેણે સત્વર રામાની મારફતે ગોટાળાશકરને બોલાવી મગાવ્યો, અને તેને સપાટીદાસે પોતાની મનકામના દર્શાવી કે “ભાઈ

ગોટાળાશંકર, હવે મારો વિચાર બીજી બાયડી પરણવાનો છે અને તે બાબતમા તારી સલાહ તથા સાહ્યતાની ખાસ જરૂર છે"

હું તો તારા કોઇપણ કામકાજને માટે હાજર છું "ગોટાળાશંકરે કટાક્ષમા જણાવ્યુ પણ મારા સિવાય તારા બીજા ખાંડીબંધ મીત્રો તારી પાસે દરરોજ ચાહપાણી ચપાટવા તેમજ મનગમતા મીષ્ટાનો ઉડાવવા આવે છે તેઓની સલાહ ને સાહ્યતા પણ તારે લેવી જોઇએ"

"આ તારા શબ્દો કંઇક કરડાકી ભરેલા છે એ હુ સમજી શકુ છુ, પરંતુ બીજા મીત્રો તો માત્ર નામના અને મતલબને માટેજ મારે ત્યા આવે છે એ પણ હુ સમજી શકુ છુ" સપાટીદાસે પોતાના મનની વાત પ્રગટ કરી "મારા દીલોજાન દોસ્ત તરીકે તો હુ માત્ર તનેજ માનુ છુ અને તારાપર મને જેટલો વિશ્વાસ છે, તેટલો વિશ્વાસ બીજા કોઇ ઉપર નથી એ પણ તુ ચોક્કસ માનજે. મારા મનની કોઇ પણ વાત તારાથી ગુપ્ત રાખતો નથી તારા શિવાય બીજા મીત્રોની સાથે તો માત્ર મોજમઝા અને ગમ્મત કરવા પુરતોજ સબંધ રાખુ છુ, પણ તારી સાથે તો હુ ખાસ ખાનગી સબધ રાખુ છું. કેમકે મારા મનના માનીતા મિત્ર તરીકે માત્ર તુ એકજ છે હવે તુ મને સલાહ આપ કે બીજી બાયડી પરણવાને માટે મારે કેવા પ્રકારની કોશીષ કરવી જોઇએ ? તુ જાણે છે કે મારા પિતાજીએ તો મારી કોટમાં એક બલારૂપ બાયડી બાંધી છે, અને તેથી મારૂ મન અત્યત છીન્નભીન્ન થઇ ગયું

છે વળી એજ મ્હોકાણમા મારા પિતાજીએ અફીણ ખાઇ પોતાનુ અકાળ મૃત્યુ નીપજાવ્યુ છે એ વિગેરે તમામ વાતોથી તુ વાકેફજ છે."

"એ વાત તો હવે યાદ કરવાની જરૂરજ નથી." गतं न शोचनयर्म એટલોજ વિચાર રાખીને ગઇ ગુજરી ભુલી જવી જોઇએ" ગોટાળાશંકરે મુદ્દાની વાતપર આવતા જણાવ્યુ "બીજી બાયડી કરવાનો તારો વીચાર તો કઈ ખોટો નથી, પણ તારે લાયક અને તને પસંદ પડે તેવી એક પણ કન્યા તારી પોતાની જ્ઞાતીમા તો છેજ નહી, એટલે તારી ઉમેદ કેવી રીતે પાર પાડી શકાશે ?"

"ભલે મારી જ્ઞાતીમા એવી કઇ યોગ્ય કન્યા નથી તો પણ બીજી ભાણા ખપની જ્ઞાતીઓમા કયા ટોટા છે ?" સપાટીદાસે રસ્તો બતાવ્યો "કોઇ પણ ભાણા ખપતી જ્ઞાતીમાંથી કન્યા લાવવાનો મને તો બીલકુલ વાધો નથી"

'તને વાધો નથી એ કબુલ અને હુ પોતે એ બાબતમા કશો વાધો માનતોજ નથી" ગોટાળાશંકરે વાધાની વાત જણાવતા કહ્યુ "પણ જે મોટામા મોટો વાધો છે તેનો કઇ વિચાર કીધો ? બીજી જ્ઞાતીની કન્યા લાવતાજ તારી ન્યાતવાળાઓ તને ન્યાત બ્હાર મુકશે એ તો તુ માને છેની ."

"હા, એ તો ચોક્કસ છે બીજી કન્યા લાવતાની સાથે ન્યાતવાળાઓ મારી સાથેનો તમામ વ્યવહાર બધ કરશે એમાં તો શકજ નથી." સપાટીદાસે ખુલાસો કર્યો "પણ જ્ઞાતિના વાધાને તો હુ પહોચી શકીશ. મારી જ્ઞાતીમા એક

હયાત સ્ત્રી ઉપર ભાણુ ખપતી પર જ્ઞાતીમાથી કન્યા લાવવાના બે બનાવો બન્યા છે. અને તે બનેને મારી જ્ઞાતીએ પ્રથમ તો ન્યાત બ્હાર મુકયાજ હતા, પરતુ પાછળથી તે બંનેની પાસથી દંડના બબ્બે હજાર રૂપીઆ લઇ તે બનેને પાછા ન્યાતમા લીધા પણુ છે તેજ પ્રમાણે હુ પણુ દંડ આપીને જ્ઞાતિનો વાંધો પતાવી નાખીશ, એટલે એ બાબતમા તો કંઈ ગભરાવા જેવુ નથી. માત્ર પરજ્ઞાતીમાથી કોઈ સારીને યોગ્ય વયની કન્યા શોધી લાવવી એજ મુશ્કેલી ભરેલુ છે તેને માટે હુ તારા પર ઘણો આધાર રાખુ છુ ! કેમકે જો તુ મગજપર લેશે તો એ કામ બજાવી શકશે" "તારે ખાતર એ તો શુ, પરતુ એનાથી પણુ વધારે મુશ્કેલી ભરેલુ કામ બજાવવાને આ તારો મિત્ર તૈયાર છે" ગોટાળાશંકરે ઉપલેક માખણુ લગાડયુ "તારા જેવા મારા એક માનવંત મિત્રને માટે આ જાન પણુ હાજર છે"

"તો ભલે તુ આજથીજ એ બાબતની કોશીશ કર" સપાટીલાલે ઉત્સાહમા ઉભરાઇ કહ્યુ "મારી ખાત્રી છે કે તુ ઘણી સહેલાઇથી અને સત્વર એ કામ પાર પાડી શકશે તારો સ્વભાવ મહા મીલનસાર છે, એટલુજ નહી પણુ ગમે તેવા પત્થરને પલાળવાની બુદ્ધિપણુ પરમેશ્વરે તને બક્ષી છે, એટલે તુ મારૂ એટલુ કામ બજાવવામા નિષ્ફળ નહી નીવડે, તેને માટે તો મને તો સોએ સો ટકા ખાતરી છે"

"અને તું એટલી પણુ ખાતરી રાખજે કે મારાથી બનતું કરવામાં હુ કંઇપણુ પાછી પાની કરીશ નહીં." ગોટાળાશંકરે

ખુલાસો કીધો "વાધાની વાત એટલીજ છે કે એવી કોઈ કન્યા આપણા શહેરમાથી મેળવવી મુશ્કેલજ છે કેમકે પર જ્ઞાતિમા કન્યા કોણ આપે ! જેઓ પૈસાનો ગાસડો મેળવવાની આશા રાખતા હોય તેઓજ આવી આશા રાખનારાઓ અને આવી રીતે કન્યા વિક્રય કરનારાઓ આપણા સુધરેલા શહેરમાં તો જવલ્લેજ મળી શકે. તેને માટે તો બ્હારગામ તરફ તજવીજ કરવી જોઈએ."

"તો ભલે તેમ કરવુ" સપાટીદાસે આતુરતાથી જણાવ્યુ "તુ જોઇએ તો આજે ને આજે રાતની ગાડીમા બ્હારગામ ઉપડી જા, અને ખરચને માટે જે રકમ જોઇએ તે આપવાને હુ તૈયાર છુ"

"બ્હારગામ ઉપડી જવાને કઇ વાધો નથી અને બ્હાર ગામ જવા આવવાના ખર્ચને માટે પણ કઈ મોટી રકમ જોયવાની નથી." ગોટાળાશકરે કઈક ખંચાતા જણાવ્યુ "મોટી રકમ તો કન્યાના માબાપને આપવાને જોઇશે માટે તે બાબતમાજ તારે વિચાર કરવાનો છે"

"મોટી એટલે કેટલી મોટી રકમ જોઇશે ?" સપાટીદાસે પુછ્યુ "કઈ વીશ પચ્ચીસ હજાર રૂપીઆ તો નહી જોઇએની?"

"એટલા બધા તો નહી, પણ બે હજાર, પાચ હજાર કે કદાચ દશ હજાર રૂપીઆ પણ ઉડાવવા જોઇએ" ગોટાળાશકરે વિશેષમા ખુલાસો કર્યો "વળી એટલુ પણ સમજી રાખવુ કે જે પણ કન્યાના માબાપને આપવી પડશે તેમાથી એક પાઈ પણ પાછા આપણા ઘરમા આવવાની આશા રાખવી નહીં."

"તે તો હું પણ જાણુ છું. એ રકમ તો ગયા ખાતેજ સમજી લેવાની છે વળી ઘણામાં ઘણા દશ હજાર આપવા પડે તો તેમાં પણ કઇ મુઝાવુ નહી" સપાટીદાસે સપાટાબંધ કહી સભળાવ્યુ "એટલા રૂપીઆના હુ કઇ હિસાબ ગણતો નથી મારા મનની ઉમેદ પાર પાડવા માટે દશ હજાર રૂપીઆ શુ હિસાબમા છે?"

"હા તે તો બરોબર છે અ પણા કરતા કઈ રૂપીઆ વિશેષ નથી" ગોટાળાશકરે પણ સપાટીદાસને ખુબ ખીલવ્યો "મનુષ્ય માત્રે પોતાની જીદગીમા પોતાનુ મનગમતુ સુખ ભોગવવા માટે પૈસા ખરચતા જરા પણ અચકાવુ જોઇતું નથી કેટલાકો તો કરજ કરીને પણ પોતાની ઉમેદ પાર પાડે છે તારી બાબતમા, તો કાઇ તેમ પણ નથી તારા પીતાજી તારે માટે મનમાનતી મુડી મુકી ગયા છે અને તેનો ઉપયોગ તારા જીવનના સુખને અર્થે તારે ખચીત કરવોજ જોઇએ"

"ત્યારે હવે આજે રાતની ગાડીમા તુ બ્હારગામ ઉપડી તો જશેની?" સપાટીદાસે જણાવ્યુ "હુ ધારૂ છુ કે આજે ને આજે ઉપડી જવામા તને કઇ હરકત તો નહીજ હોય!"

"મને તો જરાયે હરકત નથી" ગોટાળાશકરે કબુલ કર્યું "આજે રાતના મેલમાજ હુ ગુજરાત કાઠીયાવાડ તરફ ઉપડી જઇશ"

"વારૂ ત્યારે હાલ તરત ખર્ચ જેટલાજ રૂપીઆ તારે સાથે રાખવા છે કે વિશેષ રાખવા છે?" સપાટીદાસે પુછ્યું "હુ ધારૂં છુ કે આશરે પાચશો રૂપીઆ તુ સાથે રાખશે તો

બસ થશે તેથી જો વિશેષ જોઇશે તો તે પણ તને મળશે."

એથી વિશેષની કઇ હાલ જરૂર નથી હુ જયા જયા જઇશ ત્યાથી તને વીગતવાર પત્ર લખીશ અને જયા પણ ચોકઠુ બેસશે ત્યા બેસાડી દઇશ 'ગોટાળાશકરે રૂપીઆને માટે કહ્યુ "ચોકઠુ બેસતાજ જેટલા રૂપીઆની જરૂર હશે તેટલાને માટે હુ તને કાગળ લખુ એટલે તે તુ મારાપર મોકલી આપજે"

"કાગળ લખવા કરતા તરતજ તાર કરજે અને હુ પણ તારથીજ રૂપીઆ મોકલી આપીશ" સપાટીદાસે સુચના કરી કે "તારથી રૂપીઆ મોકલી આપવાજ સારા કે જેથી સત્વર રૂપીઆ મળી જાય અને વિશેષ વિલબ થવા પામે નહી" આમ કહી સપાટીદાસે રૂપીઆ પાચસોની નોટ ગોટાળાશકરને આપી અને તેજ રાત્રે બહારગામ ઉપડી જવાનુ કહીને તે ત્યાથી નીકળી ગયો

ગુલાબ ૯ મું

દોહરો.

રામો સમજ્યો મન વિષે, મનમા કરે વિલાપ,
ગુણવતી જ્ઞાતા ગણી, કરે નહી સતાપ

એક પર બીજી.

"ઇચ્છા પ્રમાણે ગોટાળાશકર રાત્રે મેલ ટ્રેન મારફતે પ્રથમ વડોદરે જઇ પહોચ્યો ત્યા ત્રણ દિવસ રહી તપાસ કરી, પણ

સપાટીદાસને લાયક કોઇ પણ કન્યા તેના લક્ષમા આવી નહીં. તે પછી વડોદરેથી ઉપડીને અમદાવાદ ગયો અને ત્યા સામટા સાત દીવસ સુધી ખબર ચલાવી, પરંતુ ત્યા પણ કંઈ વળ્યુ નહી ત્યાથી આગળ વધી તે કાઠીઆવાડ તરફ સચર્યો અને કાઠીયાવાડના કેટલાક ગામોમા રટણ કીધા બાદ છેવટે કુડલા ગમમાથી તેને એક કન્યાનો પત્તો લાગ્યો તે કન્યાના માબાપને મળી ગોટાળાશકરે તેની સાથે વાતચીત કરી રૂપીયા દશ હજાર તે કન્યાને આપવાના ઠરાવ્યા, પરતુ તેમા કન્યાના માબાપો પાસે કબુલાત લીધી હતી કે રૂપીઆ દશ હજારમાથી રૂપીઆ પાચ હજાર તેઓને મળે અને બાકીના અડધા ભાગના રૂપીઆ પાચ હજાર ગોટાળાશકરને મળે આ પ્રમાણે ચોકકસ સાટુ કીધા પછી, ગોટાળાશકરે તરતજ સપાટીદાસ ઉપર તેને લગતો તાર મોકલી રૂપીઆ દશ હજાર મગાવ્યા તે રૂપીઆ ગોટાળાશકરે તેજ ગામના નગરશેઠને ત્યા અનામત મુકાવ્યા અને તે એવી શરતે કે કન્યાના લગ્ન થયા પછી તેમજ તે કન્યા સપાટીદાસના સ્વાધીનમા ગયા પછી તે રકમમાથી અરધા રૂપીઆ તે કન્યાના માબાપને મળે અને બાકીના અરધા રૂપીઆ ગોટાળાશકરને મળે. આવી શરતે નગરશેઠે પણ તે રૂપીઆ પોતાના કબજામા લીધા તે પછી તે કન્યાને લઈને તેના માબાપો ગોટાળાશકર સાથે સુરત આવ્યા બાદ કતારગામના એક બગલામા ખાનગી રીતે સપાટીદાસે તે કન્યા સાથે લગ્નની ક્રિયા પણ કરી લીધી અને બીજે દિવસે તે પરણેલી નવીન પ્રિયા સાથે સપાટીદાસે પોતાના મકાનમાં

નિવાસ કીધો. બાદ કન્યાના માતપિતા પોતાને ગામ પાછા જવા નીકળ્યા આ પ્રસંગે કન્યાના પિતાએ ગોટાળા.શંકરને ખાનગીમા કહ્યુ કે તમારે અમારી સાથે અમારે ગામ આવવુ જોઇએ કેમકે તમારા આવ્યા સીવાય પેલા નગરશેઠ અમને કંઈ અમારા ઠરાવેલા રૂપીઆ આપે નહી"

"હા તે તો ખરૂ છે, અને હુ પણ તમારી સાથેજ આવીશ, કેમકે મારે પણ અડધા ભાગના રૂપીઆ લેવાના છેની ?" ગોટાળાશંકરે તેને સમજાવીને કહ્યુ "હુ તમારા જમાઇને જુદુ ખ્હાનુ બતાવીને તમારી સાથે આવીશ. તેની આગળ કંઈ આપણી આ ખાનગી વાત કહેવાય નહી"

"તે તો તમારૂ કહેવુ બરાબર છે રૂપીઆ દશ હજારમાથી અડધા રૂપીઆ તમે લેવાના ઠરાવ્યા છે એ વાત તો મેં સપાટીદાસને હજી સુધી કહીજ નથી અને તે કહેવાય પણ નહી" કન્યાના બાપે જણાવ્યું "બનતા સુધી આજે આપણે અહીંથી વિદાય થઇએ તો વધારે સારૂ"

"તેમા કંઈ વાંધો નહી આવે હુ હમણાજ એ વિષે સપાટીદાસને વાત કરૂ છુ" આમ કહી ગોટાળાશંકરે સપાટીદાસ પાસે જઇને કહ્યુ કે 'ભાઈ, તારા સાસુ સસરા આજે પોતાને ગામ જવા માગે છે"

"ભલે, તેઓ ખુશીથી જાય "સપાટીદાસે સુચના કરી" એમને માટે ભાથુ વગેરે જે પણ જોઇએ તે તું બજારમાથી લેતો આવજે"

"તે તો હુ લઈ આવીશ, પણ મારે વળી તેમની સાથે તેમના ગામ સુધી જવુ' પડશે" ગોટાળાશકરે સબબ સમજાવ્યો "કેમકે મે અહીં આવતા પહેલા વચન આપ્યુ હતુ કે તેમને હુ પાછા તેમના ગામ સાગોપાગ પહોચાડીશ આ વચન પ્રમાણે મારે તેમની સાથે જવુજ જોઇશે"

"અલબત તે વચન આપ્યુ છે એટલે તારે તેમની સાથે તેમને પહોચાડવાને જવુ'જ જોઇએ" સપાટીદાસે વિશેષ સુચના કરી કે "તેમને માટે જે ભાથું તુ લઇ આવે તે લાવવામા તુ કઈપણ કસર કરતો નહીં પાચ રૂપીઆ વધારે બેસે તો હરકત નહીં, પણ તેઓ રાજી થાય તેમ કરવુ"

"હા તે તો ખરૂ છે અને હું મનમાનતુ' લાવીશ. તેને માટે તમે કંઇ ચિતા કરશો નહીં" આમ કહી ગોટાળાશંકર સત્વર બજારમા ગયો અને માવાની ઘારી, મગજ, બરફી, પેડા, કોપરાપાક, માવાના ઘુઘરા, મેસુર, સેવભજીયા, ગાઠીયા, અમરા વગેરે ખાવાની વિધવિધ વસ્તુઓ પુરતા જથામા લઇ આવ્યો, અને તેજ રાત્રે કન્યાના માબાપ સાથે ગોટાળાશકર પણ તેઓને ગામ પહોંચાડવાને ઉપડી ગયો"

વાચનાર સાહેબો, આ પ્રસંગે સપાટીદાસની આ નવીન પત્નીની તથા તેણીના માબાપોની પણ કેટલીક ઓળખાણ તમો સમક્ષ રજુ કરવી જોઇએ. કન્યાનુ નામ તેણીના જન્મની રાશી પ્રમાણે તો આનદી હતુ, પણ તેણી રૂપેરગે દુધ જેવી ઉજળી હોવાથી તેણીનું નામ તેણીના માતાપિતાએ દુધેલી કરીને રાખ્યુ છે અને તે લાડકા નામથીજ તેણી ઓળખાતી

હતી. તેણીની માતાનુ નામ અબા હતુ. જયારે તેણીના પિતાનુ નામ કપોળદાસ હતું. આ કપોળદાસને એક પણ પુત્ર નહોતો, પરતુ માત્ર ચાર પુત્રીઓજ હતી તેમા ત્રણ પુત્રીઓ દુધેલી કરતા મોટી હતી અને તેણીઓને પણ કપોળદાસે પૈસાના લોભે ભાણા ખપતી પરજ્ઞાતિઓમા પરણાવી હતી. આ પ્રમાણે ચારે કન્યાના રૂપીઆ કપોળદાસે કુલ રૂા ૨૫)હજાર ભેગા કર્યા હતા અને તે રકમના વ્યાજમાથી તે પોતાનો નિર્વાહ ચલાવતો હતો. આ સિવાય બીજો કઈ પણ કામધધો તે કરતો નહોતો, પણ માત્ર કન્યા વિક્રયની કીંમત ઉપરજ મોજ મારતો હતો

ગોટાળાશકર દુધેલીના માતપીતા સાથે તેમને ગામ પહોચ્યો અને નગરશેઠને ત્યાથી રૂપીઆ પાચ હજાર દુધેલીના પિતાને અપાવ્યા, તેમજ બાકીના રૂપીઆ પાચ હજાર પોતે લીધા. તે રૂપીઆ સહીત તે સત્વર સુરત આવી પહોચ્યો અને તે રૂપીઆનો ગાસડો પોતાને ઘેર મુકયા પછીજ તે સપાટીદાસને ત્યા ગયો. સપાટીદાસના સાસુ સસરાને તેમને ગામ સહીસલામત પહોચાડી આવ્યાની ખબર તેણે સપાટીદાસને તથા દુધેલીને કહી સભળાવતાજ તેઓ બનેને સતોષ વળ્યો તે પછી કેટલીક વાતચીતના તડાકા હાકીને ગોટાળાશંકર પાછો પોતાને મકાને સચર્યો

સપાટીદાસ પોતાની નવી પત્ની સાથે અચ્છા રગરસથી પોતાનો સસાર ચલાવવા લાગ્યો સપાટીદાસે પોતાની જુની સ્રી ગુણવતીના સબધમા દુધેલીને સર્વ બીનાથી વાકેફ

હોવાથી દુધેલી પણ ગુણુવતીની સાથે કડકાઈથી વર્તવા લાગી. અને ગુણુવતીને જેમ સપાટીદાસ ઘરની એક મજુરણ માફક માનતો હતો તેવીજ રીતે દુધેલી પણ ગુણુવતીને પોતાની એક દાસી તરીકે માનવા લાગી. આ પ્રમાણે ગરીબ ગુણુ-વતી ગમે એટલી બાહોશ અને ભણેલી ગણેલી હોવા છતાં તે બિચારીને તો ઘરમાં એક ગુલામડીની માફકજ રહેવુ પડ્યુ

એક દીવસે સપાટીદાસ અને દુધેલી ખુલ્લી ગાડીમાં બેસીને ફરવા ગયા. જે દરમ્યાન ગુણુવંતી અને રામાને પરસ્પર પોતાના હૃદયની વાતો કરવાનો પ્રસંગ મળી ગયો. અને રામાએ અંતઃકરણપૂર્વકની લાગણીથી ગુણવંતીને કહ્યુ કે, " બાઈ આ ઘરમાં તમારી સ્થિતી દુઃખદાયક દેખીને મારો આત્મા અહોનિશ બળ્યા કરે છે, પણ હું લાચાર છુ કે મોટાભાઈ મારૂ કશું માનતા નથી. એટલે તમારા પ્રત્યે મારી ગમે તેટલી લાગણી છતા તે લાગણી હુ પાર પાડી શકતો નથી. દુધેલીબાઈને લાવવા માટે મોટાભાઈએ જ્યારે ગોટાળાશંકર સાથે વાતચીત કરી હતી ત્યારથીજ મારા પેટમાં અત્યંત અગ્નિ વ્યાપી રહ્યો હતો, અને તેજ વખતે હુ મોટા ભાઈને સખત શબ્દોમા કેટલુંક કહેવાનો પણ હતો, પરંતુ મેં વળી વિચાર કર્યો કે " મોટાભાઈ મગજના કડક છે અને દુરાગ્રહી છે તેથી તેઓ મારૂં કહેલુ કદી પણ માનવાના નથી અને હું તેમને જે પણ કહીશ તે સોનાની જાળ પાણીમાં

નાંખવા બરાબરજ થશે આમ ધારીને મે તે પ્રસગે તેમને ટોકવા કે રોકવાનુ માંડી વાળ્યુ હતુ."

"એ તો તેં ડહાપણજ વાપર્યુ છે અત્યત આવેશમા આવેલા માણસ ભાગ્યેજ રોકાય" ગુણવતીએ પોતાની મનોવૃત્તિ પ્રગટ કરતા જણાવ્યુ "તારા શેઠે ગોટા ળાશંકરને નવી બાયડી પરણવાની બાબતમા જ્યારે વાતચીત કરી હતી ત્યારે હુ પણ તેઓની વાતચીતનો સાર પામી ગઈ હતી, પરતુ મેં તો અહીંનો રગ જોઇને મારા મગજમા એટલુજ નિર્માણ કરી રાખ્યુ છે કે ભલે તારા શેઠ મારા પ્રત્યે નિષ્ઠુર નજરે જુએ અને ભલે મને અણમાનીતી ગણી ઘરમા મને એક મજુરણ તરીકે રાખે તો પણ મારે તો મારો પતિ ધર્મ બજાવવો આ મારા નિશ્ચયમા હુ કદી પણ ડગવાની નથી. અને રામા, તુ એટલુ પણ યાદ રાખજે કે, "આગળ જતા એજ મારા પતિની સાથેનો મારો સ્નેહ સબધ સરળતામા પ્રગટી નીકળશે અને અમો બને આખરે એકજ થઈશુ" અલબત તે વખત આવતા વિલબ તો લાગશેજ, પરતુ "ધીરજના ફળ મીઠા" એ જે વડીલોની વાણી છે તે તો કદી પણ મીથ્યા જવાની નથી. મારા પતિ પ્રત્યે મારૂ હૃદય શુધ્ધ છે તો મારૂં ભવિષ્ય પણ શુદ્ધજ થશે. એવો વિશ્વાસ ઇશ્વરી નિયમ પ્રમાણે હુ તો રાખુ છુ"

"બાઇ સાહેબ, તમે જો કે હજી ઉગતી યુવાનીની વયે પહોચ્યા છો તો પણ તમારામા સભ્યતા, સુજ્ઞતા અને શાતિના જે સદ્‌ગુણો હુ જોઇ શકુ છુ તેથી મારૂ હૃદય પણ એટલું

ધારેજ છે કે ભવિષ્યમાં તમે સુખનો સમય જોઇ શકશો. " રામાએ પણ પોતાના હૃદયના ઉદ્દગારો પ્રગટ કરતા કહ્યુ " મોટાભાઈને મે મારા હાથે બાલ્યાવસ્થાથી ઉછેર્યા છે અને તેમના સ્વભાવનો જે અનુભવ મને છે તે ઉપરથી હુ એટલું તો નિષ્પક્ષપાતપણે કહુ છુ કે, એ તો બિચારા ઘણા ભોળા અને ભલા છે પણ એમને મળેલા લુચ્ચા લફંગા અને દગા-બાજ દોસ્તોની સગતમાજ એ બગડી ગયા છે. તેમા પણ ખાસ કરીને પેલો બદમાશ ગોટાળાશંકર એમને આડે રસ્તે દોરવ્યા કરે છે. એ જો નહીં હોય અને એને બદલે જો કોઇ સારાઓ ીી સોબતમા એ રહેતા હોય તો એ કદી પણ આડે રસ્તે દોરવાય નહી. "

" મને પણ એમજ લાગે છે કે એમની ખરાબી કરનારો એ બ્રહ્મણજ છે " ગુણવંતીએ ચિંતાતુર ચહેરે જણાવ્યુ મને પડતી મુકીને બીજી બાયડી લઈ આવ્યા એમા કેટલા બધા પૈસાનો ખર્ચ કીધો હશે ! "

" પૈસાનો બગાડો કઇ ઓછો તો થયોજ નહી હોય ! કેમકે પૈસા ઉડાવ્યા સિવાય કઈ મ્હારશામની મોટી કન્યા મળે નહીં. " રામાએ ખેદ સહીત કહ્યુ. " શેઠના સ્વર્ગવાસ પછી મોટાભાઇને માથે હવે કોઇ રહ્યુ નથી તેમજ તેમને કોઇ સારા સલાહકાર પણ નથી એટલે મને તો ભય લાગે છે કે શેઠ જે પુંજી મુકી ગયા છે તે ધીમે ધીમે તપ્પરકે થઇ જશે. વળી જે નવી બાયડી પરણી લાવ્યા છે તે તમારી માફક સાદી સુજ્ઞ કે સમજદાર નથી, પરંતુ આટલા દિવસના

પરિચય ઉપરથી ચોકખુ માલુમ પડે છે કે એ નવી બાયડી મોટાભાઇને ખોટા ખરચોના ખાડામા નાખ્યા કરશે અને આગળ જતા મોટાભાઇને પાહડે પાણી પાઇ ગુલામ બનાવી દેશે. જુઓની હજી તો એ નવા બાઇસાહેબને આવ્યાને સાડા ત્રણ દહાડા તો થયા નથી અને એટલામાજ મોટાભાઈ પાસે એ કેવા દેવા ઉડાઉ ખરચો કરાવે છે ! '

" તે માટે કઇ ગભરાતો નહી. ભલે નશીબના યોગે પૈસા જાય એ તો જેવી ઇશ્વરેચ્છા. " ગુણવતીએ સદમતિથી જણાવ્યુ ' પણ માત્ર તારા શેઠની હયાતી રહેશે તો બસ છે. હુ પૈસાની કીંમત કરતા પણ મારા પતિની હયાતીની કીંમત વિશેષ સમજું છુ હયાતી હશે તો પૈસો આવી મળશે " આ પ્રમાણે વાતચીત કરી રમાએ તેમજ ગુણવંતીએ શાતિ રાખવાનો સન્માર્ગ લીધો.

ગુલાબ ૧૦ મુ.

દોહરો.

દુધેલી ઉડાઉ છે, પુરી ફેશનબાજ,
સાપ્રત ફેશનબાઈનુ, ઘરમા ઘુસ્યુ રાજ.

' જીલબ્બો. '

દુધેલી દરેક બાબતમા સપાટીદાસને મનપસદ નવી મળી છે, પણ તેણી વિદ્યાભ્યાસની બાબતમા તો તદ્દન મીંડા જેવીજ છે. તેણીના માતા પીતાએ તેણીને કેળવણીની બાબતમા કમ

નશીબ રાખેલી હોવાથી તેણીને એકડો કાઢતા પણ આવડતું નથી તો પછી વાચતા લખતા તો કયાથીજ આવડે ? અને કોઇ પણ પ્રકારની સારી કેળવણી તેણીએ લીધેલી નહીં હોવાથી સ્વચ્છતા કે સફાઇથી કેવી રીતે રહી શકાય તેનુ જ્ઞાન પણ તેણીનામા મુદ્દલ નહોતુ આથી સપાટીદાસે;તેણીને ભણાવવા માટે એક મહેતીને યોગ્ય પગારે રાખી આ મહેતીનુ નામ ક્ષામાબાઇ હતુ. આ મહેતી સારી કેળવણી પામેલી અને બડી બુધ્ધિશાળી હતી, પરતુ તેણીના મગજમા ફેશનનો ફાકો પુષ્કળ હતો. નવી નવી ફેશનના વસ્રો વાપરવાનો તેણીને ભારે ચડસ હતો અને દુધેલીને ભણાવવા આવતાં તેણી દરરોજ નવી નવી ફેશનના પોલકા ને સાડી સજીને આવતી હતી. તેણીએ દુધેલીને જેમ વિદ્યાભ્યાસ કરાવવા માડયો, તેમજ ફેશનનો શોખ પણ લગાડવા માડયો. એટલે એક તરફથી જેમ દુધેલીને અભ્યાસનો રગ લાગ્યો તેમજ બીજી તરફથી ફેશનનો રગ પણ લાગ્યો

દુધેલીને જોઇને સપાટીદાસ અહોનિશ આનદમા રહેતો હતો, એટલુજ નહિ પણ દુધેલીના હુકમમા 'જીલબ્બે'ની માફક સપાટીદાસ સદા હાજરનો હાજરજ જોઈ લેવો. જો દુધેલી પાણી માગતી તો પાણીને બદલે દુધ આપવાનો ઉત્સાહ પણ સપાટીદાસના હૃદયમા ઉછળી રહેતો વળી મહેતીના બોધથી દુધેલીને ફેશનનો ફાકો લાગુ પડવાથી દુધેલીએ સપાટીદાસ પ્રત્યે જણાવ્યુ " જુઓ પ્રાણનાથ મને ભણાવવા આવનાર મહેતી દરરોજ કેવા નવી નવી ફેશનના પોલકાને

સાડી વાપરે છે અગરજો તેણીનો પેદાશ કઇ ઘણી મોટી નથી, તેમજ તેણીની પાસે વિશેષ પૈસા પણ નથી, તોપણ પોતાના મનગમતા વસ્ત્રો વસાવવામા તેણી પૈસાની દરકાર કરતી નથી તેણી તો સાફ કહે છે કે " આપણે મહેનત કરીને જે કમાઇ કરીએ છીએ તેનો ઉપયોગ આપણી મન-ગમતી મોજશોખ કરવામા થવોજ જોઇએ આ તેણીનો વિચાર મને પણ પસદ છે, અને મારે માટે પણ તમારે નવી નવી ફેશનના વસ્ત્રો વસાવવા જોઇએ તમારા જેવા પૈસાદાર પતિ મને મળ્યા છે તો તમારે મને મારા મનગમતાં લાડ અને કોડ પુરા પાડવાજ જોઇએ"

"પણ હુ તને તે વાતની કયા ના પાડુ છુ?" સપા-ટીદાસે ઉત્સાહપૂર્વક જણાવ્યુ. "તારે જોઇએ તેવા વસ્ત્રો વસાવવાની તને પુરી પરવાનગી છે આપણી પ્રતિષ્ઠા પ્રમાણે આપણે સારા વસ્ત્રો વાપરવાજ જોઇએ અને જેમ તને સારા વસ્ત્રો વાપરવાનો શોખ છે તેમજ મને પણ છે એવી બાબ-તમા હુ કદી કરકસર કરવાનુ પસદ કરતોજ નથી અત્યાર સુધી મે એ બાબતમા તારૂ ધ્યાન ન ખેચ્યુ તેનુ કારણ એજ હતુ કે, તુ ભણેલી ગણેલી અને કેળવણી પામેલી નહી હોવાથી હાલની નવી નવી ફેશનનુ જ્ઞાન પણ તને હોય નહી, અને તે જ્ઞાન નહી હોય એટલે ફેશનની ખુબી પણ તને કયાથી સમજાય હવે તે વિદ્યાભ્યાસ કરવા માડયો છે તેના પ્રતાપે તુ ફેશનની ખુબી પણ સમજવા લાગી છે. અને જેમ જેમ તારો અભ્યાસ આગળ વધતો જશે, તેમ તેમ

ફેશનની પરિક્ષા કરવામા પણ તું વધારેને વધારેજ કુશળ બની જશે ? સપાટીદાસે તરતજ ત્રીજોરી ખોલીને તેમાથી નોટનુ એક બંડલ કાઢયુ અને તે દુધેલી પ્રત્યે બોલ્યો, " ચાલ, મારી સાથે હમણાંને હમણા આપણે બજારમાં જઈએ અને તારે તથા મારે માટે નવી નવી ફેશનના મન પસંદ વસ્ત્રો લઇ આવીએ "

તરતજ દુધેલી પણ કપડા બદલીને તૈયાર થઈ ગઈ અને તેઓ બંને સજોડે પોતાની ગાડીમાં બેસીને બજારમા ગયા

સપાટીદાસ અને દુધેલી બજારમા ગયલા હોવાથી તેમની ગેરહાજરીમા રમાને અને ગુણવંતીને વાતચીત કરવાનો ઠીક પ્રસંગ મળી ગયો. વળી ઘરમા ગવરીશંકર નામનો એક રસોઇઓ રાખેલો હતો, તે પણ વચમા ટહુકા પુરવામા પાછી પાની કરતો ન્હોતો

" ગુણવંતી બ્હેન, હાલ તરત તો આપણા ઘરમા બધું "જીલબ્બે"ની સાથેજ કામ ચાલતું જણાય છે. " ગવરીશંકરે હસીને જણાવ્યુ " તમે તો શેઠની સાથે જરા પણ રોફ બજાવતા નથી, પણ દુધેલીબાઈ તો શેઠના ઉપર હાલતા ને ચાલતા હુકમજ બજાવ્યા કરે છે તેમ શેઠ પણ જાણે દુધેલીબાઇને જોઈને દીવાના બની ગયા હોય તેમ તેણીના દરેક હુકમને "જીલબ્બે" માફકજ માન આપે છે "

" હા, મહારાજ, એમ તો છેજ " ગુણવંતીએ ઠંડાઇથી જણાવ્યુ " મારા પતિને નવી પત્નિપર પરિપૂર્ણ પ્રેમ હોવાથી તેઓ તેણીના હુકમમાં હાજર રહે એ તો સ્વાભાવીક છે. "

" પણ હુલેલીબાઈને દેખીને તમારા આત્માને કંઈ ચણ-ચણાટ થતો નથી ? " ગવરીશંકરે તાજુબીથી પુછ્યુ. "હુલે-લીબાઇને શેઠ તેણીના મનગમતા લાડ લડાવે છે, અને શેઠ તમારો તો ભાવ પણ પુછતા નથી એ તમે કેમ ખમી શકો છો ? "

" મહારાજ, વખત વિચારીને ચાલવુ જોઇએ " ગુણ-વંતીએ મોટુ દિલ દાખવી કહ્યુ. " હુલેલી બેનને શેઠ પ્રેમ પૂર્વક પુજે છે તો તેમા મારે ઇર્ષા પણ શા માટે કરવી જોઇએ ? ભલે એ બને વચ્ચેનો પ્રેમપંથ ક્ષેમકુશળ સચવા-એલો રહે અને તે જોઇને મારૂ હૈયુ પણ હરખાય એવી બાબતમાં મારે અદેખાઈ કરવાનીજ નથી. એ તો લેણાદેણીની વાત છે. મારા ભાગ્યમા મારા પતિની સેવા કરવાનુ સર્જેલુ છે, જ્યારે હુલેલીબેનના ભાગ્યમાં મોજશોખ સર્જેલા છે એ તો પોતપોતાના ભાગ્ય પ્રમાણે બને છે, પરંતુ સ્વામીસેવા ધર્મ મારા ભાગ્યમા સર્જેલો હોવાથી હુ તો મને પોતાને ભાગ્યવંતીજ સમજુ છુ સ્વામી સેવામા જે સુખ છે, તેવું અન્ય માર્ગમા નથી " આમ કહી તરતજ ગુણવતી રસો-ડામાથી ઉઠીને નીચેની પરસાળમાં નળની નીચે લુગડા ધોવાને ગઇ. તેજ પરસાળમા રામો પણ કંઇક મસાલો ખાડતો બેઠો હતો

" ગુણવંતીબાઈ ! તમે કંઇ જાણ્યુ કે ? વાત તો બધી ઉડાઉડની ચાલે છે " રામાએ ગુણવંતી પ્રત્યે જણાવ્યુ. " મોટાભાઇ તો હુલેલીબાઈને સાથે લઈને બજારમા વસ્તો

ખરીદવા ગયા છે અને હુ ધારૂ છું કે કમમાં કમ હજાર પાંચસો રૂપીઆનુ પાણી કરી આવશે. તેઓ બને જે વાત કરતા હતા તે તમે સાભળી તો હશેજ "

" હા, ભાઈ, તેમની બધીએ વાત હુ સાભળતી હતી અને તેઓ નવી ફેશનના વસ્ત્રો વસાવવા બજારમા ગયા છે એ પણ હુ જાણી ચુકી છુ ગુણવતીએ કઈક નિશ્વાસ નાખતા જણાવ્યુ " વળી પેલી ક્ષમાબાઈ મહેતી આવે છે તેણીએ દુધેલીબેનને અને શેઠને ફેશનનો રગ ચઢાવવા માડયો છે એ પણ હુ સમજી ચુકી છુ એટલે તુ કહે છે તેમ જાત જાતના વસ્ત્રો વસાવવામા હજાર પાચશો રૂપીઆ ઉડી જાય તેમાં કઈ નવાઇ નથી. ઇશ્વરે જેને પૈસા આપ્યા હોય તે યથાશકિત વાપરે એમા તો કઇ ખોટુ નથી, પણ તે પૈસાનો ઉપયોગ સન્માર્ગમા થાય તોજ પૈસાનુ સાર્થક પણ સચવાય બાકી કિમતના વસ્ત્રો પહેરવાથી વિશેષ શુ છે ? સસ્તી કિંમતના સાદા કપડા પહેરવાથી કઇ આબરૂ ઘટી જતી નથી કે ખરાબ પણ દેખાતુ નથી. એ તો માત્ર મનના કારણો છે. તારા શેઠ હાથના જરા છુટા છે, એટલે તેઓ ખરચ કરતા અચકાતા નથી "

" પણ એ શુ કામનુ ? એ તો તમારૂં દીલ ઘણુ શુધ્ધ છે. તમારી સમજ શકિત પણ સ્તુતિપાત્ર છે અને તમે સાગર સમાન પેટ રાખો છો એટલે એ ઠીક છે, પણ જો તમારી જગાપર કોઇ બીજી કજીયાખોર કે ઉછાછળી બાયડી ઘરમાં હોય તો ઘરમાં દરરોજ તોફાન અને ટટા થયાજ

કરે. ” રમાએ લાગણીપૂર્વક જણાવ્યુ “તમે ભણેલા ગણેલા છો અને તમારા હૃદયમા કેળવણીનુ કાચન ભરેલુ છે એટલે તમે દુધેલીબાઇની કંઇ અદેખાઇ પણ કરતા નથી અને તેથીજ શેઠની શોભા પણ સચવાઈ રહી છે તેમ છતા મને જે ચિતા થાય છે તે એજ કે જો દુવલીબાઇની અક્કલે ચાલીને ઉડાઉ ખરચો કર્યા કરશે તો પુજી પણ જોત જોતામા પરવારી જશે. માણેકલાલ શેઠ કઇ લાખોની દોલત મુકી ગયા નથી. એમની તમામ સ્થાવર તેમજ જગમ મીલ્કત મળીને ઘણુ તો એક લાખની પુજી થાય અરે ઉડાઉપણામા લાખો અને કરોડો રૂપીઆ પણ જોત જોતામા સફાચટ થઇ જાય છે તો લાખ પોણો લાખની દોલત ચટણી થઇ જતા શી વાર? હાલનો રગ જોતા મને તો ચોકખી ચિતા પેઠી છે કે આ નવી બાયડી મારા શેઠને ભીખ માગતા કરી નાખશે ! ”

“ જેવી હરીની મરજી ” ગુણવતીએ અત્યંત ધીરજ ધરી જણાવ્યુ “ હુ તો તને વારવાર એટલુજ કહેતી આવી છુ કે ” પૈસા ભલે જવાના હોય તો જાય પણ મારા પતિનું હાડ સલામત રહે એટલુજ હુ પ્રભુ પાસે માગુ છુ જો કે નિરર્થક મોજશોખના માર્ગોમા અવિચારીપણે પૈસાનુ સત્યાનાશ વાળવુ એ સરૂ તો નથીજ તો પણ તારા શેઠ સમજતા નથી ત્યા બીજો ઉપાય પણ શો ! ”

મુખ્ય વાત તો એ છે કે મને અણમાનીતી કરીને નવી સ્ત્રી પરણવામાજ તારા શેઠે યોગ્ય કર્યું નથી, અને જ્યારથી નવી બાયડી લઇ આવ્યા છે ત્યારથીજ કાંકરાની માફક પૈસા

ઉરાડે છે તે જોઇ મને પણ ઘણો ખેદ તો થાય છે, પણ તે ખેદ મારે મનમાજ દાબી રાખવા સિવાય છુટકો પણ નથી; કેમકે જો ખેદ હુ ખુલ્લો કરૂ તો ઘરમા મીનાકશો જાગે અને તેથી તારા શેઠના જીવને પણ સતાપ ઉભો થાય અને શેઠના જીવને મારા કોઇ વર્તનથી સતાપ કરાવવો એ મારો ધર્મ કહેવાય નહિ હુ તો મારો ધર્મ મારા પ્રાણપતિને સદા આનંદમાંજ રાખવાનો સમજુ છુ વળી રામા તુ જાણે છે કે લક્ષ્મી તો ચળવ્યચળ છે લક્ષ્મીપર લલુતા રાખનારી હુ નથી, પરતુ સદાચારમા રહેવુ' એજ મારા મનને લક્ષ્મી પુજન સમાન હુ સમજુ છુ. વળી હુ ઉમેદ રાખુ છુ કે આગળ જતા મારૂ ચાલશે ત્યા સુધી તો મારા પતિને કદી પણ દુ:ભવા તો નહીજ દઇશ હાલ તરત હુ કંઇપણ વિશેષ પ્રયત્નો કરતી નથી તેનુ કારણ એજ છે કે તારા શેઠના મગજમાં હુમણા જે ઉડાઉડના મોજા ઉછળી રહ્યા છે, તેની સામે જો હુ કઇપણ પ્રયત્ન કરૂ તો તે પ્રયત્ન ઉછળતા મોજાના જોશમા જરૂર ઘસડાઇજ જાય, માટે સહજ પ્રસગ મળતાંજ હુ મારા પ્રયત્નો તો કદી પણ ચુકનાર નથી.

" આ તમારી ધીરજને માટે ધન્ય છે. " રામાએ ગુણવતીની સ્થીતિનો વિચારકરતા જણાવ્યુ ."તમે જો કે વયમાં વિશેષ નથી, તમારા વિચારો અત્યત પુખ્ત છે તેથી પરિણામ સારૂજ લાવી શકશો એટલુ તો મારૂ મન પણ કબુલ કરે છે "

" વાતચીત કરતા ગુણવતીએ કપડા ધોઈ નાખ્યા અને રામાએ પણ મસાલો ખાડવાનુ કામ પુરૂ કરી દીધુ એટલે તેઓ બને પાછા ઉપર ચાલી ગયા. "

આશરે ત્રણ કલાક પછી સપાટીદાસ અને દુધેલી આવી પહોચ્યા અને સપાટીદાસે હરખાઇને રામાને બોલાવીને તમામ નવી નવી ફેશનના લાવેલા વસ્રો બતાવી કહ્યુ કે " કેમ રામા, આ બધુ જાત જાતનુ કાપડ તને પસદ પડે છે કે?"

" કાપડ તો બધુએ પસદ પડે છે, પણ તમારા પૈસા ઉડે છે એ મને પસદ પડતુ નથી. " આટલો ટચકો મુકીને રામો ત્યાથી ખસીજ ગયો

રામાના બોલવાની કઈપણ દરકાર સપાટીદાસે કરી નહિ અને તે તો દુધેલી સાથે ફેશનના ફડાકા હાકતોજ ખુશમીજમા બેઠો

ગુલાબ ૧૧ મુ

દોહરો.

ફેશનબાઈ ફાલ્યા ફૂલ્યા, ખરચોનો નહિ પાર,
મોજશોખ કરતાં રહ્યા, પૈસાના પોબાર.

ઉડાઉડ !

ફેશનેબલ વસ્રો તો ઢગલા બંધ થઈ ગયા, પણ તેને ગોઠવીને મુકવાને લાયક કબાટો ઘરમાં નહી હોવાથી મુબઈ ઓડર મોકલીને ચાર કીંમતી કબાટો મગાવ્યા. વળી તેની

સાથે સુંદર ખુરસીઓ, ટેબલો, સોફા, ઇઝીચેર વગેરે કેટલુંક નવી ફેશનનું ફરનીચર પણ મંગાવ્યું અને તે સર્વની પાછળ રૂપીઆ બે હજાર ખરચી નાખ્યા

હુંધેલી જો કે ગામડામાંજ જન્મેલી હતી, અને શહેરી મોજ શોખનો અનુભવ તેણીને ન્હોતો, તોપણ સપાટીદાસને ત્યાં આવ્યા પછી અને શહેરી ઠાઠમાઠ જોયા પછી તેણી પણ એક શહેરી સ્ત્રી સમાન સુધરવા લાગી 'હતી. વળી તેણીનો વિદ્યાભ્યાસ જેમજેમ આગળ વધતો ગયો તેમ તેમ તેણીના મગજમાં મોજ શોખના માર્ગો પણ વિકાશ પામતા ગયા

દરરોજ સાયંકાળે સપાટીદાસ હુંધેલીને પોતાની સાથે ગાડીમાં બેસાડીને ફરવા લઇ જવા લાગ્યો. ગાડી એક ઘોડાની વીક્ટોરીયા હતી અને તેમાં આ જુવાન જોડું ભપકાદાર પોશાકમાં બ્હાર ફરવા નીકળતું, ત્યારે રસ્તાપર ચાલનારા લોકો આ જોડાને ટગર ટગર જોયા કરતા હતા. તેઓ ઘણું ખરૂં જાહેર બાગને રસ્તે થઇને લાઇન્સમાં ફરી આવી દીવા બત્તી લગભગ પાછા જાહેર બાગ તરફ આવી પહોંચતા અને બાગની બાજુમાં ગાડી ઉભી રખાવી તેઓ બન્ને ગાડીમાંથી ઉતરીને બાગમાં જઇ એક બાંકડા ઉપર બેસતા હતા. આ પ્રસંગે સપાટીદાસના કેટલાક મીત્રો અને ઓળખીતાઓ મળતા હતા; અને તેઓની સાથે સપાટીદાસ તેમજ હુંધેલી વિધવિધ વાતોના તડાકા ચલાવતા હતા, અને તેમ કરીને લગભગ બે કલાક તેઓ બાગમાંજ પસાર કરતા હતા.

એક મજબુત વાંધો દુધેલીને જણાયો, એટલે બાગમાંથી ઉઠીને તેઓ બને ગાડીમા બેસી, સ્વગૃહે જવા નીકળ્યા. માર્ગમા દુધેલીનો ચ્હેરો કંઈક કચવાયલા જેવો જોઇને સપાટીદાસે તેણીને પુછ્યુ "વ્હાલી, દરરોજ તો તુ ફરીને ઘેર જતી વખતે ઘણા ખુશમીજાજમાં દેખાય છે અને આજે તારો ચ્હેરો કંઈક કરમાયલો કેમ દીસે છે?"

"પ્રાણનાથ, આજે બાગમાં કેટલાક ઓળખીતાઓએ મારૂ નામ પુછતા મારૂ દુધેલી નામ દર્શાવ્યુ, તે સાભળીને તેઓ જાણે મનમા હસતા હોય એવુ મને દેખાયુ, એટલે દુધેલી નામ શોભતુ નથી એટલુ હુ ચોક્કસ સમજી શકી છુ" દુધેલીએ સુચના કરી "મારૂ નામ બદલીને કોઇ બીજુ સારૂ નામ રાખવુ જોઇએ દુધેલી નામ બીલકુલ જુના જમાનાનુ અને ગામડીયણ જેવુજ લાગે છે એમા તો શક નથી."

"એ તારી વાત મને પણ વાજબી લાગે છે" સપાટીદાસે હાજીહા કરતા પુછ્યુ "ત્યારે તને કયું નામ પસદ છે?"

"કોઇ પણ સારૂ અને મારા રૂપરંગને લાયક નામ રાખવુ જોઈએ." દુધેલીએ જરા વિચાર કરીને કહ્યું "મારૂ નામ કનકલક્ષ્મી રાખો તો કેમ?

"એ નામ સારૂ છે, પણ કેટલાકો વળી કનકલક્ષ્મી ન કહેતા કનક અથવા કનકી કહીને બોલાવશે" સપાટીદાસે તે પછી પોતાનુ મનપસદ નામ શોધી જણાવ્યુ "મારી મરજી તો કોઇ પણ ફાંકડુ નામ રાખવાની છે"

' હા, મારી મરજી પણ તેવીજ છે. ”' દુધેલીએ વિશેષ વિચાર કરી કહ્યુ કે “જ્યાલક્ષ્મી નામ મને તો વિશેષ ગમે છે એ નામ રાખવાથી કેટલાકો કદાચ જ્યાલક્ષ્મીને નામે ન બોલાવતા માત્ર જ્યા કહીને બોલાવશે તોપણ તે નામ તોછડુ તો નહીજ ગણાય ”

' બરાબર છે નામ તો અચ્છુ શોધી કાઢયુ અને એ ' નામથી હું પણ તને બોલાવીશ ” સપાટીદાસે હરખાઇને જણાવ્યુ “ ઘરમા પણ બધા માણસોને ફરમાવીશ કે જ્યાલક્ષ્મીના નામથીજ તને સૌ કોઇ બોલાવે, અને ઘરના તમામ ઓરડાઓમા તારા નામની સખ્યાબધ તકતીઓ પણ લગાડી દઇશ વળી આ ગાડીમા પણ એજ નામ ચીતરાવીશ અને ઘોડાના માથા ઉપર ઇલેકટ્રીક લાઈટનો દીપક મુકેલો છે તેની નીચે પણ એજ નામ ચાદીના પતરાપર કોતરાવીશ આમ કરવાથી દુધેલીનુ નામ ભુલાઇ જ્યાલક્ષ્મી નામથીજ તને સર્વ કોઈ બોલાવશે ”

' હા, સ્વામીનાથ, એ પણ સારી યુક્તી છે. દુધેલીએ ખુશી થતા વિશેષ સુચના કરી કે “ વળી એક બીજી ભલામણ મારે કહેવાની બાકી છે '

“તે વળી શું છે વ્હાલી ?” સપાટીદાસે આગ્રહથી જણાવ્યુ “તારા મનમા જે પણ ભલામણ કરવાની હોય તે તારે કદી પણ મનમાં રાખી મુકવી નહી અને તારા મનને કચવાવા દેવુંજ નહી. તારી કોઇ પણ ભલામણ હુ સાભળવાને અને સ્વીકારવાને તૈયાર છુ ”

"તે ભલામણ એટલી'જ છે કે તમે મને 'તુ તા'થી બોલાવો છો એ પણ મને શરમવા જેવુ લાગે છે 'તુ તા'ને બદલે 'તમે' ના બહુવચનથી બોલાવો તો તેમા તમે મારૂં માન સાચવેલુ કહેવાય."

"એ પણ ખરૂ છે અને હવેથી હુ તેમજ કરીશ" સપાટીદાસે એ વાત પણ કબુલ રાખતા કહ્યુ "આ તમારી ભલામણ મારા મગજમા પણ તદ્દન વાજબીજ મનાય છે"

આ પ્રમાણે વાતો કરતા તેઓ પોતાને મકાને પહોચ્યા અને મકાનમા જતાની સાથેજ સપાટીદાસે ઘરના માણસોને દમામ સાથે ફરમાવ્યુ કે 'આ મારી નવીને હવેથી તમો સર્વએ દુધેલીને બદલે જયાલક્ષ્મી કરીનેજ બોલાવવી જો આ મારા હુકમનો કોઇ પણ અનાદર કરશે તો તેને હુ તેજ વખતે ઘરમાથી કાઢી મુકીશ"

"મોટાભાઇ, હુ તો માત્ર જયાબાઈ કહીનેજ બોલાવીશ, કેમકે જયાલક્ષ્મીબાઇ બોલતા મારી જીભ કદાચ ગુચવાઈ પણ જાય." રામાએ મનમા હસતા કહ્યુ "જયાબાઈ નામ પણ કઈ તોછડુ તો નથી લાગવાનુ"

"હરકત નહી જયાબાઇ કહેશે તો પણ ચાલશે, પણ જયાની સાથે બાઈ તો કહેવુજ જોઇશે." સપાટીદાસે રામાને સુચના કરી. "માત્ર નામમા તોછડાઇ આવવી જોઇએ નહી." આમ કહી સપાટીદાસ, તેમજ જયાલક્ષ્મી કપડા ઉતારીને સજોડે ભોજન કરવા બેઠા.

વાચનાર હવેથી તમે પણ હુપેલી નામને હુપે ધોઈ છાપરે સુકાવા મુકી દેજો અને એજ હુપેલીને જયાલક્ષ્મીના નામથી ઓળખવાનુ લક્ષમા રાખજો.

સપાટીદાસ અને જ્યાલક્ષ્મી ભોજન કરી પોતાના ખાનગી ઓરડામા પાનસોપારી ખાતા બેઠા છે એટલામા ગોટાળાશંકર આવી પહોચ્યો તેને જોતાજ સપાટીદાસે કહ્યુ કે " ભાઈ ગોટાળાશકર, આજે મે એક નવો સુધારો અને નવો ફેરફાર કીધો છે.

" તે વળી શુ છે ? " ગોટાળાશકરે તેને છાપરે ચઢાવતા જણાવ્યુ " તે જે પણ સુધારો અને ફેરફાર કીધો હશે તેમા ખામી તો નજ હોય "

" તે સુધારો ને ફેરફાર એજ છે કે આ મારી નવીનું નામ જે હુપેલી કરીને હતુ, તે બદલીને આજથી જયાલક્ષ્મી રાખ્યુ છે. હુપેલી નામ એને લાયક શોભતુ ન હોવાથીજ આ ફેરફાર કર્યો છે વળી હુ એને અત્યાર સુધી 'તુ તા'થી બોલાવતો હતો તેને બદલે 'તમે' કહીને બોલાવવાનો સુધારો પણ મેં કર્યો છે "

"વાહ, એ સુધારા ને ફેરફાર સારી અકકલ વાપરીને કીધો છે અને એ જાણી મને પણ આનદ ઉપજે છે" ગોટાળાશકરે વિશેષ રગ ચઢાવતાં જણાવ્યુ "જયાલક્ષ્મી નામ ઘણુજ શુશોભીત છે જય અને લક્ષ્મી બંને સાથે મળે ત્યાં પછી ખામી રહેજ શાની ? વળી આ મારી ભાભીનુ માન વધારવું એ પણ તમારી ફરજ છે."

આ પ્રમાણે વાતોના વાદળાઓની વચમાંજ જયાલક્ષ્મી બોલી ઉઠી "ગોટાળાશંકરભાઈ, આ તમારા ભાઈ અત્યાર સુધી તો મારૂ તમામ કહેવું માનતા આવ્યા છે, પણ હવે એક વાત તમે એમની પાસે કબુલ કરાવો તો સારૂ"

"ભાભી સાહેબ, તે એક વાત શી છે? તે તો જણાવો છાની!" ગોટાળાશંકરે હસીને કહ્યુ "જો આ મારા ભાઈ તમારા હુકમને માન નહી આપે તો પછી હુ એને કંઇપણ ઠપકો આપી શકુ! તમે શું એમ ધારો છો કે તમારા હુકમનો અમલ એ નહીજ કરે"

"ના એમ તો હુ ધારતી નથી પોતાની છાતી ઉપર હાથ મુકી હર્ષભેર કહ્યું "હજી સુધી તો એમણે મારો એક પણ શબ્દ ઉથાપ્યો નથી".

"તો પછી મનમા જે હોય તે કહેતા અચકાઓ છો શા માટે?" ગોટાળાશંકરે જરાક ડોકુ ધુણાવી ઇશારત કરતા કહ્યુ "એ તો મનમા જે પણ હોય તે કહીજ નાંખવુ એમા તો કદી ચુકવુજ નહી. ભાભી સાહેબ આ મારા ભાઇ કંઇ તમારી વાત સાભળવાને ના પાડે તેમ નથી" અલબત એમની વાત સાભળવાને હુ અહોનિશ તૈયારજ છુ" સપાટીદાસે પણ શીકે ચઢીને કહ્યુ "એમની તમામ ફરમાસ હું ઝાલી લેવાને કદી પણ ના પાડવાનો નથી."

"તો મારી એટલી માગણી છે કે વીક્ટોરીઆ ગાડીને બદલ એક સુંદર મોટર વસાવવી." જયાલક્ષ્મીએ અચકાઇને

પુછયુ' " મોટર વસાવવામા કઈક ઘણો મોટો ખરચ નહી થાયને ? હુ ધારૂ છુ કે પહેલા કરતા તો મોટરોની કીંમત ઘણી ઘટી ગઈ છે "

"કીંમતનો સવાલજ નથી. હજાર બે હજાર ઓછા કે વત્તા" સપાટીદાસે બડાસ મારી કહ્યુ "તારા મોજશોખને માટે પૈસાની હુ કઇપણ દરકાર કરનારો માણસ નથી."

"ખરૂ છે. ખરચના નસીબ મોટા છે" ગોટાળાશકરે તે વાતને ટેકો આપતા કહ્યુ કે "ભાઈ સપાટીદાસ કાલને કાલ મુબઇ મોટરનો ઓર્ડર મોકલી આપો એટલે ચાર છ દિવસમા મોટર આવી પણ પહોચશે."

"ઓ યશ !" સપાટીદાસે પણ ખુશીથી જણાવ્યુ' "આવતી કાલે મુબઇની કોઈ જાણીતી કપનીપર ઓર્ડર લખી મોકલીશ અને વી. પી. થીજ મોટર મગાવીશ."

આ પ્રમાણે નિર્માણ કીધા પછી બીજી ત્રીજી વાતો કરી ગોટાળાશ'કર વિદાય થયો

રામો આ બધી વાતો સાભળીને ચકીત થયો અને તે મનમા એટલોજ વિચાર કરવા લાગ્યો કે "હવે તો મોટા ભાઈએ પૈસાના પુરેપુરા કાકરા કરવા માંડયા છે પરમેશ્વર કરે તે ખરૂ" આવો સતાપ નીમકહલાલ રામાના હૃદયમા આવ્રજ રહ્યો.

ગુલાબ ૧૨ મુ.

દોહરો.

પુંજી પુરી થઇ ચુકી, વાધા પૈસા કાજ !
પૈસા માટે ટળવળે, જગ કીધુ તારાજ !

પૈસા ખૂટયા !

મુબઇથી મોટર આવી પહોચી માસિક રૂા. ૧૦૦ ના પગારના સોફરને પણ મુબઈથી ખાસ બોલાવવામા આવ્યો મોટરમા બેસીને પહેલે દિવસે લાઈન્સમા સપાટીદાસ અને જયાલક્ષ્મી ફરવા ગયા અને એક ખુલ્લા મેદાનમા મોટરને ઉભી રખાવી તેઓ બને ખુલ્લા મોટરમા પવનની લ્હેર લેતાં આનદમા મનસ્વી મોજની વાતો ચલાવવા લાગ્યા એટલામાજ મુબઈના એક શેઠીયાની મોટર પણ ત્યા આવી પહોચી. આ મોટરમા મુબઇનો એક ધનવાન શેઠ તેની સ્ત્રી અને બે બાળકો બેઠેલા હતા તેઓના ભપકા અને ઠાઠ જોઇને જયાલક્ષ્મીનુ ચીત્ત ચલીત થઇ ગયુ અને તેણીએ ધીરે સ્વરે સપાટીદાસ પ્રત્યે જણાવ્યુ કે " જુઓ પ્રાણનાથ, આ મોટરમાં બેઠેલી બાયડીના વસ્ત્રો કેવા ફેશનેબલ છે ! "

" હા, એ વસ્ત્રો નવી ફેશનના છે, અને એ બાયડી મુબઇની છે " સપાટીદાસે ખરેખરૂં કરી દીધુ " મુબઈમાં તો એક નહી, પણ ૨૧૦૦ ફેશનો જુદી જુદી જાતની જોવામાં આવશે અને જો સત્ય કહુ તો મુબઇ શહેરમા દરરોજ નવી નવી ફેશનો નીકલ્યાજ કરે છે "

"પણ મને તો એ બાયડીએ પહેરેલા વસ્ત્રો બહુજ ગમે છે, માટે એવાજ વસ્ત્રો મને પણ જોઇએ" જયાલક્ષ્મીએ આમ કહી પોતાના વસ્ત્રો પ્રત્યે અભાવ બતાવતા જણાવ્યુ "તમે અહીંના દરજીઓ પાસે મારે માટે જોકે જાત જાતની ફેશનના વસ્ત્રો સીવડાવ્યા છે, પરતુ તે તો હવે મને જરાએ ગમતા નથી "

"ખરૂ છે મુબઇની નવી ફેશનના વસ્ત્રો નજરે પડયા, એટલે હવે અહીં બનાવેલા વસ્ત્રો તને કયાથી ગમે!" સપાટીદાસે વાત ઉડાવવાને ખાતર જણાવ્યુ "અહીંના સીવાડેલા વસ્ત્રો જુના થઇ જશે કે નીરૂપયોગી થઇ જશે એટલે વળી મુબઇના નવી ફેશનના વસ્ત્રો પણ સીવડાવીશુ."

"ઓહ એમ કરતા તો કદાચ વરસોના વરસ વીતી જશે," જયાલક્ષ્મીએ દોસ્તદારીથી કહ્યુ "એવી તમારી ઉડાવવાની વાત હું માનુ તેમ નથી જોઇએ તેમ કરીને પણ જેમ બને તેમ તાકીદે મુબઇથી નવી ફેશનના વસ્ત્રો મગાવી આપો"

"તુ તો ઘેલી છે. મનગમતા વસ્ત્રો વસાવવા માટે તો ખાસ મુબઇ જવુ જોઇએ." સપાટીદાસે સહજ વીચાર કરીને જણાવ્યુ "થોડા દીવસ પછી આપણે મુબઇ જવાનો પણ વિચાર કરીશુ "

"થોડા દહાડા પછી એટલે કેટલા દહાડા ?" જયાલક્ષ્મીએ ચોક્કસ કરવા માગ્યુ કે "કેટલા દહાડા પછી મુબઇ આપણે જઇશુ તે મને નક્કી કહીદો."

"લગભગ એક મહિના પછી જઇશુ" સપાટીદાસે શાંતીથી સમજાવીને કહ્યુ' કે "એક મહિના પછી મુબઇમા મારા એક મીત્રને ત્યા લગ્ન પ્રસગ પણ છે, એટલે તે પ્રસગે આપણે ત્યા જઈશુ અને તારા મન ગમતા વસ્ત્રો વગેરે પણ લઈશુ "

"પણ એક મહિનો તો મારા મનને એક વર્ષ બરાબર લાગે છે ' જયાલક્ષ્મીએ રજનુ ગજ કરતા કહ્યુ "એક મહિનાના ત્રીસ દીવસ અને તે ત્રીસ દીવસના કલાક ગણીએ તો ૭૨૦ કલાક થાય તે કલાકની મીનીટ ગણીએ તો ૪૩૨૦૦ થાય અને તે મીનીટની સેકડ ગણીએ તો ૨૫૯૨૦૦૦ થાય. અબબબબબ ! એટલો બધો વખત મારાથી ધીરજ કેમ રખાય ! મારી માગણી તો એવી છે કે કાલેને કાલેજ આપણે મુબઇ જઈએ "

" વારૂ ઠીક છે ઘેર ગયા પછી આપણે એનો વિચાર કરીશું " સપાટીદાસે વાત ઢીલમા નાખવાના ઈરાદાથી કહ્યુ. " ઘેર જઇ ભોજન કરી નીરાતે બેસીસુ અને તેટલામાં ગોટાળાશકર પણ આવી પહોચશે, એટલે આપણે ત્રણે મળીને ચોકકસ ઠરાવપર આવીશુ. ' આમ કહી સપાટીદાસે મોટર પાછી ઘર તરફ જવાને લેવડાવી

રાત્રે નીયમસર ભોજન કીધા પછી બને પતિપત્નિ નિરાતે બેઠા અને મુબઇ જવાનો તેઓ વિચાર કરે છે, એટલામાં ગોટાળાશકર પણ આવી પહોચ્યો. અને ગોટાળાશકરે પુછ્યુ " કેમ શાના મનસુબા ચાલે છે ? "

" વળી આ તારી ભાભીને તો મુબઇની નવી નવી ફેશનના વસ્ત્રો વસાવવાની મરજી થઇ આવી છે. " સપાટીદાસે

ખુલાસો કરતાં જણાવ્યુ. " આજે અમે લાઇન્સમાં ફરવા ગયા હતા, ત્યાં મુબઈવાળાની એક મોટરમાં બેઠેલી સ્રીના વસ્રો જોઇને તારી ભાભીને પણ તેવાજ વસ્રો વસાવવાનો ઉત્સાહ ઉભરાઇ નીકળ્યો છે. "

" અલબત એ તો સ્વાભાવિક છે. " ગોટાળાશકરે પણ જયાલક્ષ્મીને રગ ચઢાવવા માટે કહ્યુ. નવી ફેશનના વસ્રો જોઇને મારા ભાભી સાહેબને પણ તેવા વસ્રો વસાવવાનુ મન થાય એમા કઇ નવાઇ નહી અને એમની ઇચ્છા તારે પાર પાડવીજ જોઇએ. "

" ભલા માણસ ! તુ તો તારા ભાભી સાહેબની હાએ હા ભણે છે, પણ પૈસાની જોગવાઇનો વિચાર કરવો જોઇએ કે નહીં. " સપાટીદાસે સત્ય વાત કહી દીધી " હાલમા રૂપી-આની જોગવાઇ નથી, અને તેથી મારો વિચાર થોડા દિવસ પછી એવો ખર્ચ કરવાનો છે "

" તુ મને એવુ ખોટું સમજાવતો નહીં" ગોટાળાશકરે વાત ખુલ્લી કરતા જણાવ્યુ '' પૈસાનો જોગ ન હોય એ તો હુ માનુ જ નહી. હુ જાણુ છુ કે તારા પૈસા બેકમા જમા છે "

"હા. તે તો રૂપીઆ ૨૦ હજાર બેંકમા જમા છે, પણ તે અમુક મુદતના જમા કરાવેલા છે અને જો તે મુદત પહેલાં તે રકમ બેકમાંથી ઉપાડી લઉ તો અત્યાર સુધીનુ મારૂં ચઢેલુ તમામ વ્યાજ મને મળી શકે નહી." સપાટીદાસે સમજાવીને કહ્યુ "આવતા મહીનામાં તો બેંકમા મુકેલી રક-મની મુદત પુરી થઇ જશે એટલે તરતજ તે રકમ હું ઉપાડી

લાવીશ માત્ર એક મહીનો થોભી જવાથી કઈ ખાટુ મોળુ થવાનુ છે કે બગડી જવાનુ છે ?"

'પણ ભાઈ, તુ તો ભુલે છે" ગોટાળાશંકરે જયાલક્ષ્મીની વાતને વિશેષ પૂષ્ટિ આપતા જણાવ્યુ. "ઐરાંઓના સ્વભાવ પ્રમાણે જયારે તેણીઓના દીલમા કઇપણ વસ્તુ વસાવવાનો ઉત્સાહ થાય ત્યારે અને તેજ વખતે જો તેણીઓની મરજી સાચવવામા આવે તોજ તેણીઓને સતોષ વળે. તને કદાચ વ્યાજનુ નુકશાન લાગશે, પણ મારા ભાભી સાહેબની મરજી સાચવવા ખાતર તે નુકશાનની તારે દરકાર કરવી જોઇએ નહી. વ્યાજના નુકશાનની કીંમત કરતા તો ભાભી સાહેબની મરજીની કીંમત તારે વધારે ગણવી જોઇએ"

"તો ભલે જેવી તારી સલાહ" સપાટીદાસે તરતજ જણાવી દીધુ કે આવતી કાલે બેકમાથી તમામ રૂપીઆ લઈ આવીશ અને આવતી કાલે રાતની ટ્રેનમા આપણે મુબઇ જઇશુ"

"બસ હવે કહ્યુ તે ખરૂ આનુ નામજ પતિપત્નિનો પ્રેમ પ્રકાશ" આ પ્રમાણે જયાલક્ષ્મીને રગ ચઢાવવાની અનેક વાતો કીધા પછી ગોટાળાશકર છેક મોડી રાત્રે ત્યાથી નીકળી પોતાને ઘેરે ગયો.

બીજે દિવસે સપટીદાસ બેકમાથી તમામ રકમ ઉપાડી લાવ્યો અને સામટા વીસ હજાર રૂપીઆ સાથે લઇને તે તથા જયાલક્ષ્મી તેજ રાત્રે મુબઈ તરફ રવાના થઇ પણ ગયા.

એકમાથી તમામ રૂપીઆ ઉપાડી લાવવાની ખબર રામાને પણ પડી અને તેજ ખબર રામાએ ગુણવતીને કહેતા જણાવ્યુ કે, " ગુણવતી બ્હેન ! બસ, શેઠની પુજી ખલાશ ! એકમા જેટલા રૂપીઆ હતા, તેટલા તમામ શેઠ ઉપાડી લાવ્યા છે અને તે તમામ રૂપીઆ લઈને શેઠ અને શેઠાણી મુબઇ પહોચ્યા છે. મુબઇમા એ તમામ રૂપીઆનો ખુરદો થઇ જશે અને તેની સાથે શેઠની તમામ રોકડ પુજીનો પણ ખુરદો થઇ જશે.

" જે થવાનુ હશે તે થશે જેવી ભગવતની મરજી એમા તારૂ કે મારૂ કઇપણ ચાલે તેમ નથી એટલે લાચાર ! " ગુણવંતીએ નિશ્વાસ નાખતા જણાવ્યુ " ભાઇ રામા, તારી નવી શેઠાણી પ્રત્યે જો કે મને ઈર્ષાભાવ તો મુદ્દલ નથી તો પણ મને જે દુ ખ થાય છે તે એ છે કે તારા શેઠ તારી નવી શેઠાણીની અક્કલે ચાલીને પોતાના પિતાની મેળવેલી પુંજીની તદ્દન નિરર્થકપણે બરબાદી કરે છે પણ ખેર ! હુ તો હજી પણ કહુ છુ કે એમની પુજીની બરબાદી થવા છતા તેમની હયાતી સચવાયલી રહેશે તો તેટલાથી પણ મને સતોષજ વળશે વળી તુ એટલી પણ ખાત્રી રાખજે કે, પ્રસગ મળતા એ તારા શેઠને સુધારી સન્માર્ગમા લાવવાની હુ મારાથી બનતી તજવીજ કરીશ અને પ્રભુની સાહ્યતા હશે તો હુ મારૂ ધારેલુ પરિણામ લાવી શકીશ હાલ તરત તો શાંતિ રાખ્યા સિવાય અન્ય ઇલાજ નથી. " આમ કહી ગુણવતીએ તે વાત પડતીજ મેલી અને રામાએ પણ તે પચાત બધ કરી દીધી.

સપાટીદાસ અને જયાલક્ષ્મીએ મુંબઇ જતાની સાથેજ નવી નવી ફેશનના વસ્ત્રોની ખરીદી કરી તેમજ નવી નવી ફેશનના અલંકારો પણ વસાવ્યા અને લગભગ તમામ રૂપીઆ વાપરી નાખ્યા તે પછી તેઓ બને પાછા સુરત પધાર્યાં અને સુરત આવી જયાલક્ષ્મીએ તે વસાવેલા વસ્ત્રાલંકારનો ઠાઠ હરરોજ કરવો ચાલુ રાખ્યો

રોકડ પુંજી તમામ પુરી થઇ ગઇ હવે માત્ર સ્થાવર મીલ્કત અને ઘરમા જે સોના ચાદીની જણસો છે, તે મળીને કુલ રૂપીઆ વીશેક હજારની મીલ્કત બાકી રહી છે રોકડ પુંજી ખલાશ થઇ જવાથી ધીમે ધીમે ખર્ચના પણ વાધા પડવા માંડયા અને બજારમાથી ખાવા વગેરેની ચીજો જોઇએ તે ઉધાર લાવવાનો રસ્તો સપાટીદાસે લીધો આ પ્રમાણે લગભગ ત્રણ મહીના સુધી ઉધારનું પોકળ ચાલ્યા કર્યું. અને જયારે માગનારાઓ પોતાને બારણે ઉઘરાણી આવવા લાગ્યા ત્યારે સપાટીદાસ ગભરાવા લાગ્યો અને માગનારાઓને જવાબ દેતાં થાકી પણ ગયો. કેટલાક માગનારાઓ તો જરા વધારે તાણીને સપાટીદાસને તતડાવવા પણ લાગ્યા આથી સપાટીદાસ ઘણીજ ગુંચવણમા આવી પડયો અને આ ગુંચવણનો નીવેડો કેવી રીતે લાવવો તેને લગતી સલાહ લેવા માટે તેણે ગોટાળાશંકરને બે ત્રણ વાર બોલાવવા મોકલ્યો પણ સપાટીદાસની પૈસાની ભીડ ગોટાળાશંકરના જાણવામા આવેલી હોવાથી તેણે મોં બતાવવાનુંજ મુકી દીધું.

સપાટીદાસના સંતાપનો કંઈ પાર રહ્યો નહી અને માંગનારાઓને કેવી રીતે પતાવવા તેને માટે તે મહા મુંજવણમાં પડી ગયો.

ગુલાબ ૧૩ મું.

દોહરો.

જયાલક્ષ્મી પીયેરમા, માતપિતાની પાસ,
સટકી ગઈ સહેલાઈથી, પત્ની ધર્મ ખલાસ!

સ્વાર્થની સગાઇ!

સપાટીદાસને દીન પ્રતિદીન પૈસાની મુશ્કેલી વધવા માંડી અને ગોટાળાશંકરને તેણે વારવાર બોલાવવાને મોકલ્યા છતાં છેવટે તે પોતે ગોટાળાશંકરને ઘેર ગયો અને તેને પોતાની મુશ્કેલી સમજાવીને કહ્યુ કે "ભાઇ ગોટાળાશંકર, જો તુ મારો ખરો મિત્ર હોય તો આ વખતે તુ મને પૈસાની મદદ કર તું મને જે પણ મદદ કરશે તેનો ઉપકાર હુ ભુલી જનાર નથી. વળી જેટલા રૂપીઆ હું તારી પાસે લઈશ તે તમામ ટુંક મુદતમાજ વ્યાજ સાથે પાછા ભરી દઇશ. તું જાણે છે કે હજી કઇ હું છેક ભીખારી બની ગયો નથી. મારી પાસે દાગીના ને સ્થાવર મીલકત મળીને પણ હજી રૂપીઆ વીસ હજાર કરતાં વધારેની પુંજી છે. અને તે વેચીને પણ તારા પૈસા હું પાછા ભરી દઈશ. હુ જાણુ છુ કે તારી પાસે રોકડ નાણું

પણ સારૂ છે અને મારી મુશ્કેલીની વખતે મને મદદ કરવાની તારી પણ ફરજ છે."

"તે બધુ તારૂ કહેવુ ખરૂ છે, પણ જ્યા સ્નેહ સબધ હોય ત્યા પૈસાની લેવડ દેવડ કરવી નહી એજ ડહાપણ ભરેલુ છે કેમકે પૈસા એવી વસ્તુ છે કે તે આખરે વેરજ કરાવે." ગોટાળાશકરે સમજાવીને જણાવ્યુ "કોઇપણ રીતે માહો માહે પૈસાની ધીરધાર કરવી નહી એવી મારા વડીલોની સલાહ છે અને તે સલાહની વિરૂદ્ધ હુ કઈપણ કરી શકું તેમ નથી. વળી હુ પણ તને સલાહ આપુ છુ કે ગમે તેમ હોય તોપણ સ્નેહ સબધમા કદી પણ હાથ ધરવો નહી. હુ જાણુ છુ કે તને બેચાર હજાર ધીરવાથી કઇ મારા પૈસા જવાના નથી કેમકે તારી પાસે જે માલ મીલકત છે તે કઈ મારાથી અજાણી નથી. પણ મને નવાઇ લાગે છે કે તુ મારી પાસે હાથ ધરવા આવ્યો છે મારી પાસે માગવા કરતા તારી મીલકત ગીરવી મુકીને તુ ખપ જેટલા પૈસા તો સહેલાઈથી મેળવી શકે તેમ છે, તો તે રસ્તો કેમ લેતો નથી"

" જો મીલકત કોઇને ત્યા ગીરવી મુકવા જાઉ તો મારી આબરૂ ખુલ્લી પડી જાય " સપાટીદાસે વિશેષમા કહ્યુ કે, " બાધી મુઠી લાખની છે તે ખુલ્લી કરવી એવી સલાહ તારા જેવો મારો એક સ્નેહી કદી પણ આપેજ નહીં "

" વખત આવે તો ભલભલા લક્ષપતિઓ પણ પોતાની મીલકત ગીરવી મુકે છે " ગોટાળાશંકરે યુકિતથી જણાવ્યુ. " જો કોઈના ખાઈ જવા હોય કે ડુબાડવા હોય તોજ આ-

બરૂ જાય, પણ પોતાની મીલકતનો ઉપયોગ પોતે ચહાય તેમ કરે તેમા કઈ આબરૂ જતી નથી એમ છતા જો તારે મીલકત ગીરવી મુકવાનો વિચાર ન હોય તો તારા ઘરમા જે દાગીના છે, તે ગીરવી મુકીને કે વેચીને પણ પૈસાની તજ-વીજ થઇ શકે તેમ છે "

" દાગીનાને તો હાથ લગાડાય તેમ છેજ નહીં " સપા-ટીદાસે કારણ જણાવ્યુ " તારી નવી ભાભીને તુ ઓળખે તો છેજ કે તે કદી પણ દાગીના કાઢી આપે તેમ નથી "

" તો તુ એક કામ કરજે " ગોટાળાશકરે જુદીજ મત લબથી જણાવ્યુ "મારી જયા ભાભીને તુ મારી પાસે મોકલજે એટલે હુ તેણીને સમજાવીશ "

" ભલે તેમા કઇ મને વાધો નથી, પણ તુ' તેણીને સમ-જાવીને તેણી તનેજ દાગીના આપી જાય અને તે દાગીના તુ'જ બારોબાર ગીરવી મુકીને કે વેચીને જે રકમ આવે તે મને તુજ આપે એવી તજવીજ કરે તો સારૂ, "

"વારૂ' તેમ કરીશ" ગોટાળાશકરે પોતાનુ ધારેલુ મનમા રાખીને જણાવ્યુ "તારા જેવા મીત્રને ખાતર એટલી ખટપટ કરવાને હુ તૈયાર છુ "

" તો ઘેર જઇને હમણાજ તેણીને તારી પાસે મોકલી આપુ છું. આમ કહી સપાટીદાસ ત્યાથી ઉઠીને તરતજ ઘેર ગયો અને ઘેર જતાની સાથેજ તેણે જયાલક્ષ્મીને સમજાવીને ગોટાળાશંકરને ત્યા મોકલી આપી.

ગોટાળાશંકરે પણ જયાલક્ષ્મીને સપાટીદાસનું તમામ પોકળ કહી સંભળાવ્યું. અને છેવટે ગોટાળાશંકરે તેણીને ભડકાવીને કહ્યું કે "હવે તારે સંભાળવાનું છે તારો પતિ પૈસાની મહા મુશ્કેલીમાં આવી ગયો છે અને તારા દર દાગીનાપર તેની દાનત બગડી છે, માટે ખૂબ સંભાળજે મને તો એટલે સુધી ભય છે કે તારી ગેરહાજરીમા ત્રીજોરી ખોલીને તમામ દરદાગીના કાઢી લઇ તે કોઇ પણ ઠેકાણે ઠસાવી આવશે; અગર વેચી નાખશે. તારા જે પણ દાગીના છે, તે તમામ તારે તારા ઘરમાં રાખવા એ પણ સલામતી ભરેલુ નથી "

" ત્યારે મારે શુ કરવુ તે મને સમજાવશો" જયાલક્ષ્મી કરગરીને બોલી "મને કંઇપણ રસ્તો સુઝતો નથી આ પ્રસંગે તમે મારા ભાઈ જેવા છો તો તમે મારા ભલાનો કંઇ પણ સારો રસ્તો સુચવશો "

" ભાભી ! જો તમને મારો વીશ્વાસ હોય તો સારો રસ્તો એજ છે કે તમારા તમામ દાગીના ત્રીજોરીમાથી કાઢીને મારે ત્યા મુકી જાઓ અને તે હું સંભાળીને રાખીશ " ગોટાળાશંકરે પોતાની સીધ્ધાઇનું ડોળ દાખવવા કહ્યુ "મને કંઇ તમારા દાગીના ખાઇ જવા નથી, પણ મારે તો તે બોજ સાચવવાની પીડા પડશે. માટે જો તમને મારાપર વિશ્વાસ હોય તોજ એવું કરજો "

"મને તો તમારાપર પુરેપુરો વિશ્વાસ છે, પણ તમારા ભાઇ મને ત્રીજોરીમાથી દાગીના કાઢીને લાવવા કેમ દેશે ?" જયાલક્ષ્મીએ પોતાની મુશ્કેલી જણા

વતાં કહ્યું "ત્રીજોરી ખોલતાંજ પુછશે કે ત્રીજોરી શા માટે ખોલી છે, તેનો જવાબ મારે શુ દેવો."

"તેને માટે તમે કઇ ચીતા કરશો નહી" ગોટાળાશકરે કેટલીક સાચી બીનાની સાથે તરકટી રચના મિશ્રિત કરતાં જણાવ્યુ "મેં સપાટીદાસને સમજાવ્યુ છે કે તમામ દાગીના મારે ત્યા મોકલી આપશે તો તે ગીરવી મુકીને કે વેચીને હુ રૂા૦ આણી આપીશ"

"એટલે એ બધી વાત શુ તમને તેમની સાથે થઇ ગઇ છે?" જયાલક્ષ્મીએ પુછ્યુ "તેઓ તમારી પાસે આવ્યા હતા કે શુ?"

"હા હમણાજ આવ્યા હતા" ગોટાળાશકરે ચોકઠાબધ ખુલાસો કર્યો. "તમને અમારી પાસે મોકલી આપવાને પણ મેંજ તેમને કહ્યું હતુ" હા એ વાત બરાબર. તેથીજ તેમણે મને તમારી પાસે તાકીદે આવવાને કહ્યું પણ હતુ." જયા-લક્ષ્મીએ ખાત્રી પામી છેવટે કહ્યુ "ત્યારે તો ત્રીજોરી-માથી દાગીના કાઢી તમારે ત્યા લાવવામા વાધો નહીં હે"

"કીચીત પણ વાધો નહી હે" ,ગોટાળાશકરે સફાઇથી જણાવ્યુ 'તમારા ભલાને ખાતરજ મારે આવી કપટકળા કરવી પડી છે."

"ત્યારે તો હું હમણાજ તમામ દાગીના લઇ પાછી આવું છું" કહીને જયાલક્ષ્મી પુનઃ પોતાને મકાને ગઈ અને ત્રીજો-રીમાથી તમામ દાગીના કાઢીને તે એક ડબ્બામાં મુકી, તે

ડબ્બો લઈ તરતજ તેણી ગોટાળાશંકરને ત્યા પાછી આવી અને તે ડબ્બો ગોટાળાશંકર આગળ મુકતા તેણીએ કહ્યું "લો આ ડબ્બામા દાગીના છે તે તપાસી જુઓ

"દાગીના ત્રીજોરીમાથી કાઢતા સપાટીદાસે તમને કઈ ટોકયા તો નથીને ?" ગોટાળાશંકરે પુછયુ "સપાટીદાસના દેખતાજ દાગીના કાઢયા કે તેમની ગેરહાજરીમા ?"

" તેમની નજર આગળજ ત્રીજોરી ખોલીને તમામ દાગીના દાબડામા ભર્યા હતા, પરંતુ તેમણે મને કઈપણ પુછયુજ નથી, તેમજ મે પણ તેમને કશુ કહ્યુ નથી " જયાલક્ષ્મીએ જણાવ્યું " એ તો તમે કહેતા હતા તેમ તમારે તેમની સાથે અગાઉથી વાતચીત થયલી એટલે પછી તેઓ મને ટોકે કે રોકેજ શાના ? "

" ઠીક ત્યારે, હવે આ દાગીના તમે મારે ત્યા ગીરવી મુકયા હોય અને રૂપીઆ લીધા હોય તેવી રીતનુ એક ખાતુ તમે મને પાડી આપો " ગોટાળાશંકરે ઉસ્તાદીથી સમજાવીને કહ્યુ " તમારી પાસે એવુ ખાતુ પડાવવામા મારો હેતુ તમને કોઇ પણ પ્રકારે ફસાવવાનો નથી, પણ સપાટીદાસના કોઈપણ માગનારનુ આ દાગીનાપર કશુ વળે નહી તેને માટેજ તમારી પાસે ખાતુ પડાવવા માગુ છુ. આશરે દશ હજાર રૂપીઆના દાગીના છે તો રૂપીઆ આઠ હજાર, તમે આ દાગીના ગીરવી મુકીને મારી પાસે લીધા છે, એવીજ મતલબનુ ખાતુ તમારે પાડી આપવાનુ છે આખરે તો આ દાગીના તમારાજ છે અને મારે તો નાહક આ તમારૂ જોખમ

સાચવવાનુ છે, પણ તમારા ભલાને ખાતરજ આવી જોખમ-દારી મારે ઉઠાવવી પડે છે હુ તમને હજી પણ કહુ છુ કે જો તમને મારો વિશ્વાસ હોય તોજ આમ કરજો "

" મને તમારો સોએ સો ટકા વિશ્વાસ છે અને તમે જેમ કહો તેમ લખી આપવાને-હુ તૈયાર છુ, " જયાલક્ષ્મીએ સુચના કરી " તમારે જે પણ લખવુ હોય તે એક કાગળ પર લખો અને હુ તેનાપર સહી કરીશ "

તમને પોતાને લખતા આવડે છે તો પછી તમામ વીગત વાર લખાણુ તમારે પોતાને હાથેજ થાય તો તે વિશેષ પાકુ કરેલુ કહેવાય, માટે હુ લખાવુ તેમ તમેજ લખો " આમ કહી એક કોરા કાગળની નાની ચોપડી કાઢી ને તેમજ ખડીયો કલમ જયાલક્ષ્મી પાસે મુકીને ગોટાળા-શકરે જણાવ્યુ કે, " હુ લખાવુ તેમ લખો "

જયાલક્ષ્મીએ તમામ જણસોની વીગત ગોટાળાશકરના લખાવ્યા પ્રમાણે લખી અને રૂપીઆ આઠ હજાર, તે જણસો પર લીધા છે એ વીગેરે વીગત પણ તેમા દર્શાવી બાદ ગોટાળાશકરે એક આનાના સ્ટાપની ટીકીટ તેના પર ચોટાડી અને તે ટીકીટ ઉપર જયાલક્ષ્મીની સહી પણ લઇ લીધી છેવટે કેટલીક વાતચીત કીધા પછી ગોટાળાશકરે તેણીને સલાહ આપી કે " તમે આજે ને આજે તમારે પીયેર ઉપડી જજો હુ સાજે પાચ વાગે તમારે ત્યા આવીશ અને સપા-ટીદાસને મારી સાથે ફ્હાર ફરવા લઇ જઈશ તે દરમ્યાન રાત્રે દશ વાગતાની ગાડીમા તમે તમારે પીયેર જવાને રવાના

થઇ જશે હુ સપાટીદાસને રાત્રીના ૧૧ વાગતા સુધી બ્હારજ રોકી રાખીશ કે જેથી તમારા વિદાય થયા પછીજ તે ઘરમા આવે તમને વિદાય કરવાનું કારણ એજ કે સપાટીદાસ વળી તમને નાહક કનડે નહીં ત્રણ ચાર મહીના બાદ સપાટીદાસનુ બધુ શાંત થયા પછી તમારા તમામ દાગીના લઇને તમારે પીયેર હુ આવી પહોચીશ ”

જયાલક્ષ્મીના મગજમા આ વાત ઉતરી અને તેણી ત્યાથી ઉઠીને પોતાને ઘેર ગઇ. બાદ સાજે પાચ વાગે ગોટાળાશંકર સપાટીદાસને ઘેર જઈ તેને બ્હાર ફરવા લઇ ગયો અને તેની ગેરહાજરીમા જયાલક્ષ્મી રાતની ગાડીમા પોતાને પીયેર જવાને સટકી પણ ગઇ

ગુલાબ ૧૪ મુ.

દોહરો.

દોડા દોડી થઇ રહી, જયા શોધવા કાજ,
પણ છેવટે દાબ્યુ બધુ, ગુપ્ત રાખવા લાજ.

પત્નિ ગઇ અને પુંજી પણ ગઇ !

સપાટીદાશ અને ગોટાળાશંકર પાછલા પહોર પછી ફરવા ગયેલા તે છેક રાત્રે અગીઆર વાગતાને સુમારે ફરીને પાછા ફર્યા ગોટાળાશંકરે પ્રથમથીજ ધારી રાખ્યા પ્રમાણે આટલી બધી મોડી રાત્રી સુધી સપાટીદાસને ગપાટા સપાટા મારવામાં

બ્હાર રોકી રાખ્યો હતો રાત્રે અગીઆર વાગતાને સુમારે પાછા ફરતા ગોટાળાશંકર રસ્તામાજ ગાડીમાથી ઉતરી પડી પોતાના ઘરમા ઘુસી ગયો અને સપાટીદાસે ઘેર આવી જોયુ તો જ્યાલક્ષ્મી ઘરમા મળી નહી આથી તે વિચારમા પડયો અને તેણે રામાને પુછ્યુ "રામા, તારી નવી શેઠાણી ઘરમા કેમ જણાતી નથી ? તે કયા ગઈ છે ?"

'તે કયા ગયા છે તેની મને શી ખબર ?' રામાએ અરેખરૂ કહી દીધુ 'દીવા વખત પછીના તે હાથમા એક પોટલુ લઈને ઘરમાથી ગયા છે, અને ત્યારના પાછા આવ્યા જ નથી "

"પણ તારે તેણીને પુછવુ તો હતુ કે તેણી કયા જાય છે ?' સપાટીદાશ તરેહવાર શક લાવી બોલ્યો 'ઘરમાથી બૈરાઓ રાત્રે બ્હાર જાય તો તારે તેઓ કયા જાય છે તે પુછવુ તો જોઇએ કેની ?"

"નવી શેઠાણીને મારાથી તો ન પુછાય" રામાએ ચોકખુ ચટ જણાવી દીધું 'તેમનો દોર દમામ જોતાજ હું તો બ્હી જાઉ છુ હુ તો તેમની સાથે બોલવાની પણ હીંમત કરતો નથી, કોઇવાર કદાચ કઇક તેમને પુછવા જાઉ છુ તો તેઓ મને ખાયકુજ ભરે છે એ તો શુ કરૂ કે ઘણા વર્ષો થયા આ ઘર સિવાય બીજા કોઇ પણ ઘરની નોકરી કરી નથી અને હવે પછી પણ બીજા કોઇની નોકરી કરવા હુ ચાહુતો નથી, એટલે માન કે અપમાન સહન કરીને પણ હુ આપને ત્યા પડી રહ્યો છું તેમ છતા મારે આપને

ખરેખરૂ કહેવુ જોઇએ કે નવી શેઠાણીનો તાપ તો મારાથી સહન થઇ શકતો નથી. આપની શરમને ખાતર હુ જ્યાં ત્યાંથી નભાવી લઉં છુ આપના તે માનીતા પડયા એટલે તેમને હુ કઇ પણ કહેવાની હિમત કરી શકતો નથી. હુ ખાત્રીથી કહુ છુ કે મારી જગાપર જો કોઇ બીજો નોકર હોય તો સાડાત્રણ દિવસ પણ આ ઘરમા ટકી શકે નહિં"

"હવે એ બધી કુથલી જવા દે હમણા એવી પચાત કરવાનો વખત નથી" સપાટીદાસ સતાપ કરતો બોલ્યો. "એ કયા ગઇ હશે તેની મને સમજ પડતી નથી માટે તું એકદમ દોડતો જઇને ગોટાળાશકરને બોલાવી લાવ"

"આ ચાલ્યો" કહીને રામો ટોપી ઘાલીને સત્વર ગોટાળાશકરને ઘેર પહોચ્યો

સપાટીદાસના મનમા તરેહવાર શકના વાદળા ઉથલપાથલ થવા લાગ્યા અને થોડીવારમાજ ગોટાળાશકર આવી પહોચતાજ ગોટાળાશકરને તેણે પુછ્યુ "ભાઈ, તારી નવી ભાભી ઘરમા નથી અને તેણી કયાં ગઈ છે તે પણ તેણી ઘરમા કોઇને કહી ગઇ નથી મેં તારી સાથે વાત થયા પ્રમાણે આજે બપોરના તારે ત્યા દાગીનાના ડબ્બા સાથે મોકલી હતી. અને આજે આપણે ફરવા ગયા ત્યારે મેં તને રસ્તામા પુછ્યુ તો તે પણ ખુલાસો કીધો હતો કે તેણી દાગીના લઈને આવી હતી અને દાગીના રાખીને તેણીની પાસે ખાતુ પડાવી રૂપીઆ આઠ હજાર તેણીને આપ્યા છે." સપાટીદાસે ગોટાળાશંકરે કરેલી વાતનુ પુન.

સ્મર્ણું કરતા જણાવ્યુ "વળી તે મને રસ્તામા એટલે સુધી 'તો ખુલાસો કર્યો હતો કે તારા કોઈ ઓળખીતાના રૂપીઆ તારે ત્યા અનામત પડી રહ્યા હતા તે રૂપીઆમાથી તે આઠ હજાર રૂપીઆ તારી ભાભીને આપ્યા હતા?"

"હા, એમા તો કશુ ખોટુ નથી" ગોટાળાશકરે ગોટાળો ગોંડાળો વાળતા જણાવ્યુ, 'તુ મને અગાઉથી કહી ગયો હતો તે ઉપરથી હુ સમજી શકયો હતો કે તને રૂપીઆની તાકીદે જરૂર છે એટલે એ રૂપીઆ તારા દાગીના બીજે ઠેકાણે ગીરવી મુકીને લાવવાની વ્યવસ્થા કરવામા કદાચ બે ત્રણ દીવસ નીકળી પણ જાય, તો વળી તુ વિલબ થવાથી મુંઝાઇ પડે તેથી એક અમુક સખ્સના રૂપીઆ મારે ત્યાં પડેલા હતા તેમાથીજ મેં તાબડતોબ તારી સ્રીને રૂપીઆ આઠ હજાર આપીને મારે ત્યાથી વિદાય કરી હવે જે ધણીના રૂપીઆ મે આપ્યા છે એ ધણી જો ના કહેશે તો વળી એજ તારા દાગીના બીજા કોઇને ત્યા ગીરવી મુકીને રૂપીઆ લઇ આવીશ અને જે ધણીએ મારે ત્યા રૂપિયા મુકયા છે, તેમાં રૂપીઆ આઠ હજાર પાછા મુકી દઈશ. માત્ર તારી મુઝવણ ઝટપટ તારવાને ખાતરજ મારે આટલી પીડામા પડવુ પડયુ છે"

"તે મારે ખાતર પીડા ઉઠાવી છે તે તો હુ સમજુ છુ પણ તારી ભાભી કયા ગઇ છે તેની તજવીજ કરવાની નવી પીડા જાગી છેની?" સપાટીદાસે ગભરાઇને જણાવ્યુ "તારે ત્યાંથી એ પાછી આવી ત્યારે હુ ઘરમાજ હતો, પરતુ રૂપીઆ આઠ હજાર તારે ત્યાંથી લઇ આવી છે તે વાત તો તેણીએ મને જણાવીજ નથી."

"પરતુ દાગીનાની જે વ્યવસ્થા તેણી કરી ગઇ છે, તે પણ તેણીએ તને જણાવી છે કે?" ગોટાળાશકરે પુછયુ "દાગીના ગીરવી મુકયા બદલનુ ખાતુ તેણીએ મને લખી આપ્યુ છે એ કઇજ વાત તેણીએ તને જણાવી નથી?"

"ના, તેણી તો કશુજ બોલી નથી" સપાટીદાસે સત્ય કહ્યુ 'તેમ મે પણ તેણીને કશુ પુછયુ નથી, કેમકે તારે ત્યાથી આવી ત્યારે તેણીનો ચ્હેરો જાણે ગુસ્સામા હોય એમ મને લાગવાથી મે પણ તેણીની સાથે કઇજ વાતચીત કરી નહી"

"એ પણ તે ભુલ કરી છે તારે તેણીને પુછવુ જોઈતું હતુ" ગોટાળાશકરે ખુલાસો કરતા જણાવ્યુ "તેણીએ પોતાના વ્હાલા હીમ જેવા દાગીના ગીરવી મુકયા એટલે તેણીને સ્વભાવીકપણે દીલગીરી વ્યાપે એમા નવાઇ નહીં"

"તેણીનો ચ્હેરો ઉતરેલો જોઇને મે તેણીને એવા વિચારથી પુછવાનુ માડી વાળ્યુ કે તુ મને મળશે એટલે તનેજ પુછી જોઇશ" સપાટીદાસે જણાવ્યુ "તુ મને આજે સાજના મળશેજ એ પણ ચોક્કસજ હતુ કેની?"

"અરે પણ ઘેલા! એવી જોખમની વાત તારે તેણીને તાબડતોબ પુછવી જોઈતી હતી" ગોટાળાશકરે ઠપકો દેતાં કહ્યુ "તુ એક વાણીઆનો દીકરો છતા તે આવી ભુલ કરી એ જોઇ મને પોતાને પણ ખેદ ઉપજે છે હવે જે થવાની તે થઈ, પણ તેણી કયા ગુમ થઇ ગઇ હસે તેની

તજવીજ કરવી જોઇએ " સપાટીદાસે નિશ્વાસ નાંખતા જણા-વ્યુ. અરેરે ! પૈસાની મુઝવણ તો બાજુએ રહી ગઈ અને વળી આ નવી પીડા જાગી "

" તેણીને માટે કયા શોધખોળ કરવી તે પણ મને સમજાતું નથી. " ગોટાળાશકરે જાણુવા માગ્યુ. " તેણીને કોઇને ત્યાં જવા આવવાનો પરિચય છે ખરો ? "

" ના, કોઈને પણ ત્યા જવા આવવાનો તેણીને પરિચય નથી. " સપાટીદાસે કહ્યુ. " જ્યારથી તેણી મારે ત્યા પરણીને આવી ત્યારથી તેણીએ આ ઘર સિવાય કે તારા ઘર સિવાય બીજા કોઇ પણ ઘરનો ઉમરો જોયો નથી "

" વારૂ, મારે ત્યાથી તેણી રૂપીઆ આઠ હજાર લઇ આવી છે તે રૂપીઆ તેણીએ કબાટમા કે ત્રીજોરીમા મુકયા છે કે નહિ ? " ગોટાળાશકરે સુચના કરી " પ્રથમ કબાટ ત્રીજોરી કે બીજી જે પણ મુકવા મેલવાના સાધનો હોય તેમા તપાસી તો જો કે તે રૂપીઆ છે કે નહીં ? "

" તે તો તારા આવતા પહેલાજ મે બધુ તપાસી જોયુ પણ તે રૂપીઆ જણાયાજ નથી " સપાટીદાસે પુછયુ

" તે તેણીને રોકડા રૂપીઆ આપ્યા હતા કે નોટો આપી હતી ? "

" એક એક હજારની કુલ આઠ નોટો આપી હતી " ગોટાળાશકરે પણ ઉપલેક સતાપ દર્શાવતાં કહ્યુ " જ્યારે તે

રૂપીઆ પણુ ઘરમાં નથી ત્યારે તો મને પણ તેણીના સબ-ધમા અનેક પ્રકારના શક ઉત્પન્ન થાય છે ”

“મોટામા મોટો શક તો મને એ ઉત્પન્ન થાય છે કે રામાના કહેવા પ્રમાણે તેણી પોતાના હાથમા એક ગાસડી લઇને ઘરમાથી નીકળી છે સપાટીદાસે પોતાના શકની મજ-બુતિમા જણાવ્યુ “ તે ગાસડીમા શુ લઈ ગઈ હશે અને ગાસડી લઇ જવાનો સબબ શો એજ તરેહવાર શક ઉત્પન્ન કરનારૂ છે ”

“હુ પણ તે કબુલ કરૂ છુ ” ગોટાળાશકરે પણ ખુલ્લી રીતે જણાવ્યુ “ જરૂર દાળમા કઇ કાળુ છે ? ” રૂપીઆ મારે ત્યાથી લઇને તણી અહી આવી અને અહીંથી તારી ગેરહાજ-રીમા તેણી એક ગાસડી સાથે અહીંથી નીકળી ગઈ એ બધો રગ તદ્દન શક ભરેલો છે. અને મારે હવે ખુલ્લુ કહી દેવુ જોઇએ કે રૂપીઆ લઇને તેણી ગમે ત્યા પલાયન કરી ગયલી હોવી જોઇએ જો રૂપીઆ મુકીને ગઇ હોત તો આવો શક લાવી શકાત નહી, પરતુ હવે તો ચોકખુ સમજાય છે કે રૂપીઆ લઈને તેણી ગમે ત્યા પણ ભાગી ગયલી હોવી જોઇએ ”

“ત્યારે હવે તેણીની શોધ કેવે પ્રકારે કરવી ? કદાચ તેણી પોતાને પીયેર ગઇ હોય એ પણ બનવા યોગ્ય છે ” સપાટીદાસે વળી વિચાર કરીને પુછયુ “ તારી સલાહ હોય તો પોલીસમા ખબર આપુ ”

"એવી ઉતાવળ કરવી એ પણ ડહાપણ ભરેલ નથી", ગોટાળાશંકરે સમજુતિ આપતા જણાવ્યુ "કદાચ તેણી પોતાને પીયેર ગઈ હોય અને ત્યા તેણીનો પતો મળી પણ આવે, માટે તેણીને પીયેર તજવીજ કરાવ્યા પહેલા પોલીસને ખબર આપવી એ પણ ઠીક નહી"

"ત્યારે તો તેણીને પીયેર તાર કરીએ" સપાટીદાસે પુછયુ "તાર હમણાજ કરીએ કે કાલે કરીશુ"

"અત્યારે તાર કરવાની જરૂર હુ જોતો નથી" ગોટાળાશંકરે ધીરજ આપતા જણાવ્યુ "તુ જરા ધીરો પડ અને પ્રભાત થતા સુધી કઇપણ ગરબડ કરવાનુ હાલ તરત માંડી વાળ પ્રભાત થયા પછી તેણીને પીયેર તાર કરવાનો વિચાર આપણે કરીશુ"

"હા, એ પણ તારી સલાહ વાજબી છે" સપાટીદાસે હજી પણ આશા રાખતા જણાવ્યુ "કદાચ પ્રભાતમા તેણી પાછી આવી પણ પહોચે"

"હા, એમ પણ કદાચ બને" ગોટાળાશંકરે પોતાનુ હસવુ મનમા દાબી રાખીને કહ્યુ "હજી પણ તેના આવવાની આશા તો રાખવીજ જોઇએ" આ વગેરે વાતચીત કરીને ગોટાળાશંકર પ્રભાતમા આવવાનું કહીને પોતાને મકાને પાછો ગયો"

સપાટીદાસ પોતાના ખાનગી ઓરડામા એકલો બેસી અત્યંત આક્રંદ કરવા લાગ્યો અને આખી રાત્રી સંતાપમાં

પસાર કરતો ઇઝીચેર પર પડી રહ્યો રામાએ પણ આ પ્રસગે સપાટીદાસને વિશેષ છછેડવાનુ માડીજ વાળ્યુ હતુ, તોપણ પાછલા ઓરડામા રામો આ બધી ખટપટ વિષે ગુણવતી સાથે કઈ કઇ વાતચીત કર્યા કરતો બેઠો હતો.

ગુલાબ ૧૫ મુ

દોહરો

પહોચી પીયેરમા જયા, મળ્યો તજવીજનો તાર,
ઉત્તર તેનો નહીં મળ્યો, સમજાયો છે સાર

હાંકપીછોડો.

જયાની તજવીજને માટે જે તાર મોકલવામા આવ્યો હતો તે તારનો કશો જવાબ બે દિવસ સુધી પણ નહીં આવ્યાથી સપાટીદાસે મનમા એમજ ધારી લીધુ કે જરૂર એ નવીએ દગો દીધો છે આમ ધારીને તે અત્યત ગ્લાનીમાં ગરકાવ થઇ ગયો અને તેણે ગોટાળાશકરને બોલાવીને કહ્યુ. “ ભાઈ ગોટાળાશકર બે દિવસ પસાર થઈ જવા છતા તારનો કશો ઉત્તર આવ્યો નહી તારનો જવાબ પાછો મગાવવા માટે તારની ડબલ ફી પણ ભરી છે, પરતુ મારે સાસરેથી કશો પણ ખુલાસો આવ્યેજ નથી, જેથી મને તો એમજ ભાસે છે કે એમા કાંઇપણ દગો થયલો હોવો જોઇએ ”

" મને પણ એમજ લાગે છે ખરૂ " ગોટાળાશંકરે આસ્તે રહીને જણાવ્યુ " એ તમારી નવી આ પ્રમાણે બડી ઉસ્તાદ તો ખરી. હવે મને તેણીની તમામ રચના ઉપરથી ચોકખુ સમજાય છે કે તેણી એ દાગીનાના રૂપીઆ મારે ત્યાથી રોકડા લઈ કરીને તે રોકડા રૂપીઆ સાથે તેણીને પીયર અગર ગમે ત્યા છુ થઇ ગઇ હશે જો દાગીનાપર લીધેલા રૂપીઆ તમારે ત્યા મુકીને ગઈ હોત તો આવો શક ઉત્પન્ન થાત નહીં આ તો ખુલ્લી રીતે જણાઈ આવે છે કે તેણી રોકડા રૂપીઆ લઇને ભાગીજ ગઇ. અને તેમ કરીને તેણીએ જબરૂ સ્ત્રી ચરિત્ર ચલાવ્યુ છે તમે પણ મોટી ગફ્લતીજ વાપરી છે તેણીના ઉપર તમે હદ ઉપરાત વિશ્વાસ રાખીને અત્યારે તદ્દન પાયમાલ થઇ ગયા છો દીલગીર છું કે તમારે માથે આવી પડેલા દુખ ઉપર ડામ દેવાનુ મને સારૂ લાગતુ નથી " ગોટાળાશંકરે યુકિત પૂર્વક જણાવ્યુ " તમે તેણીનીજ અક્કલે પ્રારભથી ચાલ્યા તેનુજ આ પરિણામ આપણામા કહેવત છે કે 'બૈરાની બુધ્ધિ પગની પાની સુધી,' પણ આ કહેવતનુ ભાન તમે ભુલીજ ગયા જેનો સબબ એજ હતો કે તમે તે નવીના પ્રેમમાં દીવાના બની ગયા હતા ! "

' હુ દિવાનો તો બન્યો ન્હોતો, પણ તેણી ભલી છે એવી તેણીને માટે મારી માન્યતા હતી " સપાટીદાસે હજી પણ તેણીની ભલાઈ પોતાના મનમા પકડી રાખીને જણાવ્યું " ભાઇ ગોટાળાશકર આવો દગો તેણી દે એટલું પાણી

તેણીનામાં તો નથીજ, પણ મને તો લાગે છે કે કોઇ પણ રગ ચડાવનારો રેપુ તેણીને મળેલો હોવો જોઇએ "

"તમે તો ભુલો છો. હજી તમે તમારી ભોળાઇ છોડતા નથી. ગોટાળાશંકરે મુદ્દાથી જણાવ્યું "મોટા વિદ્વાનોના રચેલા વાર્તાના પુસ્તકો જો તમે વાચ્યા હોય તો તમને સમજાય કે સ્ત્રી જાતી કેટલી સાહસિક છે અને સ્ત્રી ચરિત્રો કેટલા ભયંકર તથા કળાબાજ પણ હોય છે માત્ર એટલુજ કે તેણીએ તમારી સાથે આવો દગો કીધો છતા પણ તમે જે તેણીની ભલાઇનું પુછડુ પકડી બેઠા છો તેનો સબબ એજ છે કે 'નારીના કટાક્ષ આગે પુરૂષ છે ગુલામ' એ એક નાટકી વાકય પ્રમાણે તમે તેણીના ગુલામ થઇ ગયા હતા અને તેથીજ તેણીની દગલબાજીને પણ તમે હજુ સુધી ભલાઇ તરીકે માન્યા કરો છો "

"વારૂ ભાઇ, તુ જેમ કહે તેમ ખરૂ હમણા તારે કહેવાનો વખત છે અને મારે સાભળવાનો વખત છે" સપાટીદાસે સલાહ માગી "હવે આ બાબતમા કયો રસ્તો લેવો તેની મને કઇ સમજ પડતી નથી. તારી શી સલાહ છે?"

"રસ્તા લેવા હોય તો અનેક છે. એક તો એ કે આપણે ગુપ્તપણે અકસ્માત તારે સાસરે પહોચી જઇએ અને ત્યા જો ધામધુમ કરીએ તો કદાચ તેણીનો પત્તો મળે પણ ખરો એ સિવાય પોલીસને ખબર આપીએ અને મરી મસાલાદાર ફરીઆદ નોધાવીએ તો તે દ્વારા પણ કઇક વળી શકવાની આશા રહે" ગોટાળાશંકરે આ બધુ જણાવવાની સાથેજ

એવી પણ સુચના કરી કે "મારૂ હૃદય તો એમજ કહે છે કે એ બાબતમા હવે વિશેષ ચોળાચોળ કરવી નકામી છે. કેમકે એમ કરવા જતા તેણીનો કદાચ પત્તો પણ લાગે, પણ પત્તો મેળવ્યાથી લાભ પણ શો છે? એવી નિષ્ઠુર નારીને પુન ઘરમા ઘાલવી એ તો મુર્ખાઇ ભરેલુજ ગણાય કદાચ જે રોકડા રૂપીઆ તેણી લઇ ગઇ છે, તેમાથી કઇક પાછુ મેળવી શકાય, તો પણ મને તો શક ભરેલુજ લાગે છે કારણ કે રોકડા રૂપીઆનો રસ્તો તેણીએ આમ તેમ કરી પણ દીધો હશે દગલબાજ નારી તેમ કરવાને ચુકેજ નહી આટલુ છતા પણ ધારો કે આપણે બધી તજવીજ કરીએ તેણીને પીયેર પણ આપણે પહોચી જઇએ અને બને તેટલી ધામધુમ કરવાને પણ મુકીએ નહીં, પરતુ તમ કરવા જતા વળી ખરચ પણ કેટલો બધો થઇ જાય અને જો ખરચ કીધા પછી પણ આપણુ કઈ વળે નહીં તો કરેલો ખરચ પણ પસ્તાવારૂપજ થઇ પડે વિશેષમા આવી ગરબડ કરવા જતા તારી આબરૂના પણ કાકરા થાય અને લોકોમા તારી ફજેતીના વાવટા ઉડે માટે દીર્ઘ દ્રષ્ટિથી વિચાર કરતા મારી તો તને એટલીજ સલાહ છે કે જે બની તે બની. જેવા તમારા નશીબ અને નશીબપર આધાર રાખીને ચુપચુપ બેસી રહેવું એજ વિશેષ ડહાપણ ભરેલુ છે એટલુ સારૂ થયું કે તુ ટુક મુદતમાજ તેણીનાથી મુકત થઇ ગયો એવી કુભારજા જો લાબો વખત તારા ઘરમા રહી હોત તો કદાચ તારે ઝેર ખાવાનો પણ વખત આવત.

" પણુ ભલા માણુસ આ બધુ' તારૂ ડહાપણુ મને તેજ વખતે તે કેમ નહીં જણાવ્યુ " સપાટીદાસે ચીપી ચીપીને પુછયુ " તારે મને તેજ વખત ચેતાવવાની શુ તારી ફરજ ન્હોતી ? "

" ફરજ તો બધીએ હુતી, પણુ તે વખતે તારી આખો આકાશે ઉડતી હુતી. એટલે તે વખતે તારી હાએ હા કહ્યા સિવાય મારો છુટકો નહોતો " ગોટાળાશકરે તેને શાતી આપતા જણાવ્યુ. " હવે એ બધો ખરખરો તારા મનમાથી કાઢી નાખ અને તારી જુની સ્ત્રીને સુના સમાન માની તેણીની સાથેજ તારો ગૃહસસાર નભાવવાનુ ડહાપણુ વાપર તેણી બીચારી ગામડાની છે તેથી તારો ભાવ તેનાપર બેસતો નથી, પરતુ જો તુ તેણીની સાથે સીધો ચાલશે તો તેણી ગામડાનુ ગુલાબ છે એમ ભવિષ્યમા તારી ખાત્રી થશે. એ ગામડાના ગુલાબની સુવાસથી જેમ તારૂ' ઘર સુવાસીત બની જશે. તેમજ તેણીના પ્રસ'ગથી તારી બુદ્ધિ પણુ સુવાસીત બની જશે. સારાના સ'ગમાજ બુધ્ધિ પણુ સારી રહી શકે છે, એ આપણા વડીલોની વાણી કઇ ખોટી નથી, જેવો સગ તેવો રગ લાગે એ સ્વાભાવીકજ છે જ્યા એક ફીસીયારીખોર ફેશનમા ફાટેલી, મોજશોખમા ડુબેલી અને દરેક રીતે ખોટા ખર્ચા કરાવનારી સ્ત્રીના પ્રસ'ગમા તુ આવ્યો અને તેથીજ તુ સર્વ પ્રકારે ખુવાર થઇ ગયો છે અલબત એમા હુ તને દોષ દઉ' તેના કરતા તારા ગૃહયોગનો દોષ પણુ હુ તો મુખ્ય ગણુ છુ. 'કર્માનુસાર બુધ્ધિ' એ પણુ શાસ્ત્રકર્તાઓનુ'

વચન છે. તેમ છતા પુરૂષ પ્રયત્ન કરીને બને ત્યાં સુધી વિચારીને વર્તવુ એ પણ મનુષ્યનુ કર્તવ્ય છે વિચારીને ચાલવા છતા પણ જો આફત આવે તા પછી પ્રારબ્ધની વાત સમજવી શાસ્ત્રકારોએ કહ્યુ છે કે પ્રારબ્ધ અને પુરૂષાર્થની જોડી છે. માટે તે બનેના જોડેજ ઉપયોગ પણ થવો જોઈએ આ બધુ કહેવાનુ કારણ એજ છે કે કાઇ પણ રીતે સમજી વિચારીને ગુણવતીની સાથેજ બનાવ જો તુ રાખશે તો હજી પણ તારૂ ભવિષ્ય સુધરશે "

"તે તો ખરૂ પણ જે પૈસા ગુમાવ્યા છે તે કેવી રીતે પાછા મળી શકવાના છે " સપાટીદાસે સતાપ કરતા જણાવ્યુ " મારે માથે કેટલુક કરજ થઇ ગયુ છે તે આપવાને માટે મારે શો રસ્તો લેવો. "

તે માટે હજી કઈ ગભરાવાનુ કારણ નથી ? હજી પણ તારા ઘરમા થોડા ઘણા દાગીના હોય તે વેચી સાટીને તેમાથી માગનારાઓને હાલ તરત થોડુ થોડુ આપીને તેઓને ધીરા પાડવા તેઓને જો થોડુ થોડુ પણ આપશે, તો તેઓ કાઇ ગરબડ કરે તેમ નથી. ગોટાળાશકરે ભાર મુકીને જણાવ્યુ "અરે તારી ગામડાની ગુણવતી મારા ધારવા પ્રમાણે એટલી બધી બાહોશ છે કે તેણીની સલાહ તને એ બાબતમા ઉપયોગી થઈ પડશે. તેણી જેમ ભણેલી ગણેલી છે, તેમજ બડી બુદ્ધિશાળી પણ છે વળી વિશેષમા ઇશ્વર ઉપર કેટલોક વિશ્વાસ રાખવો જોઇએ જો તુ સન્માર્ગે ચાલશે, અને તારી ફગ્ગેશી પ્રિયાની સાથે સહકાર સાધની તેણીનો આશીર્વાદ

મેળવશે તો કુદરત પણ તને સાહ્ય થશે. તે તે બિચારી સાથે જ્યારથી અણુબનાવ ચલાવ્યો છે ત્યારથી તારી પડતી પણ થઇ છે તેણીના જેવી નિર્મળ, નીતિવાન અને નિપુણ નારીનો તે અત્યાર સુધી નિસાશો લીધો છે એજ તે ખોટુ કર્યું છે જો તેણી એક અપવિત્ર અબળા હોત અને જો તેણી તારી આજ્ઞાકિત પણ ન હોત તો તેણીનો ત્યાગ કરવામા તારો દોષ ગણાત નહી. પણ તેણીના જેવી પવિત્ર પ્રિયાનો ત્યાગ કરવાનુ જે અવિચારીપણું ચલાવ્યુ છે એ તારો મોટામા મોટો દોષ થયો છે અને એજ દોષની શિક્ષા પ્રભુએ તને આપી છે ”

“ એ વાત તો હુ માનુ છુ ” સપાટીદાસે પોતાના મનમા ધારેલી વાત પુછી “ થોડુ ઘણુ કરજ દાગીના વેચીને પતાવી શકાય તેમ છે, પરતુ તેમ કરવા જતા લગભગ અડધા કરજનુ લફરૂ તો રહેવાનુજ આને માટે મારો એવો વિચાર થાય છે કે આ મારૂ મકાન ગીરવી મુકીને જો તમામ કરજમાથી મુકત થઇ જાઉં તો કેમ ? ’

“ એ તારો વિચાર પસંદ કરવા યોગ્ય નથી મકાન ગીરવી મુકાને તુ જેટલા રૂપીઆ લેશે તેટલા ઉપર વ્યાજના ઘોડા ચાલતા થશે. તેનો પણ વિચાર તુ કઇ કરે છે કે ? હજી તને અનુભવ નથી કે વ્યાજના ઘોડાઓ મહા ભુડા છે, માટે એવી મુર્ખાઇ તો તુ વાપરતોજ નહીં. મેં તને જે પ્રથમ સલાહ આપી છે તેજ વિશેષ ડહાપણ ભરેલી છે. ” ગોટાળાશકરે સમજાવીને જણાવ્યુ. “ હાલ તરત મે તને કહ્યુ છે તેમ કર અને પછી વળી જેવો વખત આવશે તેવો વિચાર કરી

લેવાશે પ્રભુ કરશે તો કઇ નવો કામ ધધો જો તુ ઉપાડશે તો તેમાથી પણ કઇક સારૂ જ પરિણામ આવશે. આ મારી તને અતઃકરણપુર્વકની સલાહ છે પછી તો તને જેમ વાજબી લાગે તેમ કરજે " કહી ગોટાળાશકર રવાના થઈ ગયો.

સપાટીદાસ ઉડાણુ વિચાર કરતો પોતાના ખાનગી ઓરડામા બેસી રહ્યા ગોટાળાશકરની સલાહ ગમે એટલી સમયસુચકતા ભરેલી હોવા છતા સપાટીદાસને તો તેથી કઇ શાતી વળી નહીં, અને તેથી તે પોતાના મનમા વિચિત્ર વિચારોના ગરબડગોટા વાળવા લાગ્યો.

—»»✲✲««—

ગુલાબ ૧૬ મુ.

દોહરો

ભુડાનુ ભુડુ થયુ, થયા ભિખારી તેહ,
હરામનુ રહે નહી કદી, એમા શો સંદેહ ?

"જીસ મુલ આયા ઇસ મુલ ગયા ઓર નફેમે દો જુતીયા."

ગોટાળાશકરે ગોટાળો કરીને પોતાનુ ઘર તાજુ કીધુ, તેની પાસે પોતાના પિતાની મુકેલી થોડીક પુજી હતી તે ઉપરાત સપાટીદાસની સાથે ગોટાળો કરીને તેણે આશરે પદર હજારનો દલ્લો મેળવ્યો હતો. એટલે એકદરે તેની પાસે આસરે લગભગ પચીસ હજારની પુજી થઇ ગઇ. આ

પ્રમાણે તે તાબે થઇ જવાથી અત્યંત તે આનંદમા આવી ગયો અને પોતાની પુંજીનો તેણે એવી રીતે ઉપયોગ કરવાનો વિચાર રાખ્યો કે પ્રથમ તો આશરે રૂપીઆ પાચ હજાર સુધીનું એક મકાન લેવું કે જેથી મકાનનુ ભાડુ ભરવાની પીડામાથી મુકત થઇ જાઉ મકાન લીધા પછી ન્યાત જાતમા હું મીલકતવાળો ગણાઇશ અને તેથી મને કન્યા પણ મળી શકશે અત્યાર સુધી હુ ભટકતા ભામટામા ગણાતો હતો અને મારી ન્યાતમા મને કોઈ ગણતુ પણ નહોતુ, જેથી મને હજી સુધી કન્યા પણ મળી શકી નથી. પરંતુ મકાનનો માલીક થતા મારો વકકર વધી પડશે અને કન્યા પણ મળી શકશે. કન્યા મેળવવા માટે તેમજ લગ્નનો ખરચ કરવા માટે કુલ રૂપીઆ પાચ હજાર તો જોઇશેજ એટલે મકાન અને લગ્ન મળીને રૂપીઆ ૧૦ હજાર થઈ જશે બાકી રૂપીઆ પંદર હજાર રહેશે તેનુ વ્યાજ આવશે આ રકમની ધાર હું ગરીબોમા કરીશ તો દર માસે દર સેકડે બેથી ત્રણ ટકા સુધી વ્યાજનુ વ્યાજ ઉત્પન્ન કરી શકીશ એટલે વ્યાજની ઉત્પત્તિ કમમા કમ રૂપીઆ ત્રણસાડી ચારસોની થશે તેમાથી હુ અને મારી પત્ની માસીક રૂપીઆના અન્ન વસ્ત્ર વગેરેના ખર્ચમા વાપરીને આનંદે અમન ચમન કરી શકીશુ. વળી એક ગાડી ઘોડો પણ રાખીશ અને તેનો માસીક રૂા ૭૫ સુધીનો ખર્ચ નભાવીશ. તે ઉપરાત હુ અને મારી પત્ની દરમાસે મોજ-શોખ પાછળ સો પોણોસો રૂપીઆ વાપરીશુ અને એ બધા ખર્ચો કાઢતા પણ કમમા કમ રૂપીઆ સો વ્યાજની આવક-

માંથી બચાવી શકીશ આથી બીજુ વીશેષ સુખ મારે શુ જોઇએ ! સારૂ થયુ કે સપાટીદાસ જેવો મુર્ખ મીત્ર મને મળ્યો અને મારો દહાડો ફર્યો બેશક ઇશ્વરે મારો ભાગ્યોદય મારી દૃષ્ટિ સન્મુખ દર્શનીક કીધો છે તો હવે મારે તેનો ઉપયોગ કરવોજ જોઇએ ઘરમા ભપકામા રહીશ બ્હાર પણ ગાડી ઘોડે બેસીને ફરીશ અને વ્યાજ વટાવનો ધધો કરીશ એટલે શેહેરમા મારૂ નામ પણ એક શરાફ તરીકે પકાશે. એટલુજ નહી પણ શહેરના શ્રીમતોની પકતીમા પણ હુ આવી જઈશ પછી શુ પૂછવુ ? આનાથી વિશેષ સુખ બાકી પણ શુ રહ્યુ ? માટે પ્રથમ એક મકાન વેચાતુ લેવાની તજવીજ કરૂ અને તે પછી કન્યા મેળવવાની કોશીશ કરૂ. એટલે એ કામમાથી પરવારીને છેવટે વ્યાજવટાનો ધધો શરૂ કરી સસારી સુખમા હુ મ્હાલીશ " આ પ્રમાણે શેખ ચલ્લી જેવા વીચારો ગોટાળાશકરે પોતાના મગજમા ઠસાવ્યા બાદ જે મકાનમા તે ભાડે રહેતો હતો તે મકાનની કીંમત જો કે રૂપીઆ ત્રણ હજારથી વિશેષ અકાતી ન્હોતી, તોપણ તે મકાન તેને પસદ હોવાથી તેજ મકાન તેણે લેવાનો વિચાર કીધો તરતજ મકાનના માલીકને મળીને તેજ મકાન રૂપીઆ ૪૯૯૯ ની કીંમતે લેવાનુ સાટુ કર્યુ અને વેચાણ ખત રજીસ્ટર કરાવી મકાનનો કબજો પણ પુરેપુરે મેળવ્યો

ગોટાળાશકરનો એક હેતુ તો જાણે પાર પડયો અને હવે તેણે કન્યા મેળવવાની કોશીશ કરવા માડી. આને માટે તેણે પ્રથમ તો પોતાની જ્ઞાતીમાં તજવીજ કરી, પરંતુ સ્વ-

જ્ઞાતિમા જે કન્યાઓ હતી, તે ઘણી નની વયની હોવાથી બ્હારગામથી પૈસા ખરચીને મોટી વયની કન્યા લાવવાનો વિચાર તેણે રાખ્યો આ વિચાર પાર પાડવા માટે તે કાઠી વાડના એક ગામમા ગયો અને ત્યા જઇ તેણે એક વીશીમા મુકામ કીધો. વાચનાર! આ વીશીવાળો પણ ગોટાળાશંકરના મામા શુ કે તેવો બંટા બદમાશ ઠગટી અને સોનેરી ટોળી વાળો હતો તેણે ગોટાળાશંકરનો હેતુ જાણી લઇને એક મોટી વયની કન્યા મેળવી આપવાનુ વચન આપ્યુ તે વીશીવાળાએ વળી પાસેના એક ગામમા જઇ કેટલાક લુચ્ચાઓ સાથે મળી જઈ ગોટાળાશંકરને બરાબર બનાવવાનો રસ્તો લીધો તે રસ્તાને માટે કેવી ગ્યના રચવી તેને લગતી તમામ વ્યવસ્થા તેજ ગામમા કરી તે પાછો પોતાને ગામ આવ્યો અને ગોટાળાશંકર સાથે વાતચીત કરીને કહ્યુ કે, "કન્યા તો ખાસી પદર વપની છે તણી સર્વ પ્રકારે રૂપાળી છે અને બે ત્રણ ગુજરાતી ચોપડી પણ ભણેલી છે. તે કન્યામા કોઈપણ જાતનો વાંધો છે નહી, માટે જો તમે મારી સાથે આવો તો તે કન્યા તમને બતાવુ તે કન્યા આ પાસેના ગામમાજ છે અને મારી ખાત્રી છે કે તે કન્યાને જોતાજ તમે તેણીની સાથે લગ્ન કરવાને કીંચીત પણ આનાકાની કરશો નહી!"

તો ઘણી ખુશીથી હુ તમારી સાથે આવવાને તૈયાર છુ. "ગોટાળાશંકરે પણ ઉત્સાહથી કબુલ કર્યુ" જો તે કન્યા મને સર્વ પ્રકારે પસંદ પડશે તો ઘણી ખુશીથી તેણીની સાથે લગ્ન કરીશ."

"તે કન્યા તમને પસંદ પડશે એમા તો શક જેવું છેજ નહી " તે વીશીવાળાએ હવે પોતાના સ્વાર્થની વાત કહી સંભળાવતા જણાવ્યુ " પણ યાદ રાખજો કે રૂપીઆ દશ હજાર સીવાય તે કન્યા તમને મળી શકશે નહી "

"એટલા બધા રૂપીઆ !" ગોટાળાશંકરે તાજુબીથી જણાવ્યુ "દશ હજાર રૂપીઆ તો ઘણા કહેવાય "

"ત્યારે શું સોળસો રૂપીઆમા તમારે મન ગમતી કન્યા મેળવવી છે ?" તે વીશીવાળાએ જણાવ્યુ " પૈસા પુરા ખરચ્યા સિવાય મો માગી કન્યા મળે એવી આશા રાખશો નહી "

આ પ્રમાણે રકજક થયા પછી આખરે રૂા ૫૦૦૧ આપવાનો ઠરાવ કીધો તેટલી રકમમાથી લગ્ન ક્રીયા વગેરે કરવાનો ખર્ચ પણ કરવો એમ નક્કી કરીને ગોટાળાશંકર તે વીશીવાળા સાથે નક્કી કરીને તે ગામ ગયો ત્યા જતાજ એક રૂપવતી કન્યાને એક સુંદર વસ્ત્રાલંકાર સજાવી ગોટાળાશંકરને બતાવવામા આવી ગોટાળાશંકર તેને જોતાજ રાજી થઇ ગયો અને તેજ કન્યાને સાથે લગ્નની તમામ ક્રીયા પણ કરવામા આવી. બાદ ગોટાળાશંકરે તે કન્યાને પોતાની સાથે પોતાને ત્યા લઇ જવાની માગણી કરી

પેલા વીશીવાળાએ કપટથી કહ્યુ 'અત્યારે આપણે આપણી સાથેજ એ કન્યાને લઇ જઇશુ અને એને લઇને તમે તમારે ઘેર ખુશીથી વિદાય થઇ શકશો માત્ર એટલુજ છે કે, અહીંથી તમે એને લઇને તમારે ઘેર પહોચો ત્યા સુધી એ કન્યા અહીંના રીવાજ

પ્રમાણે પોતાનુ મો લુગડામાજ રાખશે તમારે ઘેર પહોચ્યા પછી અને તમારા ઘરમા પહોચતાની સાથેજ તમો બને તમારી કુળ માતાની પુજા કર્યા પછી એ કન્યા ઘુમટો કાઢી નાખશે"

"ગોટાળાશકરે આ માગણી મજુર રાખી બાદ પેલી કન્યાને ઘરના અદરના ભાગમા લઇ જવામા આવી અને તેણીના અગપરના તમામ વસ્ત્રાલકાર ઉતારી તેણીના જેટ-લીજ ઉચાઇના એક ત્રાહીત છોકરાને તે તમામ વસ્ત્રાલકારો સજાવી તેજ કન્યા જેવો દેખાવ બનાવ્યો તેને લઈને ગોટા-ળાશકર પોતાને ત્યા આવવાને સત્વર ત્રેનમા બેસી ગયો અને સ્વગૃહે આવતાની સાથેજ પેલા વીસીવાળાની સુચના પ્રમાણે તે કન્યાની સાથે બેસીને પોતાની કુળદેવીની પુજા પણ કરી. પુજા કરાવનાર બ્રાહ્મણ વિદાય થયા બાદ ગોટાળાશકરે પોતાના મકાનમા પાત અને પરણી આવેલી કન્યા બે જણા રહ્યા. તરતજ ગોટાળાશકરના કહેવાથી પેલી બનાવટી કન્યાએ મોઢાપરનો ઘુમટો કાઢી નાખ્યો અને તેનો ચહેરો જોતાજ ગોટાળાશકર ગભરાઇ ગયો તમામ દગા તે સમજી ચાકયો, પરતુ તે દગો દાબી રાખવાનુંજ તેણે પસદ કર્યું કેમકે દગો ઉઘાડો પાડવા જતા તેની ફજેતી થાય એવા ભયથી તેણે પેલા છોકરાને તાબડતોબ ત્રેનમા બેસાડીને તેને ગામ રવાના કરી દીધો દગામા પોતે ફસાયો છે એ વાતજ તેણે દાબી દીધી. કેમકે જો તે એવી ખોટી હોહા કરે તો લોકોમા તેની મસ્કરી થાય અને તે બેવકુફમા પણ ખપે એટલે તે વાત ટોપના તળે ઢાકી રાખ્યા સીવાય બીજો ઇલાજ તેને સુજ્યોજ નહી."

આ પ્રમાણે ગોટાળાશકર ઠગલબાજોના પજામા સપડા-વાથી તેની ડાગળી ચસ્કી ગઇ અને તે અર્ધો ગાડા જેવો થઇ ગયો. ખાધાપીધાનુ ભાન પણ તેને રહ્યુ નહી અને રાત દિવસ પેલી કન્યાની ઘેલછામા પોતાના મગજને ભમતુ રાખી ઘરમા આમ તેમ ફર્યા કરતો હતો. આ પ્રમાણે તેનુ મગજ ખસી ગયુ અને તે તદ્દન ગાડોજ થઈ ગયો. તેજ ગાડપણમા એક રાત્રે તેણે ગ્યાસતેલનો ડબ્બો ઘરમા ઢોળી દીધો અને તેમા દીવાસળી મુકતાજ મોટા ભડકો થઇ ઉઠયો, જે ભડકાને લીધે તેનુ મકાન સળગી ગયુ અને પોતે પણ સળગી મુઓ આ પ્રમાણે તે ઠગલબાજને પરમેશ્વરે તેના કુકર્મોનો યથાયોગ્ય બદલો આપ્યો.

વાચનાર ! દગા કીસીકા સગા નહી અને આખરે ભુંડુ કરનારનુ ભુડુજ થાય છે એ આ ગોટાળાશકરના દાખલાથી સ્હેજે સમજી શકાય છે સારાશ એજ કે ભલુ કરનારનુ ભલુ થાય છે અને ભુડુ કરનારનુ ભુડુ થાય છે

ગુલાબ ૧૭ મું

દોહરો.

જયાલક્ષ્મી પીયેરમા, દુ ખ પામી પસ્તાય,
સુખ તો સ્વપ્ને વહી ગયુ, દુ ખ દુ ખ દેખાય !

ભુંડી નારીની ભુંડી દશા.

જયાલક્ષ્મી પોતાને પીયર પહોચી ગઇ ત્યા તેણીએ પોતાના માતપીતાને સપાટીદાસના સબધમા સર્વ વાત

સમજાવીને કહેતા તેઓ પણ દીલગીર થયા, અને બીજી રીતે વળી તેઓને આનંદ પણ વર્ત્યો, કેમકે તેઓએ વિચાર કીધો કે, હવે વળી છોકરીને બીજા કોઇ સાથે પરણાવી દઇ વળી મોટી રકમ કન્યાવિક્રયથી મેળવી શકીશું આવો વિચાર ધરાવી જયાના માતપીતાએ જયાને માટે વળી કોઇ પૈસાદાર વરની તજવીજ ચાલુ કરી

પ્રિય વાચનાર! જયાનુ મુળ નામ દુધેલી છે એ તો તમે જાણોજ છો અને હાલ તેણી પોતાના પિયરમાજ રહેલી હોવાથી તેણીને આપણે પણ દુધેલીના નામથીજ ઓળખીશુ

દુધેલીના માતપિતા દુધેલીને કોઇ પૈસાદારના ગળામા ઓળવી મોટી રકમનો દલ્લો મેળવવાની આશામા હતા, પરંતુ તેટલામા તો પ્લેગના રોગમા તેઓ બને સપડાઇ એક એક દિવસને આંતરે પેલી દુનીયામા પહોચી ગયા એટલે હવે દુધેલી એકલીજ ઘરમા રહી સપાટીદાસ પાસે જે રૂપીઆની રકમ મેળવી હતી તે તેમજ દુધેલીની માતા પીતાની પણ સંઘરેલી કેટલીક દોલત હતી જે સર્વ મળીને દુધેલી પાસે આશરે દશ હજાર રૂપીયા રોકડા અને લગભગ બે હજાર રૂપીયાના દાગીના રહ્યા હતા. આ ઉપરાત આશરે એક હજારની કીંમતનુ રહેવાનુ મકાન પણ હતુ

દુધેલીનો વીચાર ફરીથી કોઇ સાથે લગ્ન કરવાનો ન્હોતો, પરંતુ તેણીની વૃત્તિ એવી હતી કે "જો કોઇપણ મનગમતો જુવાન મળે તેની સાથે પ્રેમ સબંધ સાધવો. આ હેતુ પાર

પાડવા માટે તેણીએ પરગામો તરફ નજર નાખવા માંડી, કેમકે પોતાના ગામોમા તો તેનો કોઈ લફંગો યુવાન મળી શકે તેમ ન્હોતુ તેણી સુરત જેવા સહેલાણી શહેરમા વસી આવેલી હોવાથી તેણીએ કોઈ પણ સારા શહેરમા જઇ વસ વાનો વિચાર કર્યો અને એવા વિચારથી તેણીએ પોતાના વડીલોનુ મકાન પણ વેચી નાખ્યુ બાદ તેણી પોતાની પાસે સેંકડા રૂપીઆ તથા દાગીના લઇને એકદમ મુબઇ ગઇ

દુધેલી જો કે એક ગામડાની ગમાર જેવી પ્રથમ તો હતી પરતુ સપાટીદાસ સાથે સુરતમા જેટલો વખત રહી હતી તે દરમ્યાન તેણી ચાલાક અને કઇક બાહોશ પણ બનેલી હોવાથી મુબઇ જેવા મહાભારત શહેરમા તેણીએ એકલી જવાની હિમત કરી હતી મુબઇમા જતાની સાથેજ તેણીએ પ્રથમ તો એક લોજમા એક ખાસ રૂમ રાખી ભાડે રહી અને ત્યા તેણીને મનગમતી સગવડ મળી શકી જે પછી થોડાજ દહાડામા તેણીએ આમ તેમ શોધ કરી છેવટે સાત રસ્તા તરફ એક મકાનમા જગા ભાડે રાખી, તે મકાનમા બીજા પણ કેટલાક ભાડુતો રહેતા હતા અને તેથી ત્યા રહેવામા દુધેલીને નીર્ભયપણુ પણ ભાસ્યુ તે મકાન ત્રણ માળનુ હતુ અને દરેક માળે બબ્બે ભાડુતો રહેતા હતા, દુધેલીએ તે મકાનના ત્રીજા માળ ઉપર જગા રાખી હતી અને તેજ માળ પર પડોશની એ ઓરડીમા એક એકલવાયો હીંદુ પણ રહેતો હતો તેનુ નામ લટપટદાસ હતુ અને તેનો ધંધો ઉચાપતના તેમજ કાળા ધોળા કરવા સિવાય બીજો ન્હોતો આ લટપટદાસ પાસે કઇ વિશેષ પુજી ન્હોતી, પરતુ દાવપેચ તેમજ દગાબાજીથી

તે પોતાના ખર્ચ જેટલુ ગમે ત્યાથી પણ કુટી કહાડતો હતો અને ઉદારતાથી ખર્ચ કરી અચ્છા ઠાઠથી રહેતો હતો ધીમે ધીમે દુધેલીને તેની સાથે પરીચય થવા માડયો અને લટપટદાસે દુધેલીને યુકતીપૂર્વક ભોળવવા પણ માડી. પરીણામે દુધેલી તેની મોટી મોટી બડાસની વાતોમા અજાઇ ગઈ અને પોતાની તમામ પુજીને વ્યાજ ઉપજાવવા માટે તેણીએ લટપટદાસને સોપી દીધી જે બે હજારના દાગીના હતા તેમાથી પણ લટપટદાસે માત્ર કમ જેટલા ગખીને વેચાવી નાખ્યા લગભગ એક મહિના સુધી તો તેઓ વચ્ચે ખુબ વિશ્વાસની ચાદર પથરાઇ અને દુધેલીએ લટપટદાસને પોતાના પતિ પ્રમાણેજ માની લીધો આખરે લટપટદાસે તેણીના તમામ રોકડા રૂપીઆનો રસ્તો કરી નાખ્યો અને તેમ કરીને લટપટદાસ દુધીલીની ગેરહાજરીમા ત્યાથી વિદાય પણ થઈ ગયો

લટપટદાસ સાયકાળ સુધીમા પાછો ફરેલો ન હોવાથી દુધેલીને ચિતા થવા લગી પહેલી રાત્રીએ તો તેણીએ લટપ-ટદાસ માટે જાગ્રણ કર્યુ અને લટપટદાસના આવવાની વાટ જોતી આખી રાત્રી બારી સાથે બેસી રહી બીજા દીવસની પ્રભાત થવા છતા પણ લટપટદાસ આવેલો ન હોવાથી તેણીની ચિન્તા વધવા માડી અને આ પ્રમાણે જેમ જેમ દિવસો પસાર થતા ગયા, તેમ તેમ તેણી વિશેષ અને વિશેષ ગભરાવા લાગી આવા ગભરાટમા તેણીએ આઠેક દિવસ જેમ તેમ પસાર કીધા અને છેવટે તેણીએ માની લીધુ કે " જરૂર લટપટદાસ દગો કરીને છુ થઇ ગયો "

દુધેલીને હવે કોઇનો પણ આધાર નહી રહેવાથી તેમજ તેણીની પાસે આશરે રૂપીઆ ૫૦૦ કરતા વીશેષ કીંમતના દાગીના પણ નહી હોવાથી, તેણીની હિંમત ગગળી ગઇ. છેવટે તેણીએ વિચાર કર્યો કે હવે મુબઇમા રહેવુ એ પણ મુનાસબ નથી અને વળી મુબઇમા રહેવા વીગેરેનો ખર્ચ નભાવવાનુ સાધન પણ નથી એટલે મુબઇ છોડી કોઇ બીજે ગામ જવુ એજ સારૂ છે છેવટે લાબો વિચાર કીધા પછી તેણીએ ગોટાળાશકરને મળવાનો ઇરાદો રાખ્યો. આ બાબતમા તેણીનો વિચાર એવો હતો કે ગોટાળાશકર પાસે જે દાગીના મુકયા છે, તે કયા તો પાછા લેવા અને તેમ નહીં તો દાગીનાની કીમત જેટલા રૂપીઆ લેવા.

"વાચનાર! દુધેલીએ સુરતથી પોતાના પિયેર ગયા પછી રૂપીઆ અગર દાગીના મોકલવા માટે ગોટાળાશકરપર કેટલાક કાગળો તો લખ્યા હતા પરતુ તે પત્રોના ઉત્તર ગોટાળાશકરે મુદ્દલ આપેલા ન હોવાથી દુધેલીના માતાપિતાનો વિચાર ગોટાળાશકરને રૂબરૂમા મળવાને હતો પરતુ તેટલામા તો ઉપર જણાવ્યા પ્રમાણે તેઓ પ્લેગના ભોગ થઇ પડયા અને પછી દુધેલીની હીંમત ગોટાળાશકરને મળ્રે જાતે સુરત જવાની ચાલી નહી. વળી માબાપના મરી ગયા પછી તેણીના હાથમા આશરે રૂપીઆ ૧૨-૧૩ હજારનો દલ્લો રહેવાથી તેણીએ ગોટાળાશકરની પાસેથી પોતાના દાગીના અગર રોકડ રૂપીઆ મેળવવાની દરકાર પણ કરી નહોતી, પરતુ મુબઇમા તેણી લુચ્ચા લટપટદાસના હાથમા સપડાઇ જવાથી હવેજ તેણીની નજર ગોટાળાશકર તરફ વળી

ગોટાળાશંકરને દુધેલીએ એક ખાસ પત્ર લખી મોકલ્યો તેમા તેણીએ પોતાના માતાપિતાના મૃત્યુની તેમજ તેણી મુબઇ આવી એક લુચ્ચાના ફદમા ફસી ગઇ તે વીગેરે ખબર પણ લખી મોકલી આ પત્ર તેણીએ પોસ્ટમા રજીસ્ટર્ડ કરીને મોકલ્યો, પરતુ સુરતમા ગોટાળાશકર તો બુરે હાલે મરી ગયલો હોવાથી તે પત્ર લગભગ આઠ દિવસે જેમનો તેમ પાછો આવ્યો રજીસ્ટર્ડ પત્ર પાછો આવવાથી દુધેલીએ એવો તર્ક બાધ્યો કે "ગોટાળાશકરે જાણી જોઇને પત્ર લીધો ન હશે માટે હવે તો તેને રૂબરૂમાજ મળવુ જોઇએ. રૂબરૂમા મળ્યા સિવાય કઇ વળવાનુ નથી આમ વિચાર કરી તેણી મુબઇથી પોતાના બિસ્તરસામાન સહીત સુરત જવાને નીકળી પડી બપોરની ગાડીમા તેણી મુબઇથી ઉપડેલી રાત્રીના દસ વાગતાને સુમારે સુરત આવી પહોચી અને ગોટાળાશકરના ઘર આગળ પહોચતાજ તે ઘર બળી ગયલુ જોઇ તેણી ચમકી બાદ આસપાસ પુછપરછ કરતા તેણીને બાતમી મળી કે ગોટાળાશકરનુ ઘર બળી ગયુ અને તેની સાથે ગોટાળાશકર પણ બળી મુઓ" આ ખબર સાભળતા દુધેલી કળી ગઇ અને એક મકાનના ઓટલાપર થોડીવાર બેઠા પછી સહજ હીંમત લાવી, તેણી પુન રેલ્વે સ્ટેશન આગળ ગઇ સ્ટેશનના એક ખુણા તરફ તેણી એકલી બેસીને રડવા લાગી. અને હવે શુ કરવુ તેનો વિચાર પણ કરવા લાગી પરતુ દુખને લીધે તેણીને કઇપણ રસ્તો સુઝયો નહી આસપાસ બેઠેલા કેટલાક ઉતારૂઓએ દુધેલીને રડતી જોઇ રડવાનુ કારણ પુછયુ. તેનો ખરો ખુલાશો દુધેલીએ

પણ કહી સભળાવ્યો આખરે એક ગામડીયાને દુધેલીની દયા આવવાથી તેણે દુધેલી પ્રત્યે પુછયુ "જો તુ મારી સાથે મારે ગામ આવે તો તને અન્નવસ્ત્રનોતો વાધો ન આવે"

"હુ પણ અન્ન વસ્ત્ર સિવાય વિશેષ કઈજ આશા રાખતી નથી." દુધેલીએ કરગરીને જણાવ્યુ "હવે મહેનત મજુરી કરીને અન્નવસ્ત્રો મેળવવા અને જીદગી ગુજારવી એટલીજ આશા હુ રાખુ છુ"

"તો ભલે આવ મારી સાથે" તે ગમડીઆએ રે'વીને કહ્યુ "મારી સ્ત્રી માગ ઘરમા છે અને મારો એક નાનો છોકરો આશરે બે વર્ષનો છે તે છોકરાને રાખવાનુ તેમજ ઘરનુ તમામ કામકાજ કરવાનુ તારેજ માથે રહેશે તે બધુ તારાથી બની શકશ ?

"બધુ બનશ અને જે પણ કામ ફરમાશો તે હુ કરીશ" દુધેલીએ નીશ્વાસ નાખી જણાવ્યુ "તમારો આધાર મને મળશે એટલુ જ હુ માગી લઉ છુ" આ પ્રમાણે વાતચીત થયા પછી ત્રેન આવતાજ તે ગામડીઓ દુધેલીને પોતાની સાથે લઇ ગયો

ગુલાબ ૧૮ મુ.

દોહરો

ગાયકવાડી ગામ છે, નવસારી નિમાણ,
દુધેલી ત્યા ગઇ હવે, મજુરણ રૂપ પ્રમાણ'

'દુધેલી મજુરણ !'

દુધેલીને લઈ જનાર ગામડીઆનુ નામ જગો હતુ અને તેની સ્ત્રીનુ નામ માણકી હતું, તેમજ તેમના એક નાના

પુત્રનું નામ મફતીયો કરીને હતુ જગો આશરે ૫૦ વર્ષની વયનો હતો અને તેની સ્ત્રીને અત્યાર સુધીમા સતતી ઓ તો ઘણી થઇ હતી, પરતુ તેમાની એકપણ સતતી જીવી નહી શકયાથી તેઓએ આ પુત્રનુ નામ ખાસ કરીને મફતીયો રાખ્યુ હતુ. તેઓ જ્ઞાતે કઈક વિચિત્ર જાતના હતા. પરતુ ભલાને દયાળુ હતા તેમજ ખેતીવાડી વગેરે સારી મીલ્કતના મલીક તેઓ હતા

જગએ દુધેલીને નવસારી લઇ ગયા પછી દુધેલીના સબધમા તમામ વાત માણુકીને કહી સભળાવી અને તેની સાથેજ તેણીને સુચના કરી કે “આ છોકરીને માત્ર હુ આધાર આપવાને ખાતરજ આપણે ત્યા લઇ આવ્યો છુ, અગરજો આપણા ઘરનુ તમામ કામકાજ કરવાની બોલી મે એની સાથે કરી છે, તો પણ એ બિચારી દુખની મારી અહીં આવી છે તો એની પાસે રીતસર કામ લેવુ એને માત્ર અન્ન વસ્ત્રો આપવાના છે તે સિવાય પગાર કઇપણ આપવાનો નથી તેમજ 'જો એ :આપણે ત્યા નીમકહલાલીથી નોકરી બજાવશે તો આપણે પણ તેનો બદલો આપીશુ”

“એ તો તમે સારૂ કર્યું આપણને એવી એક કામ કરનારીની ઘરમા જરૂર હતી.” માણુકીએ વીશેષ ખુલાશો કરતા કહ્યુ કે “ઘરનુ કામકાજ કરવામા તો મને કઈ મુશ્કેલી નડતી નથી, પણ આપણા મફતીયાને રાખવાને માટેજ એક માણસની જરૂર હતી, કેમકે હુ ઘરના કામકાજમા રોકાઉ તે વખતે એની સભાળ મારાથી લેવાતી નથી અને એ બીચારો

રડયા કરે છે પણ હવે આ છોકરી આવી છે તો ખાસ કરીને મફતીયાની સભાળ રાખવાનુ કામકાજ હુ એને સોપીશ"

"એમ તો એ બધુ એ કામ કરશે." કહીને જગો પોતાને કામે વળગ્યો

માણુકીએ દુધેલીને ઘરના કામકાજની તમામ સમજ પાડવા માડી અને દુધેલી ગરજાઉ હોવાથી તેણીએ પણ એક મજુરણ તરીકે ઘરનુ કામકાજ સંભાળી લીધુ વળી છોકરાને રાખવા તેમજ રમાડવામા પણ તેણી ખાસ માયા બતાવવા મડી આથી જગાનો તેમજ માણુકીનો ભાવ દુધેલી પર સારો થયો અને તેઓએ દુધેલીને થોડાજ દીવસમા પાચ રૂપીઆનો માસીક પગાર પણ બાધી આપ્યો

માણુકી અને દુધેલી વચ્ચે દીનપ્રતિદીન જેમ જેમ વિશેષ પરિચય થતો ગયો તેમ તેમ દુધેલીએ પણ પોતાના દુ ખની તમામ બીના માણુકી સમક્ષ કહી સભળાવી અને તે સાભળીને માણુકીના દીલમા દુધેલી પ્રત્યે વિશેષ દયા ઉત્પન્ન થઇ ગઇ દુધેલીની તમામ આફતની વાત સાભળીને માણુકીએ દુધેલીને સુચના કરી કે 'જે સપાટીદાસ સાથે તે લગ્ન કર્યા છે તેને તારે મળવુ જોઇતુ હતું તે જે વાત મને કહી છે તે ઉપરથી મને તો એમજ લાગે છે કે વચમા ગોટાળાશકરેજ ફગાફટકાથી તારૂ બગાડી નાખેલુ હોવુ જોઇએ. જો કે હુ તો તારા ધણીને કે ગોટાળાશકરને ઓળખતી નથી, તોપણ તારી વાત ઉપરથી મને વ્હેમ જાય છે કે તે ગોટાળાશકરે તારા પસા હજમ કરવાના હેતુથી તને આડો રસ્તો બતાવ્યો હશે. તારા કહેવા પ્રમાણે

ગોટાળાશંકરને તે રજીસ્ટર પત્ર લખ્યો તેણે લીધો નહી, એટલે જરૂર તેના મનમા કંઈપણ કપટ હોવુ જોઈએ એટલા માટે કોઇપણ રીતે તારા પરણેતર પતિને રૂબરૂમા મળવાની તક તારે સાધવી સારી છે"

"તે તો તમારૂ કહેવુ ખરૂ છે, પણ મને તેની પાસે જતા પગ ઉપડતો નથી દુધેલીએ ભય બતાવ્યો "તેમ છતા તમારી સલાહ પ્રમાણે હુ સુરત જઈને મારા પતિની મુલાકાત લઉ, પણ તેમ કરવા જતા વળી હુ કોઇ નવી આફતમા આવી પડુ તો ત્યા મારૂ કોણ? મારા કમનસીબે મારા માતાપીતા પણ મરી ગયા છે એટલે હવે મને કોઈની પણ હિંમત કે હુંફ રહી નથી"

"તુ તો નાહક બીએ છે" માણકીએ તેણીને હીંમત આપતા જણાવ્યુ. "તે દાગીના ગોટાળાશંકરને સોપ્યા છે અને તે બદલ તે કઇ રૂપીઆ પણ લીધા નથી તો પછી તારે ગભરાવવાનુ કારણ પણ નથી આ ખરી હકીકત જો તુ તારા પતિને સમજાવશે તો તે તારાપર ઓર રાજી થશે. અને તેની સાથેજ ગોટાળશંકરનુ જે પણ કાળુ ધોળુ હશે તે પણ ઉઘાડુ પડી જશે"

"પણ ગોટાળાશંકરે તો મારી પાસે દાગીના ગીરવી રાખ્યાનુ લખાવી લીધુ છે, એટલુજ નહી પણ તે દાગીના ઉપર રૂપીઆ ૧૦ હજાર લીધા હોય એવુ લખાવી લીધુ છે. એટલે ગોટાળાશંકર તો હવે મારા પતીને એમજ કહેશે કે રૂપીઆ ૧૦ હજાર મે તારી સ્ત્રીને આપ્યા છે." આમ બને તો પછી મારૂ શું થાહે?" દુધેલીએ વિશેષમાં કહ્યું કે,

મારા પતિ અને ગોટાળાશંકર વચ્ચે સગાભાઇચારાનો સંબંધ છે અને મારા પતિ ગોટાળાશંકરની જુઠી વાત સાચી માનશે અને મારી સાચી વાત હશે, તોપણ તે જુઠીજ માનશે. આમ હોવાથીજ હુ મ રા પતીને મળવાની હીમત કરી શકતી નથી એ તો ઈશ્વર ઉપર આધાર રાખીને હુ તો આ મહેનત મજુરી કરી મારૂ પેટ ભરીશ. મને ઘણી ઘણી ઠોકરો લાગ્યા પછી હવે મારી એટલી તો ખાત્રી થઇ છે, કે જો હું સન્માર્ગે રહીશ અને નિતિ રીતીથી મારૂ જીવન નિર્ગમન કરીશ તો તેમાથીજ પરમેશ્વર ભવિષ્યમા મારૂ ભલુ પણ કરશે ”

“એ તારૂ યાકીન સત્ય છે ” માણુકીએ પણ દુધેલીની વાતનો સ્વીકાર કરતા જણાવ્યુ “સીધી રીતે ચાલનારને પરમેશ્વર સદા સુખીજ રાખે છે જો પ્રભુ પ્રસન્નતા પામશે તો તેની કૃપાથી તારૂ ભવિષ્ય ગમે તે બ્હાને પણ સારૂ થઈ શકશે સત્યના બેલી શ્રી હરી છે અને જો તુ સત્યતાનેજ વળગી રહેશે તો તારો બેલી પણ શ્રી હરી થશે વળી જો ઈશ્વરેચ્છા હશે તો તારી સત્યતાના પ્રતાપેજ તારા પતિ તને પાછો મળી પણ જાય ”

“જેવી પ્રભુની મરજી ” દુધેલીએ આખોમા આસુ લાવી જણાવ્યુ “હાલ તરત તો તમારે આધારે છુ ”

“આધાર તો પરમાત્માનો” માણુકીએ દુધેલીને લાગણી પુર્વક દર્શાવ્યુ “છોકરી તુ રડીશ નહી, ભગવત તારૂં ભલું કરશે. વળી સુરત અને નવશારી એક બીજાથી દુર નથી

અને મારા મફતીયાના બાપ તો અવારનવાર સુરત જા આવ કરેજ છે, એટલે જો બનશે તો તેમની મારફતે હુ તારા પતિને તારી આ બધી વાત પહોચાડવાની તજવીજ પણ કરીશ"

"તમે જો કરો તો ઘણુજ સારૂ" દુધેલીએ આતુરતાથી જણાવ્યુ કે "મારો પતિ તો બિચારો ભલો ને ભોળો છે અને તે બાપડાએ તો મને કદી પણ દુભવી કે દુખવી નથી તે મને હાથમા ને હાથમા રાખતો હતો અને પાણી માગતા દુધ લાવીને આપતો હતો હજીપણ મારી ખાત્રી છે કે મારા પતિ સાથે એકવાર પણ મુલાકાત થાય તો હજીપણ તે મારા પર મનમાનતો ભાવ રાખવાને ચુકેજ નહી"

"મફતીયાના બાપાને હુ આ બધી વાત કરીશ અને તે પછી તેમને જે પણ ઠીક લાગશે તે રસ્તો તે લેશે મારા મફતીયાના બાપ ઘણા ઉસ્તાદ છે અને વળી કઇ નવીજ તદબીર કદાચ બતાવશે"

એટલામાજ જગો પણ બહારથી આવી પહોચ્યો અને માણકી તથા દુધેલીની વાતનો સ્વર સાભળીને તેણે પુછ્યુ "કેમ બને જણીઓ શુ તડાકા હાકો છો? બે બૈરાઓ ભેગા થયા એટલે વાતોના ગપાટાજ ચાલે"

"અમારી વાતમા ગપાટા નથી, પણ આ બિચારી દુધેલીની કર્મકથા હુ તેણીને મોઢે સાભળતી હતી તેણીની વાત સાભળતાજ તમારી લાગણી પણ તેણીને માટે દયાથી દોરાશે એમા પણ શક નથી" આમ કહી માણકીએ તે તમામ વાત જગાને કહી સંભળાવીને છેવટે તેણીએ જગાને

ભલામણ કરી કે કોઈ પણ રીતે આ બિચારી દુખીયારી છોકરીનુ તમે ભલુ કરી આપો તો જીદગી સુધી એ તમને આશિર્વાદ આપશે."

"જો એનુ ભલુ થતુ હોય અને જો તે મારાથી બની શકતુ પણ હોય તો હુ મારૂં બનતુ કરવાને તયાર છુ" જગાએ સ્હેજ વિચાર કરીને કહ્યુ "કોઈ પણ રીતે એના ધણીની સાથે એકવાર મુલાકાતનો પ્રસગ પણ જો મને મળે તો તેમાથી કઇ પણ સારૂ પરિણામ આવે ખરૂ."

"જયારે તમે સુરત જાઓ ત્યારે જો તમે એના ધણીને મળો અને તેને સમજાવીને એ વાત કહો તો કેમ?" માણુકીએ સમજાવીને કહ્યુ "તમે જો મન પર લેશો તો બધુંએ કરી શકશો"

"મનપર લેવાને તો મને કાઇ વાધો નથી, પણ એના ધણીને ઓળખાણ સીવાય મારે એકદમ મળવુ એ પણ જરા વિચારવા જેવી વાત છે" જગાએ ચીંતાતુર ચહેરે જણાવ્યુ "વળી કદાચ એના ધણીને વાત કરવા જતા તે મારા ઉપર એવુ પણ તહોમત મુકી દે કે તમેજ મારી બાયડીને ફોસલાવીને ઉઠાવી ગયા છો તો વચમા નાહકની મને વગર ખાધાની મોરચી જેવી પીડા વળગે તેમ છતા વળી એ વિષેનો હું નીરાતે વિચાર કરીને કઈ પણ રસ્તો લાવવાની તજવીજ કરીશ"

"બાદ જગો અને માણુકી ભોજન કરવા બેઠા, જે પછી માણુકીએ દુધેલીનુ ભાણુ પણ પીરસી આપ્યુ અને દુધેલી

જમીને એઠવાડાના વાસણો માજવા મંડી પડી બેશક જગાના ઘરમા હુંપેલીએ નીમકહલાલીથી કામ કરવા માંડ્યુ અને તેથીજ જગાની અને માણુકીની મહેરબાની હુંપેલી ઉપર ઘણી સારી થઇ ગઇ ખાસ કરીને મફતીયાની હુંપેલી અત્યંત હેતથી સંભાળ લેતી હોવાથીજ જગા અને માણુકીનો ભાવ હુંપેલી પર ઉત્તમપણે ચોટી ગયો હતો

—»»»✿«««—

ગુલાબ ૧૯ મુ.

દોહરો.

શુણવતી ગૃહીણી થઇ હવે ઘરમા થયો પ્રકાશ,
પતિ પત્નિ સુખમા વસે, લક્ષ્મીનો પણ વાસ

ગુણવંત ગુલાબ ખીલ્યું !

ગોટાળાશંકરનુ સર્વ સત્યાનાશ વળી ગયા પછી તેમજ સપાટીદાસના અન્ય મીત્રો પણ સપાટીદાસથી છુટા પડયા પછી સપાટીદાસનો કોઇપણ સલાહકાર રહ્યો નહીં આથી સપાટીદાસને ઘણુ રૂદન થવા લાગ્યુ અને તે અત્યંત પસ્તાવામા પડયો છેવટે તે પોતના જુના ઘાટી રામા પાસે ગદગદ કંઠે રડી પડયો અને તે જોતાજ રામાના આખોમા પણ આસુ ભરાઇ આવ્યા રામાએ તરતજ સપાટીદાસને દીલાશો દેતા દર્શાવ્યુ ' મોટાભાઇ નાહક રડવાથી શુ વળવાનુ છે મે બધી વાત જાણી છે અને ગોટાળાશંકરેજ તમને સર્વ પ્રકારે ખાડામા નાખી તમારા પૈસાની બરબાદી કરાવી છે પણ

ભગવતે તે બદમાસની બુરાઈનો બદલો તને પણ બુરાઈમાજ આપ્યો છે તે પોતે અગ્ની કોપમા બળી મુઓ છે એટલે તે મરેલાની બાબતમા હવે આપણે કઈપણ બોલવુ નકામુ છે'

"પણ ગના મારો તો પેસો ગયો, પ્રતિષ્ઠા ગઈ, પત્ની પણ ગઇ એજ મને અત્યત દુખદાયક દીસે છે રુપાટીદાને હવે કબુલ કરી દીધુ કે "જ્યારથી નવીને ઘરમા લઇ આવ્યો ત્યારથીજ હુ બાખાવીખી થવા માડયો હતો તે નવી ઉપર હુ દિવાનો થયો હતો જેનુ પરિણામ આવુ પસ્તાવારૂપ આવ્યુ છે હવે તો એવો વખત આવ્યો છે કે, મારો ખર્ચ નીભાવવામા પણ મુશ્કેલીજ નડશે થોડુ' ઘણુ દેવુ' છે તે તો માલમતા વેચી સાટીને પણ પતાવી દઇશ, પરતુ ખરચ કયાથી નભાવવો કઇ ધધો રોજગાર પણ રાખ્યો નથી કે તેમાથી આવકનો માર્ગ મળી શકે"

"મોટાભાઈ તમે કઇ ચિતા કરશો નહિ! પરમાત્માએ ચાવવાના દાત આપ્યા છે તે સુકુપાકુ ચવેણુ પણ આપશે. માત્ર એટલુજ છે કે, હવે કોઇપણ આડે રસ્તે ચાલતા અટકો' રામાએ સાનુકુળ પ્રસગ જોઈ સુચના કરી "કે જો તમારી પહેલી પરણેતર ગુણવતી બાઇનો તમે અનાદર કર્યો નહોત અને જો નવી બાયડી પરણ્યા ન હોત તો આવો વખત કદી પણ આવત નહી નવી બાયડીએ તમને આવી બુરી દશાએ પહોચાડયા, પરતુ હવે ગઈ ગુજરી ભુલી જઇ જે જુનુ છે તેજ સોનુ માનીને તેનો સ્વીકાર કરવો એજ તમારે માટે સુલભ છે. ગરીબ ગાય જેવા ગુણવંતબાઇ અગરજો ગામડાના

છે, પરંતુ મારા અનુભવથી હું કહી શકું છું કે તેણી ગામડાની ગમાર નથી, પરંતુ ગામડાનું ગુણવંત ગુલાબ છે એ ગુલાબની સુવાસ જો તમે લેતા રહેશો તો આખા ઘરમાં પણ તે ગુલાબની સુવાસ પ્રસરી રહેશે અને તેજ સુવાસથી આખું ઘર પણ શોભી રહેશે મોટાભાઇ, મારાથી બોલ્યા વિના રહે વાતુ નથી કે તે અનુપમ અબળાનો નિશાશો તમને લાગ્યો છે. જો કે તેણી તો તમારૂં અત્યાર સુધી બુરૂં ચાહતીજ નથી તો પણ તેણીની સાથે અણબનાવ રાખવામાં તમે ઈશ્વરી નીયમનો પણ ભંગ કીધો છે અને તેથી ઇશ્વરે તમને આવી અવદશામાં પહોંચાડયા છે મારી સલાહ માનીને તમે તેણીના સ્નેહ સંબંધમાં આવી આનંદે વસો અને પછી જુઓ કે કેવો ઉજવળ પ્રકાશ ઘરમાં ઝળકી રહે છે.'

"તો બસ તેણીને સમજાવીને અહીં મારી પાસે મોકલ. સપાટીદાસે ઉત્સાહમાં આવી જણાવ્યું "જો તું તેણીને સમજાવશે તો તેણી સમજીજ જશે' "તે બિચારીને તો સમજાવવાની પણ જરૂર નથી, સહેજ કહેતાની સાથે તે તમારી પાસે આવીને તેમને પગે પડશે એવી ગુણીયલ તેણી છે. હમણાજ હું તેણીને તમારી પાસે મોકલી આપું છું " આમ કહી રામાએ ત્યાંથી બીજા ઓરડામાં જઇ ગુણવંતીને બે વાત કહીને રામાએ તેણીને સપાટીદાસની પાસે મોકલી

ગુણવંતીએ સપાટીદાસની સમીપમાં પહોંચતાજ બે હાથ જોડીને નમનતાઇ પુર્વક કહ્યું "પ્રાણનાથ! આપની આ દાસી આપની સેવામાં હાજર છે" આમ કહી ગુણવંતી નીચે વળીને સપાટીદાસને પગે પડી

સપાટીદાશ પણ તેણીને ભેટી પડીને કહેવા લાગ્યો "વ્હાલી મે આજ સુધી તારો મોટો અપરાધ કીધો છે અને તેને માટે હુ તારી માફી માગુ છુ " "વ્હાલા, આમ કહી તમે મને દોષમા નાખો નહી આપે માફી માગવાની જરૂર નથી જે બન્યુ તેમા આપનો મુદ્દલ દોષ નથી,. પણ આપણા ગ્રહયોગનોજ દોષ છે હવે પાછલી વાતનો પસ્તાવો કરવાથી કંઇ પણ ફાયદો નથી " ગુણવતીએ હીમત આપતા જણાવ્યુ "તમે કોઇ પણ વાતે ચીંતા કરશો નહી, મુંજાશો ! નહી કે ગભરાશો નહી આપણે હળી મળીને રહીશું અને આપણે ગૃહસસાર સુખેથી ચલાવીશુ '

"પણ સુખેથી સસાર ચલાવવાનુ .સાધન રહ્યુ નથી" સપાટીદાસે મુશ્કેલી દશાવતા કહ્યુ" નવીની પાછળ મે મારી ઘણી ખરી પુજીની બરબાદી કરી નાખી છે હવે તો માત્ર આ એક રહેવાનુ મકાન અને હજાર પદરસો રૂપીઆના દાગીના સીવાય બીજુ કશુ નથી વળી બે ત્રણ હજાર રૂપીઆનુ કરજ પણ હજી આપવાનુ માથે છે" સપાટીદાસે સતાપ કરતા કહ્યુ "કરજ કયાથી આપવુ અને ઘર ખરચ પણ કેવી રીતે ચલાવવો તેના પરિતાપમા હુ પડેલો છુ આવકનો પણ કોઇ રસ્તો રહયો નથી"

"તમે આમ 'નાહીંમત ન થાઓ. પરમેશ્વર સૌ રૂડાવાનાં કરશે. ગુણવતીએ સુજ્ઞતાપુર્વક કહ્યુ "તમારી પાસે જે પણ થોડાક દાગીના છે તેમજ મારા પલ્લાની કેટલીક જણસો છે તે વેચીને તમામ કરજ પતાવી શકાશે. બાદ ચાલુ ખરચની

બાબતમા પણ કઈ રસ્તા ભગવત્ત દેખાડશેજ. એ બાબતમાં આપણે શાંતીથી વિચાર કરીશુ હાલ તરત તો મગજને શાન રાખો અને ચિતા કરવાનુ છોડી દો ચિતા કરવાથી તો ઓર ચતુરાઇ ઘટે છે માટે મગજ ને પ્રફુલ્લીત રાખો કે જેથી મગજ શકતી પણ અવશ્ય ખીલશે"

"પણ જ્યા સુધી શાતીનો સમય પ્રભુ આપે નહી ત્યા સુધી શાતિ સમજાય પણ કેમ ?" સપાટીદાસે પુછયુ "તારી લાય કીથી કરજ તો જાણે ફીટાવી શકાશે પણ આપણો તમામ ખરચ કેવી રીતે નભાવાશે ? '

"હુ આપને કહી ચુકી છુ કે તે બાબતમા પણ આપ કશી ચીંતા કરશો નહીં ખરચ નભાવવાના ઉપાય પણ મનુષ્ય માત્રને મળી શકે છે

"વળી આપણે કઈ ઉડાઉ ખરચો કરવા નથી આપણે તો સાદાઇમા આનદે રહીશુ અને યોગ્ય કરકસરથી ખર્ચ કરીશુ તો પચાસ રૂપીઆ દર માસે આપણને જોઇશે " ગુણવતીએ સલાહ આપી " કંઇ ખોટા ખરચો રાખવાની જરૂર નથી રામા ઘાટીનો ખરચ પણ ખરૂ પુછો તો નહી રાખવો જોઇએ. પરતુ એ બિચારો ઘણા વરસો થયા માત્ર આપણીજ નોકરીમા રહ્યા છે અને એના જેવો બીજો નીમકહલાલ માણસ પણ ભાગ્યેજ મળી શકે તેમ છે, માટે એને તો આપણે નભાવીજ રાખીશું' એ આપણા ઘરનો ખરેખરો શુભેચ્છક છે અને એનો ખરચ કાઈ ભારે પડે તેમ નથી. માત્ર એટલુજ કે ગાડી ઘોડાનો ખર્ચ તો આપે કાઢી નાખવોજ જોઇએ."

તારૂ કહેવુ ખરૂ છે ગાડી ઘોડા રાખવાની જરૂર તો નથીજ, પણ મુદ્દાની વાત એ છે કે જો ગાડી ઘોડા કાઢી નાખીશુ તો તેથી લોકોના મારે માટે એમજ કહેવાશે કે પૈસા ખુટયા એટલે ગાડી ઘોડા પણ છુટયા, આવી રીતે બાધેલો ભરમ ભાગી જશે અને મરી આબરૂને ધોકો પહોચશે તેમ છતા ગાડી ઘોડાનો ખર્ચ નહીજ નભાવી શકાય તો પછી તેને પણ વેચી નાખીશુ "

"વારૂ જોઇશુ " હાલ તરત તો કઇ ભાગફોડ કરવાની જરૂર નથી " ગુણવતીએ પોતાના મનની વાત વીદીત કરતા સમજાવ્યુ કે ' મને ભરત કામ અતિ સરસ આવડે છે અને હુ જરીનુ ભરત કામ કરીને દર મહીને સો રૂપીઆ તો ખુશીથી પેદા કરીશ ગાડીઘોડા સાથે દર માસે સોથી સવા સો રૂપીઆમા આપણે કરકસર કરીને પણ નભાવી લઇશુ એટલામા વળી શ્રી હરી છે સદાચરણથી ચાલીશુ અને ખત ગખી મહેનત કરીશુ તો પરમેશ્વર આપણો દહાડો ફેરવશે સદાચાર અને સાદાઇ પ્રભુને પણ પ્રિય છે હુ તો એ વાતની એકજ વાતજ કહુ છુ કે આપ કીંચીત પણ ગભરશો નહી મારૂ ચાલશે ત્યા સુધી તો હુ આપને આનદમાજ રાખીશ મે તો એટલે સુધી વિચાર રાખ્યો છે કે જરીના ભરત કામનુ એક કારખાનુ આપણે ઘરમા કાઢવુ હાલ તરત નાના પાયાપર તે શરૂ કરીશુ અને ધીમે ધીમે તેને વધારતા જઇશુ તો તેમાથી આપણે સારી કમાઇ કરી શકીશુ " ઠીક, જેમ તને યોગ્ય લાગે તેમ

ખરૂં. સપાટીદાસે પોતાની છાતીએ હાથ પંપાળતા કહ્યું "આખરે દુ:ખના વખતમાં તો તું જ મદદગાર મળી છે."

"પ્રાણનાથ, એ બધા વિચારોજ ભુલી જાઓ, અને માત્ર ધીરજ રાખો" આમ કહી ગુણવતીએ તરતજ તે ઓરડામાં સાફસુફ કરવા માંડયું અને રામાને બોલાવીને તેને પણ યોગ્ય વાત કહી સમજાવી. તે પછી જરીકામના એક વેપારીને રામા મારફતે બોલાવ્યો અને તેની પાસે ઝીક ચળકના ભરત કામની કોરો ભરવાને કેટલીક કોરો લીધી. તે કામ તેણીએ ખુબ ખંતથી ચલાવવા માંડયું અને ધારવા પ્રમાણે તેવી કોરો બનાવીને વેચવાનો વેપાર પણ શરૂ કીધો. આથી આવકનો માર્ગ ઘણી સારી રીતે મળી શકયો અને સપાટીદાસની પુન: ઉન્નતી થવા માંડી.

ગુલાબ ૨૦ મું.

દોહરો

દિવસ દુખેલીનો ફર્યો, ગુણવતીની સાહ્ય,
સુવાસ તો છુપે નહી, સુજ્ઞપણું સમજાય.

સુવાસની સાફલ્યતા.

ગુણવતીએ પોતે જરીનું કામ ભરવાનો ઉદ્યોગ ચાલુ કર્યા પછી તેણીએ ધીમે ધીમે પોતાના મહોલ્લાની કેટલીક બાળાઓ અને યુવતીઓને પણ તેજ હુન્નર શીખવવા માંડયો અને તે શીખવવા માટે ટુંક મુદતમાંજ આશરે ૨૫ બાળાઓ

અને યુવતીઓ ત્યા જમા થઈ ગઇ આ પ્રમાણેની ભરતી કરીને ગુણવતીએ પોતે તો માત્ર તે સર્વને ભરતકામ શીખવવાનુજ રાખ્યુ જો કે તેણીઓ પાસે જે કામ કરાવતી હતી તે બદલ ગુણવતી તેણીઓને કામના પ્રમાણમા અમુક પૈસા તો આપતીજ હતી, તોપણ સર્વ શીખાઉ છોકરીઓ પાસેથી તેણી જે કામ લેતી હતી તે કામમા ગુણવતીને ઘણો નફો મળવા લાગ્યો પોતે તેણીઓને માથે રહીને તેણીઓના કામકાજ પર દેખરેખ રાખતી અને સરેરાસ એક મહિનામાં લગભગ ત્રીસ સાડીની નાની મોટી કોરો ઉભી થઇ શકતી હતી તે સર્વ કોરો તેણી જરીના જુદા જુદા વેપારીઓને વેચતી અને તેમાથી તેણી લગભગ ૪૦૦ થી ૫૦૦ રૂપીઆ દર માસે નફો મેળવી શકતી હતી એક તો જરીકામમા નફો મળે, બીજુ શીખાઉ છોકરીઓ પાસેથી ભરતકામ કરાવ્યાથી મજુરી પણ ઘણી કમી થાય અને ત્રીજુ ગુણવતી પોતાના બુધ્ધિબળથી તદ્દન નવી નવી ફેશનની કોરો ભરીને બ્હાર પાડતી હોવાથી તેના દામ પણ મો માગ્યા ઉપજતા હતા અને તેથીજ તે દર માસે રૂા. ૪૦૦ થી ૫૦૦ સહેલાઇથી મેળવી શકતી હતી ભરત કામ ખાતાની તમામ વ્યવસ્થા ગુણવતી કરતી હતી અને તેને લગતા હીસાબનુ નામુ રાખવાનુ કામ સપાટીદાસ ચલાવતો હતો આ પ્રમાણે ગુણવતીએ જરીકામનો ધધો ધમધોકાર ચલાવ્યાથી દીન પ્રતિદીન આવક પણ વધતીજ ગઇ અને તેમા દર માસે આશરે રૂપીઆ એક હજાર જેટલો નફો પણ મેળવવા લાગી તે રૂપીઆ એક હજારમાથી ગાડી ઘોડા અને ઘર ખર્ચ કરતા દર માસે

રૂપીઆ ૭૦૦ ના આશરેનો બચાવ થવા લાગ્યો આ પ્રમાણે આવી સારી રકમનો બચાવ થવા માંડયાથી સપાટીદાસની પૈસા સબંધેની સ્થિતિ પણ ટુંક સમયમા સુધરવા લાગી

નવસારીમા દુધેલી મહેનત મજુરી કરીને દિવસો ગુજારતી હતી, પરન્તુ તેણીને આશ્રય આપનાર જગા તથા માણકીના હૃદયમા એવી જીજ્ઞાસા ઉત્પન્ન થઈ હતી કે કોઈપણ પ્રકારે દુધેલીને તેણીના પતિ સાથે મેળવી તેણીનુ ભલુ કરવુ આ હેતુથી જગાએ એક દિવસે દુધેલીને પુછયુ છોકરી, હુ આજે સુરત જવાનો છુ અને મારો વિચાર છે કે તારા પતીને મળુ અને તારા સબધમા તેને મારે જે કહેવુ ઘટે તે પણ કહેવુ મારાથી બનશે ત્યા સુધી તેની સાથે હુ તારા મળતાવિષે કરીજ આપીશ માટે બોલ તારી મરજી તારા પતિને ઘેર જઇ રહેવાની છે કે કેમ ?"

"મુરબ્બીજી, હુ તો અબઘડી તેમની સાથે રહેવાને તૈયાર છુ." દુધેલીએ ખુશીથી જણાવ્યુ 'એટલુ જો તમે કરી આપો તો હુ તેનો ઉપકાર જીવતા સુધી ભુલવાની નથી"

ઠીક ત્યારે તારા પતિનુ ઠામ ઠેકાણુ મને જણાવ કે હુ તેને મળુ," જગાએ એમ કહી એક કાગળ ઉપર દુધેલીના કહેવા પ્રમાણે સપાટીદાશના રહેવાના મકાનનો પતો લખી લીધો અને તે પછી તેજ બપોરની ગાડીમા બેસીને તે સુરત આવ્યો

જગાએ સુરતના સ્ટેશને ઉતરતાની સાથેજ સપાટીદાશનુ મકાન શોધી કાઢયુ અને તેના મકાનમા તે પ્રવેશ્યો. તેને

જોતાજ સપાટીદાને તેમજ ગુણવતીએ તો એમ ધારી લીધુ કે "કઈ સાડીની કોર લેવા એ આવ્યો હશે "

"કેમ ભાઈ શુ ફરમાવ્ય છે" સપાટીદાસે જગાને આવકાર આપી ગાદીપર બેસાડીને પુછ્યુ "તમારે સાડીની તૈયાર કોર લેવી છે કે કોર ભગવવાનો ઓર્ડર આપવો છે?"

"ભાઈ સાહેબ, હુ કઈપણ ખરીદી કરવા આવ્યો નથી, પરંતુ આપની સાથે એક ચોક્કસ વાત કરવાનેજ આવ્યો છુ" જગાએ નમ્રતાથી જણાવ્યુ ' આપ જો મહેરબાની કરીને થોડીક ફુરસદ લો તો મારે જે આપને કહેવુ છે તે કહુ "

"ઘણી ખુશીથી કહો" આમ કહી સપાટીદાસે ગુણવતીને ઈસારત કરી પોતાની પાસે બેસાડી, અને તે જગા પ્રત્યે બોલ્યો" આ તો મારા પત્ની છે માટે તમારે જે વાત કરવી હોય તે કરતા ખચાશો નહીં "

"વાહ આનદની વાત મારે જે વાત કરવાની છે તે તમો બને પ્રત્યે કરવાની છે" આમ કહી જગાએ સપાટીદાસ પ્રત્યે પુછ્યુ " આ બ્હેનનુ નામ ગુણવતીબાઇ છેની ?"

"હા," સપાટીદાસે ચકીત થઇ પુછ્યુ "તમે એનુ નામ કયાથી જાણ્યુ ?"

' એ બધો ખુલાશો હુ હમણાજ કહી સંભળાવુ " આમ કહી જગાએ દુધેલીના સબધમા બનેલી બીના અતીથી ઈતી સુધી કહી સભળાવી અને છેવટે તે ગામડીઆને હાથ જોડીને સુચના કરી કે " દુધેલીની અવિચારી વર્તણુક વીશે વિચાર તો આવ્યો હશે પણ તેણી નાદાન છે એમ સમજીને તમારે તેણીની તદન ભુલ માફ કરવી જોઇએ. હમણા તેણી

પોતે એક મજુરણ તરીકે કામ કરે છે, તે જોઈ મને પોતાને તેણીની દયા આવે છે, તો તે જોઈ તમને પણ તેણીની દયા આવે એ સ્વભાવીક છે વળી તેણીએ જે ભુલ કરી છે તે પોતાની અકકલથી કરી નથી, પણ તમારા કોઇ મીત્રના ભમાવ્યાથીજ તેણી ભમી અને તેથીજ તેણી દુખી પણ થઇ ગઇ છે. આ વગેરે લખાણથી જગાએ દુધેલીને લગતી તમામ હકીકત કહી સંભળાવી સપાટીદાસ પણ જગાની વાત સાંભળીને સડક થઇ ગયો અને તેણે ગુણવતીનો વિચાર લેવા માટે ગુણવતીની સામુ જોયુ

"પ્રાણનાથ! વિશેષ વિચાર કરવા જેવુ કશુ નથી" ગુણવતીએ પણ હૃદયની ભલી ભાવનાથી જણાવ્યુ "કોઇપણ રીતે બિચારીને અહીં બોલાવી લેવી જોઇએ આપે તેણીની સાથે લગ્ન કીધા છે અને તેણીનો હાથ ઝાલ્યો છે તો તેણીને જીવતા સુધી પાળવી એ આપણો ધર્મ છે વળી તેણીને મારે પણ સમજાવવી એ મારો ધર્મ છે અમે આપની પત્નીઓ હળીમળીને રહીશુ તે વિષે કીચીત પણ શક રાખશો નહી. આપ જો આજ્ઞા કરતા હો તો હું રામાન લઇને નવસારી જાઉ અને તેણીને અહીં બોલાવી લાવુ"

"તમો જો મારી સાથે સાથે નવશારી પધારો તો વળી વધારે સારુ" જગાએ વીનયપૂર્વક જણાવ્યુ "જો તેમ ન બને તો હું પોતે તેણીને અહીં લાવુ તમને નાહકની તસ્દી આપવી એ તો મને ઠીક લાગતુ નથી. સપાટીદાસે જગાને સમજાવીને કહ્યુ "તમે અહીં સુધી આવવાની જે તસ્દી લીધી

છે તે માટે તમારો ઉપકાર માનું છુ એવી વારવાર તસ્દી આ પ્રમાણે આપવી એ વાજબી ગણાય નહી ”

“તમને વીશેષ તસ્દી ન આપવી જોઇએ સાજની ગાડીમા હુ મારા ઘાટીને તેડીને તમારી સાથે નવસારી આવીશ અને રાત્રીની ગાડીમા દુધેલીને લઇને પાછો ફરીશ ” “એક રાત ગરીબને ત્યા રહી મારૂ ઘર પાવન કરશો તો હુ વિશેષ ખુશી થઇશ. આપના જેવા સારા માણસના પગલા મારે ત્યા થાય તેમા હુ પોતે નસીબદારજ માનીશ.’

આ પ્રમાણે વાતચીત કીધા પછી ગુણવતીએ રામાને બોલાવી જગાને માટે ચાહ તેમજ નાસ્તાની વ્યવસ્થા કરાવી અને જગનો ઘણો સા । સત્કાર કીધો

તેજ સાજના રામો તથા ગુણવંતી જગાની સાથે નવસારી ગયા, અને તેજ રાતના રામો તથા ગુણવતી દુધેલીને લઇને પાછા સુરત આવી પહોચ્યા સુરત આવ્યા બાદ દુધેલીએ પોતાના પર વિતેલી તમામ વાત વીગતે કહી સભળાવી જે સાભળીને સપાટીદાસ ગુણવતી અને રામો એટલુજ કહેવા લાગ્યા કે “ બનનારી તે બની ગઇ જેવો ગૃહનો યોગ હતો તેમ બન્યુ કહેવત છે કે “ રાજા દડે ત આખુ ગામ જાણે પણ ગૃહ દંડે તો કોઇ ન જાણે ” માટે ગઇ ગુજરી વાતને ભુલી જઇ સુખેથી આ ઘરમા હળીમળીને રહો અને આનદ કરો. દુષ્ટ ગોટાળાશંકરે ભલે પોતાની દુષ્ટતાનો ઉપયોગ કરી બતાવ્યો, પરતુ પરમેશ્વરે તેની પણ બુરી દશાજ કરી બતાવી છે તે પોતાના ઘરમા અગ્ની કોપ થતાજ બળી મુઓ છે અને તેનુ નિકદન નીકળી ગયુ છે ’

આ વગેરે વાતચીત કરીને, સપાટીદાસે, ગુણવંતીએ અને રામાએ દુધેલીને દીલોજાનીથી દીલાસો આપ્યો અને ખાસ કરીને ગુણવંતીએ તેણી પ્રત્યે જણાવ્યુ કે "તમે કીચીત પણ દુઃખ મનમા રાખશો નહી હુ ને તમે બેનો બરાબર રહીશુ અને આપણા સ્વામીને આપણ આનંદ આપીશુ"

આ પ્રમાણે ગુણી ગુણવંતી ગુલાબના પુષ્પ સમાન સુવાસીત નીવડી, અને તેણી એક ગામડાનુ ગુણવાન ગુલાબ છે એવુ પોતાના પવિત્ર વર્તનથી સિદ્ધ કરી આપ્યુ

સમાપ્ત.